MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । રવિવાર । તા. ૨૨-૦૩-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 તાતા ગ્રુપ તમામ બિનકાયમી કર્મચારીઓને માર્ચ-એપ્રિલનો પૂરો પગાર આપશે

5 કોરોનાને લઇને બેદરકારી દાખવવાનો આરોપ - કોરોના વાયરસઃ કનિકા કપૂર વિરુદ્ધ એફઆઇઆર દાખલ


7 કોરોનાની અસરે લોકડાઉનનો ડર, ચીજવસ્તુ ખરીદવા બજારો ઉભરાયા

11 કઠવાડાના ખેડૂતના ફળદ્રુપ ખેતરમાં અજાણ્યા ઇસમો કેમિકલના ઢગલા ખાલવી જતા ખેડૂતોમાં ભારે રોષ

કોરોના વાયરસના વધુ છ પોઝિટિવ કેસ નોંધાતા લોકોમાં ફફડાટ

રાજ્યમાં કોરોનાના ૧૩ કેસઃ આજે જનતા કર્ફ્યૂ

પ્લીઝ, આજે જનતા કર્ફ્યૂનું પાલન કરજો...!, ૧૩માંથી ૧૨ કેસ વિદેશથી આવેલા લોકોમાં જોવા મળ્યા, ચાર શહેરોમાં આઈસોલેટ હોસ્પિટલ ઉભી કરાશેઃ રૂપાણી



● અમદાવાદમાં ૬, વડોદરા ૩, સુરત-૩,રાજકોટ-ગાંધીનગર ૧-૧ કેસ ● આપણે અત્યારે ફેઝ ૨ અને ત્રણની વચ્ચે, સાવચેતી જરૂરીઃ મુખ્યમંત્રી ● શ્રીલંકાથી પરત ફરેલી વડોદરાની વધુ એક વ્યક્તિ કોરોના વાયરસની લપેટમાં,દર્દીના સંપર્કમાં રહેલા સાત વ્યક્તિઓને પણ ઓબ્ઝર્વેશન હેઠળ રખાયા ● સોશિયલ મીડિયામાં કોરોના અંગે કે કોઈ અન્ય વાંધાજનક મેસેજ કે લખાણ ફેલાવનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશેઃગૃહમંત્રી ● જનતા કર્ફ્યુ પહેલાં જ અમદાવાદ સહિત અન્ય શહેરોમાં રસ્તાઓ સૂમસામ, લોકોએ ખરીદી માટે પડાપડી કરતાં આવશ્યક ચીજવસ્તુઓના ભાવોમાં વધારો

ગાંધીનગર

વૈશ્વિક મહામારી કોરોના વાઈરસથી દુનિયાના અનેક દેશોમાં હાહાકાર મચ્યો છે અને ભારતમાં પણ આ રોગથી લોકોને બચાવવા કેન્દ્ર સરકારે આવતીકાલ ૨૨ માર્ચના રોજ એક દિવસનો જનતા કર્ફ્યુ જાહેર કર્યો છે ત્યારે બીજી તરફ ગુજરાતમાં પણ એકાએક આ રોગના કેસો ઝડપથી વધી રહ્યાં હોય તેમ કુલ ૧૩ પોઝીટીવ કેસો મળી આવતાં રૂપાણી સરકારે યુધ્ધના ધોરણે કામગીરી હાથ ધરીને અમદાવાદ સહિત ચાર મુખ્ય શહેરોમાં કોરોના માટે અલગ આઈસોલેટ હોસ્પિટલ બનાવવાની જાહેરાત કરીને રાજ્યના સૌ નાગરિકોને કાલે જનતા કર્ફ્યુનું પાલન કરીને

અનુ. પાના નં. ૬ પર

ઈટાલીમાં મૃત્યુઆંક ૪૦૦૦ને પાર

ઈટાલીમાં ૨૪ કલાકમાં ૬૦૦થી વધુ લોકોના મોત

રોમ

સમગ્ર વિશ્વને ભરડામાં લેનારા કોરોના વાયરસના કારણે વાયરસના જનક ચીન કરતાં પણ યૂરોપના દેશ ઈટાલીની સ્થિતિ દયનીય છે. ઈટાલીમાં પાછલા ૨૪ કલાકમાં કોરોના વાયરસના કારણે ૬૨૭ લોકોનાં મોત થયા છે જ્યારે દેશનો કુલ મૃતાંક ૪૦૩૨ થતાં હાહાકાર મચી ગયો છે. સ્થિતિ એટલી ગંભીર છે કે ઈટાલીમં દફનવિધિ કરવા માટે કબ્રસ્તાનો ખૂટી પડ્યા છે. સામાન્ય પ્રજા ઘરમાં તાળાબંધીમાં છે ત્યારે સેનાએ દફનવિધિ કરવા માટે મેદાને ઉતરવું પડ્યું છે.

કોરોના વાયરસથી પીડાતા જગતમાં ઈટાલીમાં માનવ ખુંવારી થઈ છે. ઈટાલીમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૨૭ મોત થતા કુલ મૃત્યુઆંક ૪,૦૦૦ પાર થઈ ૪,૦૩૨ થયો છે. ઈરાનમાં વધુ ૧૪૯ લોકોના મોત થયા છે. સ્પેનમાં પણ છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૨૧૨ લોકોના મોત થતા કુલ

અનુ. પાના નં. ૬ પર

અમેરિકાના ઉપરરાષ્ટ્રપતિ માઈક પેંસ કોરોના વાયરસની ચપેટમાં

વૉશિંગ્ટન

અમેરિકાનાં ઉપરાષ્ટ્રપતિ માઇક પેંસનાં એક સ્ટાફને કોરોના વાયરસનું સંક્રમણ થયું છે. ઉપરાષ્ટ્રપતિની ઓફિસમાં પોઇન્ટમેન તરીકે તહેનાત આ વ્યક્તિ વોશિંગટનમાં કોરોના વાયરસનાં કેસની તપાસ કરી રહ્યાં હતાં. એક પ્રવક્તાનાં જણાવ્યાં પ્રમાણે, તેમના ટેસ્ટમાં કોરોના વાયરસથી સંક્રમિતનો રિપોર્ટ આવ્યો છે. જોકે, ઉપરાષ્ટ્રપતિનાં સેકેટરી કેટી મિલરે જણાવ્યું કે, સંક્રમિત કર્મી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ કે ઉપરાષ્ટ્રપતિ માઇક પેન્સનાં સંપર્કમાં આવ્યાં ન હતાં. તેમના સંપર્કમાં જે કોઇપણ આવ્યાં છે.

કોરોનાના કારણે વૈશ્વિક અર્થતંત્ર પર અતિગંભીર અસર પડશેઃ IMF

વૉશિંગ્ટન

દુનિયા અત્યારે વૈશ્વિક મહામાહી કોરોના વાયરસના પ્રકોપ સામે ઝઝૂમી રહી છે. ચીનથી નીકળેલ આ જાનલેવા વાયરસે લગભગ ૧૪૫ દેશોને પોતાની ચપેટમાં લીધા છે. આ મહામારીથી અત્યાર સુધી ૧૦ હજારથી વધુ લોકોના જીવ જઈ ચૂક્યા છે જેના કારણે દુનિયાભરની સરકારો ફફડાટમાં છે. કામકાજ, વૈશ્વિક વેપાર ત્યાં સુધી કે ઘણી ઈટલી જેવા દેશોએ ખુદને સંપૂર્ણપણે બંધ કરી લીધા છે. આ બધાનો પ્રભાવ વૈશ્વિક અર્થવ્યવસ્થા પર પણ પડી રહ્યો છે જે આવનારી મોટી મંદી તરફ દુનિયાને ધકેલી રહ્યો છે.

આંતરરાષ્ટ્રીય મુદ્રાકોણના એક વરિષ્ઠ અધિકારીએ શુક્રવારે આ ચેતવણી આપતા કહ્યુ કે વૈશ્વિક કોરોના વાયરસ મહામારીનો પ્રભાવ ઘણો ગંભીર હશે પરંતુ એક લાંબી વિસ્તાર સમય અને ઉચ્ચ રોજગાર દરનો અર્થ છે કે વૈશ્વિક અર્થવ્યવસ્થાને વર્તમાન સ્થિતિમાં મોટો ઝટકો મળી શકે છે. આઈએમએફની રણવીતિ અન સમીક્ષા વિભાગના પ્રમુખ માર્ટિન મુહેલેસેને એક ઈન્ટરવ્યુમાં આગળ કહ્યુ, અત્યારે સરકારોનુ મુખ્ય લક્ષ્ય આ રીતની મહામારીના વિસ્તારને સીમિત

અનુ. પાના નં. ૬ પર

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

વિશ્વમાં કુલ ૨.૭૫ લાખથી વધુ લોકો વાયરસથી સંક્રમિત

દુનિયાભરમાં કોરોનાનો કાળો કેરઃ ૧૧ હજારથી વધુ લોકોના મોત

અમેરિકામાં વધુ ૧૯ના મોત સાથે કુલ મૃત્યુઆંક ૨૭૫ થયો, પાકિસ્તાનમાં ૫૦૦ લોકો વાયરસની ચપેટમાં, ફ્રાન્સમાં ૨૪ કલાકમાં કોરોનાના ૧૬૦૦ કેસ નોંધાયા

વૉશિંગ્ટન/બીજિંગ

વિશ્વભરમાં કોરોના વાઈરસના સંક્રમણે ભયાનક સ્વરૂપ ધારણ કર્યું છે. સંક્રમણ અત્યાર સુધીમાં કુલ ૧૮૫ દેશમાં ફેલાઈ ચુક્યું છે. શનિવાર સવાર સુધીમાં કુલ કેસનો આંક ૨૭૬,૫૫૦ થયો છે અને ૧૧,૪૧૭ લોકોના મોત થયા છે. સારી વાત એ છે કે ૯૧,૯૫૪ લોકો સાજા થયા છે. અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ માઈક પેન્સનો એક સ્ટાફર પણ સંક્રમિત થયો છે. યુરોપનું વુહાન બની ચુકેલા ઈટાલીમાં અત્યાર સુધીમાં કુલ ૪૦૩૨ લોકોએ જીવ ગુમાવ્યા છે. ઈરાનમાં કોરોનાનો પ્રકોપ જારી છે. ઈરાનમાં મૃત્યુઆંક વધીને ૧,૪૩૩ થઈ ગયો છે ત્યારે ૧૯,૬૪૪ લોકો વાઈરસથી સંક્રમિત થયા છે. ઈટાલી અને ઈરાન સાથે સ્પેનમાં પણ કોરોના વાઈરસની ગંભીર અસર જોવા મળી છે. સ્પેનમાં કોરોનાને લીધે અત્યાર સુધીમાં ૧૦૯૩ લોકોના મોત થયા છે. જ્યારે ૨૧,૫૭૧ લોકો સંક્રમિત થયા છે. દક્ષિણ કોરિયામાં પણ મૃત્યુઆંક વધીને ૧૦૨ થયો છે અને સંક્રમિતોની સંખ્યા ૮,૭૯૯ થઈ છે.

અનુ. પાના નં. ૬ પર

રોમમાં ફસાયેલા વિદ્યાર્થીઓને લઈ આજે એર ઈન્ડિયાનું વિમાન પરત ફરશે

એર ઈન્ડિયાનું ૭૮૭ ડ્રીમલાઈનર વિમાન ઈટાલીથી રોમમાં ફસાયેલા ભારતીય વિદ્યાર્થીઓને કાઢવા માટે રોમ જશે. આ વિમાન કાલે સવારે દિલ્હી પરત ફરશે. ૨૨ માર્ચના રોજ જનતા કર્ફ્યુના સમર્થનમાં ગો એરે તેમની દરેક ફ્લાઈટ કેન્સલ કરી છે. ઈન્ડિગોએ તેમની ઉડાન ઘટાડવાની જાહેરાત કરી છે.

Negative ion Bracelet

Positive ions are absorbed into the body from cell phones, wireless technology, electrical devices and pollution on a daily basis, causing severe damage on a cellular level. Positive ions are said to interfere with our natural balance and can lead to tiredness, lack of concentration and muscle fatigue.



MRP 1499/-

નેગેટીવ ion બ્રેસલેટ

પોઝિટિવ IONS સેલ ફોન્સ, વાયરલેસ ટેકનોલોજી, ઇલેક્ટ્રિકલ ડિવાઇસીસ અને દૈનિક ધોરણે ઉપયોગ પ્રદૂષણથી આપણા શરીરમાં સમાઈ જાય છે, જેનાથી આપણા બેલન્સને ભારે નુકસાન થાય છે. સકારાત્મક આયન આપણા કુદરતી સંતુલનમાં દખલ ઉભી કરે છે અને તે થાક, એકાગ્રતા અને સ્નાયુઓને જકડાવી થાક તરફ દોરી શકે છે.જેનાથી બચવા નેગેટિવ આયર્ન બેલ્ટ આ સમસ્યા નિવારી આરોગ્ય સુધારે છે

ફ્રી



નેગેટીવ ion બ્રેસલેટ ઓનલાઈન અને અન્ય કંપનીમાં ૫૦૦૦/-થી વધારે કિંમતમાં મળે છે
જ્યારે અહી ફક્ત રૂા. ૧૪૯૯/-માં મળશે. (હોમ ડિલીવરી)
સાથે મોબાઇલ એન્ટીરેડીએશન ચીપ તદ્દન મફત

ડિલરશીપ મેળવવા માટે સંપર્ક કરો
Market4u
9978406257

Payment : 9825318225 paytm, phone pe, gpay કરી પેમેન્ટનો ફોટો તથા આપનું પિનકોડ સાથેનું પૂરુ સરનામું 9978406257 પર વોટ્સઅપ કરો.
બેંક ખાતામાં પણ પેમેન્ટ કરી શકો છો : Dhananjay u. Zaveri - Ac No. 10373843634,
State Bank of India, Ifsc code SBIN0009164, Pritam nagar Branch Bharuch 392002

સેનિટાઇઝરની ૨૦૦ એમએલની બોટલની કિંમત ૧૦૦થી વધુ નહીં હોય

કાળા બજાર પર રોકઃ સરકારે સેનિટાઇઝર, માસ્કના ભાવ નક્કી કર્યા

ન્યુ દિલ્હી

કોરોના વાઇરસને ફેલાતો અટકાવવા માટે સરકાર દેશભરમાં સજાગતા અભિયાન ચલાવી રહી છે, ત્યારે લોકો પણ આ રોગ સામે લડવા માટે સાવધાનીરૂપે બધાં ઘરના સભ્યો માટે માસ્ક અને સેનેટાઇઝરની ખરીદી કરી રહ્યા છે. પરંતુ બજારમાં માસ્ક અને સેનિટાઇઝરની કૃત્રિમ અછત ઊભી કરીને કેટલાય વેપારીઓ બજાર કિંમતથી ઘણી ઊંચી કિંમતે આ વસ્તુઓ વેચી રહ્યા છે. જેથી કેન્દ્ર સરકારે દેશમાં વેચાતા સેનિટાઇઝર અને માસ્કની છૂટક કિંમતો નક્કી કરી દીધી છે. કન્ઝ્યુમર બાબતોના પ્રધાન રામ વિલાસ પાસવાને ટવીટ કરીને આ માહિતી આપી હતી. વળી, તેમણે એ પણ કહ્યું હતું કે સરકારે જે કિંમતો નક્કી કરી છે એ ૩૦ જૂન, ૨૦૨૦ સુધી અમલમાં રહેશે.

દેશભરમાં કોરોના વાઇરસ પ્રસરતાં દેશમાં સેનિટાઇઝર અને માસ્કની માગમાં અચાનક ઉછાલો આવ્યો હતો. જેથી કેટલાય વેપારીઓએ એનું બ્લેક માર્કેટિંગ શરૂ કર્યું છે અથવા તો એની ખૂબ ઊંચી કિંમત વસૂલી રહ્યા છે. જે સેનિટાઇઝર પહેલાં રૂ. ૭૦થી રૂ. ૮૦માં વેચાતા હતા, એ હવે રૂ. ૨૫૦ની કિંમતે વેચાઈ રહ્યા છે. બજારમાં કેટલાંય નકલી ઉત્પાદનો પણ આવી ગયાં છે. આ જ રીતે રૂ. ૫૦માં વેચાતા માસ્કની કિંમત વધીને રૂ. ૨૦૦થી રૂ. ૩૦૦ સુધી પહોંચી ગઈ છે.

કેન્દ્રીય પ્રધાન રામ વિલાસ પાસવાને ત્રણ ટ્વીટ કર્યા હતા. જેમાં લખ્યું હતું કે કોરોના વાઇરસ #COVID19ના પ્રસરવાથી બજારમાં વિભિન્ન ફેસ માસ્ક, એના ઉત્પાદનમાં લાગતી સામગ્રી અને હેન્ડ સેનિટાઇઝરની કિંમતોમાં ભારે વધારો જોવા મળ્યો છે. સરકારે એને ગંભીરતાથી લઈને એની કિંમતો નક્કી કરી દીધી છે.

હેન્ડ સેનિટાઇઝરની 200ML બોટલની છૂટક કિંમત રૂ. ૧૦૦થી વધુ નહીં હોય. અન્ય આકારની બોટલોની કિંમત પણ આ જ રીતે રહેશે. વળી, આ કિંમતો ૩૦ જૂન, ૨૦૨૦ સુધી દેશઆખામાં લાગુ રહેશે. જ્યારે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ હેઠળ બે અને ત્રણ પ્લાય માસ્કમાં ઉપયોગમાં લેવાતા ફેબ્રિકની કિંમત પણ એ જ રહેશે, જે ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૦એ હતી. બે પ્લાય માસ્કની છૂટક કિંમત રૂ. ૮ અને ત્રણ પ્લાયની માસ્કની કિંમત રૂ. ૧૦થી વધુ નહીં હોય.

જબલપુરને બે દિવસ માટે લોકડાઉન કરાયું, મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૬૩ કેસ

ભારતમાં ફફડાટઃ કોરોના વાયરસના કેસ વધીને ૨૯૪

ન્યુ દિલ્હી

કોરોના વાઈરસનું ઈન્ફેક્શન હવે દેશમાં ગંભીર થઈ રહ્યું છે. શુક્રવારે દેશમાં સૌથી વધારે ૫૦ કેસ પોઝિટિવ આવ્યા છે. અત્યાર સુધી દેશમાં કુલ પોઝિટિવ કેસનો આંકડો ૨૯૪એ પહોંચી ગયો છે. દેશમાં આજે જ ૪૨ નવા કેસ સામે આવ્યા છે. તેમાંથી ૧૧ નવા કેસ મહારાષ્ટ્રના છે. જબલપુરને પણ બે દિવસ લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. કોરોનાથી ૪ લોકોના મોત થયા છે. ભારત સરકારની તરફથી લોકોને તેમના પ્રત્યે જાગૃત કરાઈ રહ્યા છે. ફેલાવતા રોકવા માટે કેટલાંય પગલાં ઉઠાવ્યા છે.

આંકડાની વાત કરીએ તો મહારાષ્ટ્રમાં ૬૩ કેસ, કેરળમાં ૩૩ જ્યારે દિલ્હીમાં ૨૫ કોરોના પોઝિટિવ કેસ સામે આવ્યાં છે. હાલ તો ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના મતે ૨૭૬ કોરોનાના પોઝિટિવ કેસ સામે આવ્યા છે. મહારાષ્ટ્ર, કેરળ સહિતના રાજ્યોમાં કોરોનાએ હાહાકાર મચાવી દીધો છે. આ દરમિયાન કર્ણાટકના ઉપમુખ્યમંત્રી સીએન અશ્વથ નારાયણે કહ્યું છે કે, રાજ્યમાં આઈટી કંપનીઓ તેમની ઓફિસ બંધ કરવા માટે તૈયાર છે. તેમણે કર્મચારીઓને ઘરેથી કામ કરવાની મંજૂરી આપી દીધી છે. મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૫૯ કેસ સામે આવ્યા છે.

કોરોના સાથે જોડાયેલી કોઈ માહિતી લેવા કે આપવા માટે હેલ્પલાઈન નંબર +૯૧-૧૧-૨૩૯૭૮૦૪૬ પર ફોન કરી શકો છો. આ સિવાય દરેક રાજ્યોએ પણ પોતાના હેલ્પલાઈન નંબર જાહેર કર્યા છે.

જ્યાં સુધી મારા કર્મચારીને પગાર નહીં મળે હું પણ નહીં લઉંઃ રાજીવ બજાજ

તાતા ગ્રુપ તમામ બિનકાયમી કર્મચારીઓને માર્ચ-એપ્રિલનો પૂરો પગાર આપશે

મુંબઈ

કોરોના વાયરસના વધતા મામલાના કારણે લોકોના નોકરી-ધંધા પર માઠી અસર પડી છે. ચારેય તરફ લોકો પોતાના ધંધા રોજગારને લઈને માથું પકડીને બેઠા છે. આ દરમિયાન તાતા ગ્રુપે જાહેરાત કરી છે કે તે દેશભરમાં આવેલી પોતાની દરેક કંપનીઓની પોતાની ઓફિસ અને મેન્યુફેક્ચરિંગ સાઈટ્સ પર કામ કરનારા બિનકાયમી કર્મચારીઓ તથા છૂટક મજૂરી કરનાર મજૂરોને પણ પૂરો પગાર ચૂકવશે.

તાતાની કેટલીક કંપનીઓ જેમ કે તાતા પ્રોજેક્ટ્સમાં મોટી સંખ્યામાં બનીકાયમી કર્મચારીઓ કન્સ્ટ્રક્શનના કામકાજ સાથે સંકળાયેલા છે. કોરોના વાયરસના વધતા જતા પ્રકોપન કારણે લોકોના ધંધાઓ પડી ભાંગ્યા છે. તેવામાં તાતા ગૃપ તરફથી કરવામાં આવેલી આ જાહેરાત અનેક કર્મચારીઓ માટે આનંદના સમાચાર લઈને આવી છે.

બજાજ ગૂપના રાજીવ બજાજે કહ્યું કે અમારા કોઈ પણ કર્મચારીઓને નોકરીમાંથી કાઢવામાં નહીં આવે અને જો આવા કોઈ સંજોગો બનશે તો પણ જ્યાં સુધી તમામ કર્મચારીઓનો પગાર ન થઈ જાય ત્યાં સુધી તેઓ પોતાનો પગાર નહીં સ્વીકારે. બજાજ ઓટોના એમડી રાજીવ બજાજ દેશના સૌથી વધારે પગાર લેતા અધિકારીઓમાંથી એક છે અને નાણાકીય વર્ષ ૨૦૧૯માં તેમને ૩૨ કરોડ રૂપિયા વાર્ષિક પગાર લેખે મળ્યા હતા.

ઓનલાઈન પેમેન્ટ એપ્લિકેશન કંપની પેટીએમના ફાઉન્ડર વિજય શેખર શર્મા પોતાની ઓફિસના કર્મચારીઓની મદદ કરવા માટે પોતાનો બે મહિનાનો પગાર નહીં લે. નોંધનીય છે કે વડાપ્રધાન મોદીએ તાજેતરમાં જ આવી કંપનીઓ અને ઓફિસને આવા પરીક્ષાના કપરા સમયમાં કોઈ પણ કર્મચારીના પગારમાં ઘટાડો કરવા કે કાપ નહીં મુકવા માટે અપીલ કરી હતી.

કોરોના વાયરસના કારણે બેન્ક કર્મીઓએ ૨૭ માર્ચની હડતાળ મોકૂફ રાખી

મુંબઈ

કોરોના વાઈરસના ફેલાવાને કારણે તેમજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કરેલી અપીલને પગલે બેન્ક કર્મચારીઓએ આવતી ૨૭ માર્ચે નિર્ધારિત એમની દેશવ્યાપી હડતાળને પડતી મૂકી દીધી છે.

દેશના બેન્કિંગ સેક્ટરમાં બે મોટા કર્મચારી યુનિયનો છે — ઓલ ઈન્ડિયા બેન્ક એમ્પલોઈઝ એસોસિએશન અને ઓલ ઈન્ડિયા બેન્ક ઓફિસર્સ એસોસિએશન.

આ બંને યુનિયને ૨૭ માર્ચની હડતાળને પડતી મૂકી દીધી હોવાની આજે જાહેરાત કરી છે. મેગા બેન્ક મર્જર્સ વિશે કેન્દ્ર સરકારના નિર્ણય તેમજ આઈડીબીઆઈ બેન્કનું ખાનગીકરણ કરવાની હિલચાલ સામેના વિરોધમાં બંને બેન્ક કર્મચારી સંગઠનોએ દેશવ્યાપી હડતાળનું એલાન કર્યું હતું. વડા પ્રધાન મોદીએ ગઈ કાલે ટીવી પર કરેલા દેશવ્યાપી સંબોધનમાં કરેલી અપીલને ધ્યાનમાં લઈને તેમજ કોરોના વાઈરસને કારણે દેશભરમાં ઊભી થયેલી ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં લઈને આ સંકટના સમયમાં લોકોની સાથે રહેવા માટે બેન્ક યુનિયનોએ હડતાળ પર ન જવાનું નક્કી કર્યું છે.

કેન્દ્રીય ગૃહમંત્રાલયે કર્યો નિર્ણય

એનસીસી સર્ટિફિકેટધારકોને બોનસ માર્ક્સ આપવામાં આવશે

ન્યુ દિલ્હી

સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સીસમાં સબઈન્સ્પેકટરો અને કોન્સ્ટેબલો માટેની સીધી ભરતીની પરીક્ષામાં એનસીસી સર્ટિફિકેટધારકોને બોનસ માર્ક્સ આપવામાં આવશે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે કહ્યું કે રાજ્યોના પોલીસ દળોમાં પણ એનસીસી સર્ટિફિકેટધારકોને પ્રોત્સાહન આપવા રાજય સરકારોને પણ કહેવામાં આવશે. ગૃહ મંત્રાલયના એક નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે જે રીતે સૈન્ય દળોની પરીક્ષામાં એનસીસી સર્ટિફિકેટધારકોને બોનસ માર્ક્સ આપવામાં આવે છે તે જ રીતે અર્ધલશ્કરી દળોમાં તેમને પ્રેફરન્સ આપવાનો નિર્ણય ગૃહપ્રધાન અમિત શાહે લીધો છે. આ નિર્ણયથી એનસીસીમાં જોડાવાની યુવાનોને પ્રેરણા મળશે તથા સીએપીએફ માટે શિસ્તબદ્ધ ટ્રેઈન્ડ યુવાનો ઉપલબ્ધ રહેશે. વડા પ્રધાન મોદી માને છે કે શિસ્ત, દૃઢતા અને રાષ્ટ્ર પ્રતિ સમર્પણની ભાવના સુદૃઢ કરવા એનસીસી ઉત્તમ મંચ છે. નેશનલ કેડેટ કોર ઍક્ટ ૧૯૪૮ હેઠળ એનસીસીની રચના કરવામાં આવી હતી. સૈન્ય દળોમાં ફરજ બજાવતા અધિકારીઓ દ્વારા કેડેટસને પ્રાથમિક સૈન્યદળની અને વેપન્સ ટ્રેઈનિંગ આપવામાં આવે છે. નિશ્ચિત સમયગાળા પછી તેમની પરીક્ષા લેવામાં આવે છે અને તે પછી તેમને સર્ટિફિકેટ આપવામાં આવે છે. પ્રથમ લેવલ પરીક્ષા પાસ કરનારાને 'એ' સર્ટિફિકેટ અને સેક્ધડ લેવલ પસાર કરનારાને 'બી' સર્ટિફિકેટ આપવામાં આવે છે. બી સર્ટિફિકેટ ધરાવનારા કેડેટસને જ સી સર્ટિફિકેટ આપવામાં આવે છે. સી સર્ટિફિકેટ મેળવવા અગાઉ કડક પરીક્ષા પાસ કરવી પડે છે.

ન્યૂઝીલેન્ડે વાયરસની જાણકારી આપવા એલર્ટ સિસ્ટમ લાગુ કરી

વેલિંગ્ટન

ન્યુઝીલેન્ડ સરકારે કોરોના વાઈરસની જાણકારી આપવા માટે એક એલર્ટ સિસ્ટમ લાગુ કરી છે. પ્રધાનમંત્રી જેસિંડા આર્ડર્ને શનિવારે એક સત્તાવાર સંદેશમાં આ અંગેની જાહેરાત કરી છે. આ એલર્ટ સિસ્ટમ એક આતંકવાદી હુમલાની માફક કામ કરશે. તેમા એલર્ટના ૪ લેવલ નક્કી કરવામાં આવ્યા છે. એલર્ટ વન સૌથી ઓછુ અને એલર્ટ ૪ સૌથી વધારે રહેશે. અત્યારે ન્યુઝીલેન્ડ એલર્ટ વન પર છે. જોકે અહી પણ નવા કેસ ઝડપથી સામે આવ્યા છે. જોકે ઓર્ડર્ને એમ પણ કહ્યું છે કે એલર્ટ લેવલ વધવાના સંજોગોમાં દવાઓ અને ભોજન સામગ્રીઓ જેવી આવશ્યક સેવા બંધ નહીં થાય. ન્યૂઝીલેન્ડમાં અત્યાર સુધીમાં ૫૩ કેસની પુષ્ટી થઈ ગઈ છે.

નાગપુરમાં ઘરની બહાર નિકળવા પર એક મહિનાની જેલ

નોઈડામાંથી એક કેસ પોઝિટીવ મળતા હાઉસિંગ સોસાયટીને સીલ કરાઈ

ન્યુ દિલ્હી

દિલ્હીના નોઈડાની એક સોસાયટીમાં કોરોના વાયરસનો એક કેસ પોઝિટીવ આવ્યા બાદ પ્રશાસન દોડતું થઈ ગયું છે. આ સોસાયટીને આગામી બે દિવસ માટે લોકડાઉન કરી દેવામાં આવી છે. હવે બે દિવસ સુધી આ સોસાયટીમાં ન તો કોઈ અંદર આવી શકશે અને ન તો કોઈ બહાર નિકળી શકશે. આ કેસ નોઈડા સેક્ટર ૭૪ની કેપટાઉન સોસાયટીમાંથી નોંધાયો છે. ડીએમ તરફથી સોસાયટીને બે દિવસ માટે સીલ કરી દેવાનો આદેશ આપ્યો છે. કોરોનાની લપેટમાં આવનારો આ વ્યક્તિ ફ્રાન્સથી પરત ફર્યો હતો. લોકડાઉન દરમિયાન સોસાયટીના લોકોને જરૂરી સેવાઓ પૂરી પાડવામાં આવશે.

નાગપુરમાં પ્રશાસને આ સંક્રામક રોગ પર નિયંત્રણ મેળવવા માટે અધિનિયમ ૧૮૯૭ની કલમ ૧૦ લાગુ કરી દીધી છે. સંક્રામક રોગ નિયંત્રણ અધિનિયમ ૧૮૯૭ની કલમ ૧૦ અંતર્ગત ઘરની બહાર નિકળવા પર એક મહિનાની જેલની સજા સંભળાવવામાં આવશે. આ સાથે જ પ્રાઈવેટ વાહનોને પણ રસ્તા પર નિકાળવા પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે.

આઈએસમાં સામેલ થવાની યોજના બનાવતી પાક.ડોક્ટરની અમેરિકામાં ધરપકડ

વૉશિંગ્ટન

પાકિસ્તાની મૂળના એક ડોક્ટરને આતંકી સંગઠન ISની મદદ કરવાના આરોપમાં ગુરૂવારે પકડવામાં આવ્યો હતો. કાયદા વિભાગ પ્રમાણે મોહમ્મદ મસૂદને મિનેપોલિસના સેન્ટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી પકડવામાં આવ્યો હતો. તે લોસ એન્જેલસ જવાની તૈયારીમાં હતો. એફબીઆઈની ટાસ્ક ફોર્સ લાંબા સમયથી મસૂદની ગતિવધિઓ પર નજર રાખી રહી હતી. સીરીયા જવા માટે તે જે લોકોના સંપર્કમાં હતો તે બધા એફબીઆઈના બાતમીદાર હતા.

આસિસ્ટન્ટ એટર્ની જનરલ જોન. સી. ડેમર્સ અને મિનેસોટાના એટર્ની એરિકા એચ મેકડોનાલ્ડે મસૂદ વિરુદ્ધ ફરિયાદની જાહેરાત કરી હતી. તેના પર આતંકી સંગઠનને મદદ કરવાનો આરોપ લગાવવામાં આવ્યો.

મસૂદને મિનેપોલિસ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. હવે ૨૪ માર્ચના આગામી સુનાવણી થશે. ત્યાં સુધી તેને કસ્ટડીમાં રાખવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. કોર્ટમાં દાખલ થયેલી ફરિયાદ પ્રમાણે મસૂદ પાકિસ્તાનનું લાઇસન્સ ધરાવતો ડોક્ટર છે. તે એચ ૧-બી વિઝા પર અમેરિકા આવ્યો હતો. તે મિનેસોટાની એક ક્લિનીકમાં રિસર્ચ કોઓર્ડીનેટર તરીકે કામ કરી ચૂક્યો છે.

રામ મંદિર ટ્રસ્ટના અધ્યક્ષનું વિવાદાસ્પદ નિવેદન

કોરોના વાયરસ કંઈ નહીં બગાડે, રામનવમી પર મોટી સંખ્યામાં ભક્તો આવે

અયોધ્યા

કોરોના વાયરસના વધી રહેલા પ્રકોપ વચ્ચે રામ મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ નૃત્ય ગોપાલ દાસે વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. તેમણે રામનવમીના અવસર પર લોકોને અયોધ્યા આવવાનું જણાવી કહ્યું, આ બીમારી તેમના માટે નથી અને ન તો કંઈ બગાડી શકશે.

નૃત્ય ગોપાલ દાસે કહ્યું કે, બીમારી બીજા માટે છે. રામનવમી પર આવતા શ્રદ્ધાળુઓ માટે નથી. આવી બીમારી તેનું કંઈ ન બગાડી શકે. તેથી દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અયોધ્યા આવે. નૃત્ય ગોપાલ દાસને આ બીમારી મહામારી બની હોવાની જાણ નથી તેવું પણ નથી તેમ છતાં લાખોની ભીડને રામનવમી પર અયોધ્યા બોલાવવા માંગે છે.

તેમણે કહ્યું, જે બીમારી ફેલાઇ છે તે મોટી બીમારી છે. તેથી આ બીમારીથી બચવાના ઉપાય કરવા જોઈએ. લોકોએ પરસ્પર એકઠાં ન થવું જોઈએ. અલગ-અલગ રહેવું જોઈએ અને કોઈ છુઆછુચ ન કરો. હાથ ન મિલાવો.

ઉત્તરપ્રદેશ સરકાર ૩૫ લાખ મજૂરોના ખાતામાં ૧૦૦૦ રૂપિયા જમા કરાવશે

લખનઉ

ઉત્તર પ્રદેશનાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શનિવારે સવારે કોરોના વાયરસને ધ્યાનમાં રાખીને એક પત્રકાર પરિષદ બોલાવી હતી. આ દરમિયાન તેમણે માહિતી આપી હતી કે રાજ્યમાં કુલ ૨૩ કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓ મળી આવ્યા છે. તેમણે કહ્યું કે કુલ નોંધાયેલા કેસોમાંથી ૯ લોકો સ્વસ્થ થયા છે. સીએમ યોગીએ કહ્યું કે રાજ્યમાં પૂરતા પ્રમાણમાં આઇસોલેશન વોર્ડ છે. તેમણે લોકોને અપીલ કરી અને કહ્યું કે ગભરાવાની જરૂર નથી, સરકાર લોકોને દરેક રીતે મદદ કરી રહી છે.

કોરોના વાયરસ અંગે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું, રોજિંદા મજૂરોને મજૂર સેસથી સહાય આપવામાં આવશે અને આ મજૂરોનાં ખાતામાં રૂ. ૧,૦૦૦ ટ્રાન્સફર કરવામાં આવશે. સીએમ યોગીએ કહ્યું કે, ૧૫ લાખ દૈનિક વેતન મજૂરો અને ૨૦.૩૭ લાખ બાંધકામ કામદારોને દૈનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ૧૦૦૦ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવશે. સીએમ યોગીએ કહ્યું કે, આપણે બધાએ વડા પ્રધાને બોલાવેલા 'જનતા કર્ફ્યુ'નું પાલન કરવું જોઈએ. આવતીકાલે રવિવારે રાજ્યની તમામ મેટ્રો રેલ, રાજ્ય અને સિટી બસ સેવાઓ બંધ રહેશે. સીએમ યોગીએ કહ્યું કે, ૬૦ વર્ષથી ઉપરનાં વરિષ્ઠ નાગરિકો અને ૧૦ વર્ષથી નીચેના બાળકો ઘરની અંદર રહેવા જોઈએ. સીએમ યોગીએ ખાતરી આપી કે અમારી પાસે આવશ્યક ચીજવસ્તુઓ અને દવાઓનો પૂરતો સ્ટોક છે. દુકાનોમાં બિનજરૂરી માલ ખરીદવા અને સંગ્રહખોરી ટાળવાથી બચવા પણ કહેવામાં આવ્યું છે.

જનતા કરફ્યૂઃ આજે ૩૭૦૦ ટ્રેન અને ગોએર, ઈન્ડિગોની લગભગ ૧૦૦૦ ફ્લાઈટ રદ

ન્યુ દિલ્હી

કોરોના સામેના જોખમને ધ્યાનમાં લઈને દેશભરમાં આવતીકાલે, રવિવારે જનતા કરફ્યુ રાખવાની પીએમ મોદીએ અપીલ કરી છે. આ સંજોગોમાં રેલવે દ્વારા આવતીકાલે ૩૭૦૦ ટ્રેન રદ કરવાની જાહેરાત કરાઈ છે. ખાનગી એરલાઈન્સ ગો એર તમામ અને ઈન્ડિગોએ ૪૦ ટકા ફ્લાઈટોની ઉડાન રદ કરી છે. રેલવેના આદેશ પ્રમાણે શનિવારે મધરાતથી જ રવિવારે રાતે ૧૦ વાગ્યા સુધી દેશના કોઈ પણ રેલવે સ્ટેશનથી કોઈ પણ યાત્રી કે એક્સપ્રેસ ટ્રેન નહી ચાલે. જ્યારે મુબંઈ, દિલ્હી, કોલકાતા, ચેન્નાઈમાં એટલી જ લોકલ ટ્રેન ચલાવાશે જેટલી જરુરી છે. આ માટે દરેક ઝોનને પોતાની રીતે નિર્ણય કરવાની છુટ અપાઈ છે.



ચીનની હરકતથી દુનિયા ખતરામાંઃ પોમ્પિયો

અમેરિકી વિદેશમંત્રી પોમ્પિયોએ કોરોના વાયરસને વુહાન વાયરસ કહેતા ચીન ભડક્યું

વૉશિંગ્ટન

વુહાનથી શરૂ થયેલા કોરોના વાયરસના કહેરથી ઝઝૂમી રહેલા અમેરિકાના વિદેશ મંત્રી માઇક પોમ્પિયોએ ચીનને ખૂબ ખરું-ખોટું સંભળાવ્યું છે. પોમ્પિયોએ કોરોના વાયરસને 'વુહાન વાયરસ' ગણાવ્યો. તેમણે કહ્યું કે ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટી, રૂસ અને ઇરાન કોરોના વાયરસની મહામારીને લઇ ખોટી માહિતી ફેલાવી રહ્યા છે. તેમનો હેતુ લોકોમાં ભય અને ભ્રમ પેદા કરવાનો છે.

પોમ્પિયોનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે અમેરિકામાં કોરોનાથી મૃતકોની સંખ્યા ૨૫૨ પર પહોંચી ગઇ છે. ત્યાં દુનિયાભરમાં ૧૧ હજારથી વધુ લોકોના મહામારીથી મોત થયા છે. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ બાદ હવે વિદેશ મંત્રી પોમ્પિયોએ કોરોનાને લઇ ચીન પર પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે ખોટી માહિતીઓ દુનિયાભરમાં અચાનકથી સામે આવેલા લોકોની સાથો સાથ ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટી, રૂસ અને ઇરાની પ્રશાસનથી આવી રહી છે. આપણે આ પ્રયાસોને નિશ્ચિતરૂપે રોકવી પડશે જે આપણા લોકતંત્ર, આપણી સ્વતંત્રતા અને આપણે કેવી રીતે વુહાન વાયરસને ઉકેલી રહ્યા છીએ તેને ધક્કો પહોંચાડાવ માંગે છે.

અમેરિકન વિદેશ મંત્રીએ કહ્યું કે આની પહેલાં અમે ચીનને એ પ્રસ્તાવ આપ્યો હતો કે અમારા નિષ્ણાત તેમની અને ડબ્લ્યુએચઓની મદદ માટે ચીન જશે પરંતુ અમને તેની મંજૂરી આપી નહીં. આ પ્રકારની વસ્તુઓ ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટીએ કરી તેનાથી દુનિયા અને વિશ્વભરના લોકો ખતરામાં આવી ગયા છે. આની પહેલાં અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આરોપ મૂક્યો હતો કે ચીને કોરોના વાયરસને લઇ પ્રારંભિક માહિતી છુપાવી તેની સજા આજે દુનિયા ભોગવી રહ્યું છે.

બીએસએફ જવાનો અને અધિકારીઓની અવરજવર પર પ્રતિબંધ મૂકાયો

ન્યુ દિલ્હી

બોર્ડર સિક્યોરિટી ફોર્સે જવાનો અને અધિકારીઓની અવરજવર પર એક પખવાડિયા માટે પ્રતિબંધ લગાવ્યો છે. બોર્ડર સિક્યોરિટી ફોર્સના લગભગ અઢી લાખ જવાનો પાકિસ્તાન અને બાંગ્લાદેશની સરહદ પર ફરજ બજાવે છે. બીએસએફના ઓર્ડરમાં કહેવામાં આવ્યું છે કે લીવ, ટ્રેઈનિંગ, અભ્યાસ, હંગામી ફરજ વિગેરેના સંબંધમાં જવાનોની અને અધિકારીઓની પાંચ એપ્રિલ સુધી અવરજવર થવી નહીં જોઈએ તેવું સ્પષ્ટ કરવામાં આવ્યું છે. દિલ્હીસ્થિત બીએસએફના મુખ્યાલયે બહાર પાડેલા આદેશમાં કહેવામાં આવ્યું છે કે આ નિર્દેશોનું પાલન થવું જોઈએ.

જે જવાનો અને અધિકારીઓ રજા પર હોય તેમની રજા પાંચ એપ્રિલ સુધી લંબાવી દેવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. આવા લોકોના પોતાના ફોન નંબર પર રજા લંબાવવામાં આવી તે અંગેની જાણ કરવાના નિર્દેશ કમાન્ડરોને આપવામાં આવ્યા છે. જે કર્મચારીઓ ટ્રેઈનિંગ લેવા ગયા હોય તેમને પણ સંબંધિત કેન્દ્રો પર જ રહેવું પડશે.

યુપીના સ્વાસ્થ્ય મંત્રી સહિત ૩૦નો કોરોના રિપોર્ટ નેગેટિવ

લખનઉ

યુપીના સ્વાસ્થ્ય મંત્રી જયપ્રતાપ સિંહનો કોરોના ટેસ્ટ નેગેટિવ આવ્યો છે.તેઓ કોરોના પોઝિટવ સિંગર કનિકા કપૂર જે પાર્ટીમાં હાજર હતી તેમાં હાજર હતા.

એ પછી જયપ્રતાપ સિંહે પોતે જ આઈસોલેશનમાં જવાનુ જાહેર કર્યુ હતુ. જોકે હવે તેમનો ટેસ્ટ નેગેટિવ આવ્યો છે. તેમની સાથે સાથે બીજા ૩૦ લોકોના ટેસ્ટ પણ કરવામાં આવ્યા હતા.આ તમામના ટેસ્ટ નેગેટિવ આવ્યા છે

લખનૌની કેજીએમયુ હોસ્પિટલના પ્રવક્તાના કહેવા પ્રમાણે કુલ ૪૫ સેમ્પલ ચેક કરાયા હતા. જેમાં ૩૦ સેમ્પલ કનિકા કપૂરની પાર્ટીમાં સામેલ થયેલા લોકોના હતા.

પાંચ કરોડ સુધીના કારોબાર ઉપર જીએસટી છૂટ અપાય તેવી સંભાવના

ન્યુ દિલ્હી

કેન્દ્ર સરકાર પાંચ કરોડ સુધીના ટર્નઓવરવાળા કારોબારીઓને રાહત આપવાની તૈયારી કરી રહી છે. આવા કારોબારીઓને એપ્રિલથી જૂન ત્રિ-માસિકમાં તબક્કાવાર રીતે જીએસટી ચૂકવણામાં રાહત મળી શકે છે. નાણા મંત્રાલય સાથે મળેલી બેઠક બાદ સૂમ, લઘુ અને મધ્યમ ઉધમી મંમાત્રલયે આ એકશન પ્લાન તૈયાર કર્યો છે જેના ઉપર અંતિમ નિર્ણય નાણા મંત્રાલયની આગેવાનીમાં બનાવવામાં આવેલી ઈકોનોનિમક ટાસ્ક ફોર્સ લઈ રહી છે.

કારોબારીઓએ સરકાર સમક્ષ માગ કરી છે કે ઘટતા કારોબારને ધ્યાનમાં રાખી સરકાર છ માસ માટે જીએસટીમાંથી રાહત આપે. સૂત્રોના જણાવ્યા અનુસાર રાહત પેકેજ તરીકે વધુ રોજગાર આપનારા ઉધોગોને કર્મચારીઓના પગારનો એક હિસ્સો સરકાર તરફથી આપવામાં આવી શકે છે. સરકારની રણનીતિ છે કે આગલા નાણાકીય વર્ષની પહેલાં ત્રિ-માસિક એટલે કે જૂન સુધી જીએસટી ચૂકવણાને ટાળી દેવામાં આવે.

કોરોનાના ટેસ્ટિંગ અમદાવાદ, જામનગર, સુરત અને ભાવનગરમાં લેબ બનશે

અમદાવાદ

વિશ્વભરમાં કોરોના વાઈરસે હાહાકાર મચાવ્યો છે. ભારતમાં કોરોના વાઈરસ ફેલાઈ રહ્યો છે. ગુજરાતમાં અત્યારસુધીમાં ૧૩ જેટલા કોરોનાના પોઝિટિવ કેસ નોંધાયા છે. સાચવેતીના ભાગરૂપે સરકાર દ્વારા તમામ પ્રકારના પગલ ભરવામાં આવી રહ્યાં છે. ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા ઝ્રઁૈંઢ્ઢ-૧૯ના ટેસ્ટિંગ માટે કેટલીક નેશનલ લેબ્સને નોટિફાઈ કરવામાં આવી છે. જેમાં વાઈરલ રિસર્ચ એન્ડ ડાઈગ્નોસ્ટિક લેબોરેટરીઝ અને અન્ય લેબ્સનો સમાવેશ છે. કેન્દ્ર સરકારે નોટિફાઈ કરેલી નેશનલ લેબ્સમાં ગુજરાતની ચાર લેબ્સનો પણ સમાવેશ છે. આ તમામ લેબ્સ અઠવાડિયાના સાતેય દિવસ ચાલુ રહેશે. કેન્દ્ર સરકાર દ્વારા નોટિફાઈ કરવામાં આવેલી લેબ્સમાં અમદાવાદની બીજે મેડિકલ કોલેજ, જામનગરની એમ.પી.શાહ ગવર્નમેન્ટ મેડિકલ કોલેજ, સુરત અને ભાવનગરની ગવર્નમેન્ટ મેડિકલ કોલેજનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ખેડબ્રહ્મા સુપ્રસિદ્ધ મીની અંબાજી ૨૨ માર્ચથી ૩૧ માર્ચ સુધી દર્શનાર્થીઓ માટે બંધ

સાબરકાંઠા

ખેડબ્રહ્મામાં આવેલું સુપ્રસિદ્ધ મીની અંબાજીને કોરોના વાઈરસને પગલે બંધ રાખવાનો વહીવટી તંત્ર દ્વારા નિર્ણય લેવાયો છે. તંત્રએ મંદિર બંધ કરવા બાબતે પરિપત્ર જાહેર કર્યો હતો. મંદિર ૨૨ માર્ચથી ૩૧ માર્ચ સુધી દર્શનાર્થીઓ માટે મંદિર બંધ રહેશે. આવનાર સમયમાં અંબાજી મંદિર પણ બંધ થાય તેવી સંભાવના છે.

મુખ્યમંત્રીની રેસમાં શિવરાજ સૌથી આગળ, ૨૩મીએ ભાજપની બેઠક મળે તેવી સંભાવના

મ.પ્રદેશઃ ભાજપ ૨૫ માર્ચ સુધી સરકાર બનાવવાનો દાવો રજૂ કરશે

ભોપાલ

મધ્યપ્રદેશમાં શુક્રવારે કમલનાથે ફ્લોર ટેસ્ટ થતા પહેલા જ રાજીનામું આપી દીધું હતું. હવે સમાચારો સામે આવી રહ્યા છે કે ભારતીય જનતા પાર્ટી ૨૫ માર્ચ સુધીમાં સરકાર બનાવવાનો દાવો કરી શકે છે. ૨૩ માર્ચના રોજ ભાજપના ધારાસભ્ય દળની બેઠક થઈ શકે છે. તો મધ્યપ્રદેશમાં ત્રણવાર મુખ્યમંત્રી રહી ચૂકેલા શિવરાજ સિંહ ચૌહાણ એકવાર ફરીથી મુખ્યમંત્રીની રેસમાં સૌથી આગળ છે. મુખ્યમંત્રી પદ માટે નરેન્દ્ર સિંહ તોમર, નરોત્તમ મિશ્રા અને થાવર ચંદ ગહેલોતના નામો પર ચર્ચા ચાલી રહી છે.પૂર્વ કેન્દ્રીય મંત્રી સત્યનારાયણ જટિયાએ જણાવ્યું કે પાર્ટી પાસે યોજના છે. આશા છે કે કોઈ મુશ્કેલી નહી થાય. ભાજપ પાસે અનુભવી નેતૃત્વ છે. પરંપરાના આધાર પર નેતૃત્વની પસંદગી થશે. ધારાસભ્ય દળ નવા મુખ્યમંત્રીની પસંદગી કરશે, આ પ્રક્રિયા કેન્દ્રીય નેતૃત્વના માર્ગદર્શનમાં થશે. કર્ણાટકમાં પણ આવું જ થયું છે. પરંતુ શિવરાજને પાર્ટીની અંદર સાયલન્ટ ચેલેન્જીસ પણ મળી રહી છે. નરોત્તમ મિશ્રાથી લઈને નરેન્દ્ર સિંહ તોમર સુધીના નામો ચર્ચામાં છે. પરંતુ કોઈ સ્પષ્ટ રીતે કશું જ કહી રહ્યા નથી.

કમલનાથના રાજીનામા બાદ થોડા જ સમયમાં પત્રકારોએ જ્યારે કૃષિ અને ગ્રામીણ વિકાસ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરને પૂછ્યું કે તેઓ ભોપાલ જવા માટે તૈયાર છે તો તેમણે આ વાતનો કોઈ જવાબ ન આપ્યો. જ્યારે તોમરને પૂછવામાં આવ્યું કે તેઓ કેન્દ્રની રાજનીતિમાં રહેશે કે પછી રાજ્યની રાજનીતિમાં આવવા માટે તૈયાર છે? આ મામલે તેમણે કહ્યું કે પાર્ટીની બેઠક થવા દો પછી જોઈશું કે શું થાય છે.

કમલનાથ સરકાર ગયા બાદ ભઆજપ કેન્દ્રીય નેતૃત્વ સામે પડકાર બધાની સહમતીથી મુખ્યમંત્રી પસંદ કરીને રાજયમાં એક સ્થિર સરકાર પસંદ કરવાની હશે. સાથે જ આ તમામ ધારાસભ્યોને પણ સંતુષ્ટ કરવા પડશે કે જેઓ કોંગ્રેસ છોડીને ભાજપ સાથે આવ્યા છે.

મ્યુઝિક કોન્સર્ટમાં ૨૦૦ લોકોના સંપર્કમાં આવેલી કોરિયોગ્રાફર કોરોનાગ્રસ્ત

બેંગ્લુરુ

કોરોના વાયરસ લગભગ સમગ્ર દુનિયામાં ફેલાઈ ચૂક્યો છે. ભારતમાં પણ આ વાયરસના સંક્રમણમાં આવતા લોકોની સંખ્યા દિવસેને દિવસે વધતી જઈ રહી છે. આ દરમિયાન કોરોના વાયરસના સંક્રમણમાં આવનારા દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે. આ દરમિયાન બેંગલુરુમાં ૧૨ માર્ચના રોજ એક મ્યુઝીક કોન્સર્ટમાં ભાગ લેનારી એક કોરિયોગ્રાફર પણ કોરોના વાયરસના સંક્રમણનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

હવે આયોજકોએ આ કાર્યક્રમમાં હાજર રહેનારા લગભગ ૨૦૦ લોકોને ક્વોરન્ટાઈન થવાની સલાહ આપી છે. બેંગલુરુના ચોડિયાહ મેમોરિયલ હોલમાં ૧૨ માર્ચના રોજ મિર મુશ્તિયાર અલી કોન્સર્ટ યોજાયો હતો જેમાં લગભગ ૨૦૦ લોકો સામેલ થયા હતા. ઓડિયન્સમાં કોરોના ગ્રસ્ત કોરિયોગ્રાફર પણ હાજર હતી. આ મામલા પર પ્રકાશ પડતા આયોજકો અને તે કાર્યક્રમમાં આવનારા તમામ લોકોના જીવ તાળવે ચોટી ગયા છે.

હવે આયોજકોએ એક પ્રેસ રિલીઝ જાહેર કરી છે જેમાં લખ્યું છે કે ૧૮ માર્ચના રોજ આ કોન્સર્ટમાં સામેલ થયેલી કોરિયોગ્રાફરનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. એવામાં તમામ લોકોની સુરક્ષાનું ધ્યાન રાખતા અમે અપીલ કરીએ છે કે જે લોકો આ કોન્સર્ટમાં હાજર હતા તે તમામ લોકો પોતાને ક્વોરન્ટાઈન કરી લે.

કોરોના પોઝિટિવના સંપર્કમાં આવેલા ચાર બેંકકર્મી પણ ક્વોરન્ટાઈન

રાજકોટમાં કોરોના પોઝિટિવ જંગલેશ્વરનો યુવક યુએઈથી આવ્યો હતો અને અનેક લોકોને મળ્યો હતો, આ યુવક જેના જેના સંપર્કમાં આવ્યો હતો, તેની જેમ જેમ વિગતો મળે છે એવા લોકોને ક્વોરન્ટાઈન કરવાની કવાયત તંત્ર કરી રહ્યું છે. આ યુવક ખાનગી બેંકના ચાર કર્મચારીના સંપર્કમાં આવ્યો હોવાની માહિતી મળતાં, એ ચાર કર્મચારીને પણ ક્વોરન્ટાઈન કરાયા હોવાનું રાજકોટ કલેક્ટર રેમ્યા મોહને જણાવ્યું હતું. બીજી તરફ, રાજકોટમાં કોરોનાના લક્ષણો નવા પાંચ લોકોમાં જોવા મળ્યા છે અને તેમના સેમ્પલ લઈને ટેસ્ટિંગ માટે મોકલાયા છે.

કોરોના ઈફેક્ટઃ ઓલા-ઉબેર રાઈડ પર રોક

ન્યુ દિલ્હી

કોરોના વાયરસે સમગ્ર દેશમાં હાહાકાર મચાવ્યો છે. દરેક સેક્ટર પર તેની અસર જોવા મળી રહી છે. હવે એપ બેસ્ડ કેબ સર્વિસ આપનાર દિગ્ગજ કંપનીઓ ઓલા અને ઉબેર પણ પાછળ રહી નથી. થોડા કેટલાક સમયમાં બંને કંપનીઓના બુકિંગમાં હાલ ધરખમ ઘટાડો નોંધાયો છે. આ તમામ વચ્ચે ઓલા અને ઉબેરે રાઈડ પર રોક લગાવી દીધી છે. હવે તમે જે ઓલાની શેયર અને ઉબેરની પૂલ સર્વિસનો લાભ નહીં ઉઠાવી શકો.

ઓલાએ એક નિવેદનમાં કહ્યું કે કોરોના વાયરસને ફેલાવવા માટે રોકવાના તમામ પ્રયત્નો શરૂ કરી દીધા છે. ઓલા શેયર સુવિધાની આગળની સુચના અસ્થાયી રૂપ સુધી બંધ કરી દેવામાં આવી છે. કંપનીએ કહ્યું કે તેમની માઈક્રો, મિની, પ્રાઈમ, રેન્ટલ અને આઉટસ્ટેશન સેવાઓ ચાલુ રહેશે.

આ જ રીતે ઉબેરની તરફથી જાહેર નિવેદનમાં કહેવામાં આવ્યુ છે કે કોરોના વાયરસનો ફેલાવો ઓછો કરવા તમામ પ્રકારની મદદ કરવા તૈયાર છુ. એટલે જે શહેરોમાં સેવાઓ આપી છે તે તમામ શહેરોમાં ઉબેર પુલની તમામ સેવાઓ અટકાવી દેવામાં આવી છે.

પાનના ગલ્લાં, મોલ, કાપડ બજારો અને ચાની કીટલીઓ બંધ

કોરોના વાયરસને કારણે ગુજરાત બંધઃ રસ્તાઓ,બજારો સૂમસામ,સન્નાટો છવાયો

અમદાવાદ

રાજ્યમાં કોરોનાના ૧૩ પોઝિટિવ કેસ સામે આવી ચૂક્યા છે. જેને પગલે વડાપ્રધાન મોદીએ ૨૨ માર્ચે જનત કરફ્યું રાખવા અપીલ કરી છે. પરંતુ ૧૯ માર્ચે ૨ અને ૨૦ માર્ચે ૫ પોઝિટિવ કેસ સાથે પોઝિટિવ કેસનો આંકડો સાતથી વટાવી ગયો હતો. જેને પગલે આજથી જ ગુજરાતમાં લોકડાઉનની સ્થિતિ જોવા મળી રહી છે. રાજ્યની બજારો સહિત ૮૦ ટકા જેટલી કામગીરી ઠપ થઈ ગઈ છે. તેની સાથે સાથે રસ્તાઓ પણ સુમસામ થઈ ગયા છે અને ભાગ્યે જ કોઈ વાહન જોવા મળી રહ્યાં છે.

ખાસ કરીને રાજ્યના ચાર મોટા શહેરો અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં મોલ મલ્ટીપ્લેક્સ, કાપડ બજારો, દુકાનો, પાનના ગલ્લા અને ચાની કિટલીઓ, માર્કેટ યાર્ડ સહિત બંધ જોવા મળે છે.

સુરતમાં વડાપ્રધાનની જનતા કરફ્યુંની અપીલ આજથી અમલી બનાવવામાં આવી છે. લોકો ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યાં છે. બીજી તરફ કાપડ માર્કેટ અને હીરા ઉદ્યોગ બંધ રહેતા રિંગરોડ સૂમસામ બન્યો છે. એસટી બસમાં જવાનું લોકો ટાળી રહ્યા છે. જેથી મુસાફરોની સંખ્યા ૫૦ ટકા જેટલી ઘટી ગઈ છે. મહારાષ્ટ્ર જતી બસ સેવા બંધ છે. બસ સ્ટેન્ડ પર વિશેષ તકેદારીના પગલાં લેવાઈ રહ્યાં છે.

સૌરાષ્ટ્રનું સૌથી એવું ગોંડલ માર્કેટિંગ યાર્ડ ૨૨ માર્ચથી ૨ એપ્રિલ સુધી બંધ રાખવાની પણ જાહેરાત કરવામાં આવી છે. જ્યારે રાજકોટમાં પણ મુખ્ય બજારો બંધ જોવા મળી છે. શહેરની ગુંદાવાડી, ધર્મેન્દ્રસિંહજી માર્કેટ, ધી કાંટા રોડ, પરા બજાર, લાખાજીરાજ રોડ અને કોઠારીયા નાકા સહિતની બજારો બંધ છે.

કોરોના ઈફેક્ટઃ વસ્તી ગણતરીની પ્રક્રિયા પાછી ઠેલાય તેવી શક્યતા

ન્યુ દિલ્હી

કોરોના વાયરસનો અજગર ભરડો ધીમે-ધીમે વધી રહ્યો છે અને અંશતઃ લોકડાઉન જેવી સ્થિતિ છે તેવા સંજોગોમાં સરકાર આગામી ૧લી એપ્રિલથી શરૂ થઈ રહેલી વસતી ગણતરી અને એનપીઆરની કામગીરી પાછી ઠેલે તેવી પૂરેપૂરી સંભાવના છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ૧લી એપ્રિલથી દિલ્હી, આંદામાન-નિકોબાર, લક્ષદ્વિપ અને મેઘાલયમાં વસતી ગણતરી અને એનપીઆરની કામગીરી લોન્ચ થવાની હતી પરંતુ હવે સરકાર તેમાં ફેરફાર કરી શકે છે. ઓરિસ્સાના મુખ્યમંત્રી નવીન પટનાયકે વડાપ્રધાનને પત્ર લખીને કહ્યું છે કે કોરોનાને નિયંત્રિત કરવા માટે રાજ્યની મશીનરી કામે લાગી છે. આવી સ્થિતિમાં વસતી ગણતરીની કામગીરી હાથ ધરવી મુશ્કેલભરી છે. આ માટે સરકારે વસતી ગણતરીની કાર્યવાહી હાલ પૂરતી મુલતવી રાખવી જોઈએ.

ગૃહ મંત્રાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર સરકારે હાલ પૂરતો કોઈ પ્રતિભાવ આપ્યો નથી પરંતુ આગામી કેટલાક દિવસમાં આ અંગેની જાહેરાત થઈ શકે છે. આ સૂત્રોએ એમ પણ કહ્યું હતું કે જો વસતી ગણતરીની તારીખમાં ફેરફાર કરવામાં આવે તો સપ્ટેમ્બર ૨૦ સુધી નિર્ધારિત કરવામાં આવેલી ડેડલાઈન જાળવી શકાય તેવી સ્થિતિ છે.

ભારતીય મૂળના સાંસદ રાજા કૃષ્ણમૂર્તિ પ્રાઈમરી ચૂંટણીમાં જીત મેળવી

વૉશિંગ્ટન

ભારતીય મૂળના સાંસદ રાજા કૃષ્ણમૂર્તિ ઈલિનોય પ્રાંતમાંથી ડેમોક્રેટીક પાર્ટીના પ્રાઈમરી ઈલેક્શન જીતી ગયા છે. તેમને ૮૦ ટકા મત મળ્યા છે. હાઉસ ઓફ રિપ્રેઝેન્ટેટીવ માટે હવે તેમની ઉમેદવારી લગભગ નક્કી છે. કૃષ્ણમૂર્તિના નજીકના હરીફ વિલિયમ ઓલ્સનને માંડ ૧૩ ટકા મત મળ્યા હતા. જીત બાદ પોતાના સમર્થકોને મોકલેલા ઈમેલમાં તેમણે કહ્યું છે કે ફરી વખત ચૂંટણી જીતવાના સંજોગોમાં હું તમારા મુદ્દાઓ કોંગ્રેસ (સંસદ)માં ઉઠાવીશ. અત્યારે આપણે કોરોના વાઈરસ સામે લડી રહ્યા છીએ. હું તમને અને સૌ અમેરિકી નાગરિકોને સુરક્ષિત રાખવા માટે કંઈ પણ કરીશ. આ લક્ષ્ય એ મારી પ્રથમ પ્રાથમિકતા હશે. પ્રાઈમરીમાં જીત બાદ હવે કૃષ્ણમૂર્તિ સતત ત્રીજી વખત સંસદીય ચૂંટણી લડશે. દરમિયાન ૧૭ માર્ચના રોજ રિપબ્લિક પાર્ટીની ચૂંટણી કોરોના વાઈરસની સ્થિતિને લીધે રદ્દ કરવામાં આવી છે.

કૃષ્ણમૂર્તિ અમેરિકી સંસદની ઈન્ટેલિજન્સ બાબત પરની કાયમી પસંદગી સમિતિના સભ્ય છે. ગયા વર્ષે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સામે રજૂ કરવામાં આવેલા મહાભિયોગ સમયે તેમણે પાર્ટીનો પક્ષ મજબૂત રીતે રજૂ કર્યો હતો. તેને લીધે અમેરિકી સંસદમાં તેમની એક અલગ ઓળખ બની ગઈ હતી. તેઓ ઈકોનોમિક એન્ડ કન્ઝ્યુમર પોલિસી સબ-કમિટીના ચેરમેન પણ છે.

એઈમ્સના વરિષ્ઠ ડોક્ટરે કોરોનાગ્રસ્ત પુત્રની માહિતી છુપાવી..!!

ન્યુ દિલ્હી

દેશભરના ડોક્ટરો કોરોના વાયરસના ખતરા સામે ઝઝૂમી રહ્યા છે અને તેની વચ્ચે ઓરિસ્સાના ભૂવનેશ્વરમાં આવેલી એમ્સ(ઓલ ઈન્ડિયા મેડિકલ ઈન્સ્ટિટ્યુટ)ના સિનિયર ડોક્ટર પર બહુ ગંભીર આરોપ લાગ્યો છે. અહીંયા ફરજ બજાવતા સાથી ડોકટરોએ જ આરોપ લગાવતા કહ્યુ છે કે, અમારી જાણકારીમાં આવ્યુ છે કે, એમ્સના સુપ્રીટેન્ડેનેન્ટનો પુત્ર બ્રિટનથી પાછો ફર્યો છે અને તેની વિદેશ યાત્રાની વાત છુપાવીને આઈસોલેશન યુનિટમાં લાવવામાં આવ્યો હતો અને ડોક્ટરના રુમમાં પણ રખાયો હતો.તેને ૧૨ કલાક સુધી દાખલ પણ કરાયો નહોતો.આ મામલામાં યુવકની વિદેશ યાત્રાની વાત પણ છુપાવાઈ હતી. એમ્સના રેસિડનેટ ડોક્ટર્સ એસોસિએશન દ્વારા આ મામલે સરકારને લખાયેલા પત્રમાં કહેવાયુ છે કે, ૧૯ માર્ચે તે કોરોના પોઝિટિવ જાહેર થયો હતો.તે સુપ્રિટેન્ડનેન્ટનો પુત્ર છે.પોતાના પુત્રની જાણકારી છુપાવીને તેમણે શર્મનાક હરકત કરી છે.

તમિલનાડુના તિરુધુનગરમાં ફટાકડા બનાવતી ફેક્ટરીમાં વિસ્ફોટઃ ૮ના મોત

ચેન્નાઇ

તમિલનાડુના તિરુધુનગર જીલ્લામાં શુક્રવારે સાંજે ફટાકડા બનાવતી એક ફેક્ટરીમાં વિસ્ફોટ થતા ૮ લોકોના મોત થયા છે, જ્યારે ૧૧ લોકોને ઈજા પહોંચી છે. મૃતકોમાં પાંચ મહિલાનો સમાવેશ થાય છે. પોલીસ પાસેથી મળેલી માહિતી પ્રમાણે સત્તૂર પાસે સિપીપરાઈમાં આવેલી આ ફેક્ટરીમાં ૩૦ મજૂર કામ કરી રહ્યા હતા. મજૂરો જ્યારે ફટાકવા બનાવવા માટે રસાયણોનું મિશ્રણ તૈયાર કરી રહ્યા હતા તે સમયે આ વિસ્ફોટ થયો હતો.

તંત્રી લેખ

નિર્ભયાના દોષિતોને ફાંસી

નિર્ભયા કાંડના ચારે અપરાધીઓને આખરે ફાંસી આપી દેવામાં આવી છે. આ રીતે છેલ્લા સાત વર્ષથી વધુ સમયથી ચાલી રહેલો મામલો તેની ચરમસીમા પર પહોંચી ગયો હતો અને અપરાધીઓને આખરે કઠોર સજા મળી ગઇ છે. આ ફાંસી આપવામાં આવ્યા બાદ પિડિતા નિર્ભયાના પરિવારના સભ્યોને જ નહીં બલ્કે એવા તમામ લોકોને રાહત થઇ છે જે લોકો રેપ અને હત્યાની ઘટના બન્યા બાદ મહિલા સુરક્ષાના નામે માર્ગો પર ઉતરી ગયા હતા અને નરાધમોને ફાંસી આપવા માટેની માંગ કરી રહ્યા હતા. મહિલા સુરક્ષા અને મહિલા સન્માનને લઇને જે લોકો દુખી હતા તેમને પણ આખરે રાહત થઇ ગઇ છે. જો કે તમામ લોકો એ બાબત પણ કબુલ કરી રહ્યા છે કે ન્યાય મળવામાં સાત વર્ષનો સમય લાગી ગયો છે. દિલ્હીમાં ૧૬મી ડિસેમ્બર ૨૦૧૨ના દિવસે રાત્રે નિર્ભયાની સાથે છ લોકોએ સામુહિક બળાત્કાર કર્યો હતો. ક્રુરતાની તમામ હદ વટાવી દીધી હતી. જેના કારણે સપ્તાહ સુધી મોત સામે જંગ લડ્યા બાદ તેનુ મોત થયુ હતુ. બળાત્કારીઓ પૈકી એક સામે જુવેનાઇલ હેઠળ મામલો ચાલ્યો હતો. જ્યારે એકે જેલમાં જ આપઘાત કરી લીધો હતો. બાકી ચાર અપરાધીઓએ ફાંસીની સજાથી બચવા માટે તેમની પાસે રહેલા તમામ વિકલ્પોનો ઉપયોગ કર્યો હતો. જો કે તેમને કોઇ દાવપેચ કામ લાગ્યા ન હતા. ગુરૂવારે રાત્રી ગાળા સુધી સુનાવણી ચાલી હતી. તેમને ફાંસીની સજા કરવામાં આવ્યા બાદ ત્રણ વખત ફાંસીની સજા પર અમલ કરવાની તારીખ ટાળી દેવામાં આવી હતી. લોકોમાં આ વિલંબના કારણે ભારે નારાજગી જોવા મળી રહી હતી. જો કે શુક્રવારે આખરે ફાંસી આપી દેવામાં આવી હતી. નિર્ભયા કાંડ બાદ દેશભરમાં જોરદાર નારાજગીનુ મોજુ ફેલાયેલુ હતુ. મહિલાઓની સુરક્ષા અને સન્માનને લઇને પહેલા એક આંદોલનની શરૂઆત થઇ હતી. સરકાર પર મહિલા સુરક્ષાને લઇને બનેલા કાનુનને કઠોર કરવા પર દબાણ વધ્યુ હતુ. આખરે આ સંબંધમાં ભલામણમળી ગયા બાદ જસ્ટીસ વર્મા કમિટીની રચના કરવામાં આવી હતી. આ સમિતિની ભલામણ મુજબ કેટલાક કાનુનને વધારે કઠોર કરી દેવામાં આવ્યા હતા. જો કે એકંદરે સ્થિતી હજુ પણ વધારે સુધરી નથી. રેપના કેસો તો પહેલા કરતા વધારે થઇ ગયા છે. જો કે એક સારી બાબત એ બની છે કે મહિલાઓ હવે પહેલા કરતા વધારે તેમની સામે થતા અત્યાચારના મામલે સપાટી પર આવી રહી છે. પોલીસ પણ પહેલા કરતા વધારે ધ્યાન શહેરી વિસ્તારોમાં તો આપી રહી છે. જો કે દોષિતોને અપરાધી ઠેરવી દેવા માટેનો દર હજુ પણ ઓછો રહેલો છે. દોષિતો હજુ પણ મોટી સંખ્યામાં છુટી રહ્યા છે.પોલીસ આજ પણ એવા પુરાવા શોધી કાઢવામાં નિષ્ફળ અને અસક્ષમ છે, જેના આધાર પર નક્કર કાર્યવાહી થઇ શકે. સરકારે વચન આપ્યુ હતુ કે પોલીસને આધુનિક ટેકનોલોજીથી સજ્જ કરાશે પરંતુ આ કામ હજુ બાકી છે. કેટલાક અપવાદોને છોડી દેવામાં આવે તો મોટા ભાગે ઓછા કામ હજુ સુધી થયા છે. કમીઓ કેટલાક સ્તર પર હજુ પણ રહેલી છે. અસલી બાબત તો વ્યવસ્થાને મહિલાઓના મામલામાં વધારે સંવેદનશીલ બનાવવાની રહેલી છે. સજા અપાવવાના દરમાં વધારો કરવામાં આવે તે સમયની માંગ છે.

આ પ્રકારના મામલામાં નરાધમોને વહેલી તકે સજા મળે તેવા કામ કરવાની જરૂર છે

જનતા કર્ફ્યુના નામે આવુ કરવાથી ખુબ લાભ

એક દિવસ દેશ બંધ રાખો

દુનિયાભરમાં કોરોના વાયરસે આતંક મચાવેલો છે. સાથે સાથે ભારતમાં પણ કેસોની સંખ્યા ૩૦૦ની નજીક પહોંચી રહી છે. આવી સ્થિતીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશને નામ સંબોધનમાં ૨૨મી માર્ચના દિવસે જનતા કર્ફ્યુની જાહેરાત કરવામાં આવી છે. કોરોના સામે લડવાની આ પહેલ ખુબ અસરકારક છે. જાણકાર લોકો માને છે કે જનતા કર્ફ્યુના નામે પણ દર મહિને એક દિવસ દેશને બંધ રાખવામાં આવે તો તેનો લાભ મળે છે. સમગ્ર દેશ તો બંધ ન થાય કારણ કે હોસ્પિટલ સહિતની જરૂરી સેવા તો ચાલુ રહેશે. દરરોજ કામ કરનાર લોકોને પણ નિકળવુ પડશે. પરંતુ જેને એકદમ જરૂર નથી તે વ્યક્તિએ બહાર નિકળવુ જોઇએ નહીં. માત્ર રેસ્પિરેશનથી કાર્બન ડાયોક્સાઇડ બહાર નિકળે તે જરૂરી છે. અમે તો એમ પણ કહી રહ્યા છીએ કે એક દિવસ તો નેટ પણ બંધ રાખવાની જરૂર હોય છે. ખબુ ઓછા લોકો આ બાબતથી વાકેફ છે કે ઇન્ટરનેટ સર્ફ કરવાથી ભયાનક કાર્બન એમિશન થાય છે. જો એક દિવસ જ્ઞાન નહીં વધે તો કોઇ નુકસાન થનાર નથી. પરંતુ જો એક મહિનામાં એક દિવસ નેટ પણ બંધ કરવામાં આવે તો પર્યાવરણને સીધો ફાયદો થશે. એક દિવસ અર્લી મેનની જેમ રહેવાથી નેચરને ફ્રમ આઇસોલેટ થવાની તક મળશે. હિલ થવાની તક મળશે. તમામ લોકો સારી રીતે જાણે છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૨મી માર્ચના દિવસે જનતા કર્ફ્યુ રાખવાની વાત કરી છે. આ બાબત તો કોરોનાને રોકવા માટેની છે. જો કે સામાન્ય રીતે પણ મહિનામાં એક દિવસ દેશ બંધ રાખવાથી ક્લાઇમેન્ટ રેન્જ અથવા તો જળવાયુ પરિવર્તનને લઇને અમે ચાવીરૂપ ભૂમિકા અદા કરી શકીએ છીએ. મહિનામાં કોઇ એક દિવસ દરેક વ્યક્તિ પોતાને તમામ બાબતોથી દુર રાખે તો કેટલાક ફાયદા તમામ માનવ જાતિને થઇ શકે છે.

રેપના કેસોમાં માત્ર ૨૭ ટકા નરાધમોને જ સજા મળે છે જે કમનસીબ

અપરાધીઓમાં ખૌફ રહે તે જરૂરી છે

સમગ્ર દેશમાં ભારે ચકચાર જગાવનાર અને લોકોમાં એકપ્રકારની રોષની લાગણી ફેલાવી દેનાર નિર્ભયા ગેંગ રેપ અને હત્યાના આરોપીઓને આખરે ફાંસી પર લટકાવી દેવામાં આવ્યા છે. સાત વર્ષના ગાળા બાદ દોષિતોને ફાંસી આપી દેવામાં આવી છે. નિર્ભયાને ન્યાય આપવામાં વિલંબ થયા બાદ પણ દેશના લોકો રાહત અનુભવી રહ્યા છે. જો કે નિર્ભયા ગેંગ રેપ અને હત્યા કેસ બાદ દેશભરમાં ભારે વિરોધ પ્રદર્શન અને નારાજગી બાદ દેશના કાનુનમાં કેટલાક ફેરફાર કરવામાં આવ્યા હતા. જો કે કમનસીબ બાબત એ રહી છે કે એ વખતે કેટલાક સુધારા કરવામાં આવ્યા હોવા છતાં કેસોની સંખ્યામાં ઉલ્લેખનીય વધારો થયો છે. કાનુન કઠોર કરવામાં આવ્યા બાદ પણ રેપના કેસો વધી રહ્યા છે. આના માટે કેટલીક બાબતો બિલકુલ દેખાતી છે. સૌથી પહેલા બાબત એ છે કે અસમાજિક તત્વોમાં કોઇ પણ પ્રકારનો ખૌફ હાલમાં દેખાતો નથી. અપરાધીઓ વહેલી તકે છુટી જાય છે. તેમના ગુનાની ગંભીર નોંધ પણ કેટલાક કેસોમાં તો લેવામાં આવી નથી. રેપ જેવી ઘટનાઓને રોકવા માટે કાનુનને લઇને અપરાધીઓમાં ફફડાટ રહે તે જરૂરી છે. કાનુની પ્રક્રિયા ઝડપથી આગળ વધીને નરાધમોને જો વહેલી તકે સજા કરાશે તો જ અન્ય અપરાધીમાં ફફડાટ ફેલાશે અને તેમનમાં કાનુનો ભય ફેલાશે. પોલીસ પહેલા કરતા વધારે ગંભીર રીતે હવે ધ્યાન આપી રહી છે. જો કે કમનસીબ બાબત એ છે કે આજે પણ અપરાધીઓને દોષિત ઠેરવી નાંખવાનો દર પહેલા જેટલો જ રહેલો છે. રેપના મામલામાં આજે પણ માત્ર ૨૭ ટકા દોષિતોને જ સજા કરવામાં આવી રહી છે. દોષિતો મોટી સંખ્યામાં રેપ જેવા કેસોમાં છુટી રહ્યા છે. પોલીસ પાસે પણ અતિ આધુનિક ટેકનોલોજી હજુ આવી રહી નથી. અપરાધોને રોકવા માટે જે વ્યવસ્થા હોવી જોઇએ તેવી વ્યવસ્થા હજુ ઉભી થઇ નથી. પોલીસ



દિલ્હી ગેંગ રેપ અને હત્યાના બનાવ બાદ કેટલાક નિયમો નવા આવ્યા, કાનુન બન્યા પરંતુ એકંદરે સ્થિતી હજુ પણ વધારે બદલાઇ નથી

વધારે સાધનો સાથે સજ્જ બને તે જરૂરી છે. કોર્ટ કાર્યવાહીમાં અસરકારક બની શકે તેવા પુરાવા એકત્રિત કરવાની પ્રક્રિયા નક્કર બને તે જરૂરી છે. કમીઓ અને ખામીઓ અનેક સ્તર પર સ્પષ્ટ પણે જોવા મળે છે. રેપ અને અન્ય પ્રકારના ગંભીર મામલામાં અપરાધીઓને સજા કરવાની પ્રક્રિયા વધારે ઝડપી કરવાની જરૂર છે. અપરાધીને સજા કેટલી મળે છે તે બાબત મહત્વપૂર્ણ નથી બલ્કે સજા કેટલી ઝડપથી મળે છે તે બાબત વધારે અસરકારક છે. જો સજા ઝડપથી તમામ અપરાધીઓને થશે તો તેમનામાં ગુના કરતા પહેલા જ ખૌફ રહી શકે છે. દિલ્હી ગેંગ રેપ એવી ઘટના હતી જેના કારણે તમામ લોકો હચમચી ઉઠ્યા હતા. અમાનવિય કૃત્ય ખતરનાક રીતે કરવામાં આવ્યુ હતુ. સારવાર કરનાર તબીબો પણ તેમના નિવેદનમાં કહી ચુક્યા છે કે દિલ્હી નિર્ભયા ગેંગ રેપ કેસમાં અપરાધીઓએ ગુનો કરતી વેળા તમામ માનવતા છોડી દીધી હતી. દિલ્હીના મુનીરકા વિસ્તારમાં ચાલતી બસમાં નિર્ભયા પર છ લોકોએ ગેંગરેપ ગુજાર્યો હતો જેથી દેશભરમાં હાહાકાર મચી ગયો હતો. ત્યારબાદ રેપ પીડિતા અને તેના સાથીને ચાલતી બસમાંથી ફેંકી દેવામાં આવ્યા હતા. બંનેને ગંભીર ઇજાઓ થઇ હતી. મોડેથી નિર્ભયાનું મોત થયું હતું.દેશભરમાં લોકોના આક્રોશ વચ્ચે ગંભીરરીતે ઇજાગ્રસ્ત રહેલી પીડિતાને સારવાર માટે સિંગાપોર મોકલી દેવામાં આવી હતી જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું જેથી દેશભરમાં નારાજગીનું મોજુ વધી ગયું હતું. લોકો જાહેરરસ્તા પર મેદાનમાં આવી ગયા હતા અને નરાધમોને અતિ કઠોર સજા કરવાની માંગ થઇ હતી.જોરદાર વિરોધ પ્રદર્શન વચ્ચે દબાણ વધતા પોલીસે તમામની અટકાયત કરી લીધી હતી અને ત્યારબાદ તપાસનો સિલસિલો શરૂ થયો હતો. આ ગાળા દરમિયાન જ મુખ્ય આરોપી રામસિંહે તિહાર જેલમાં જ આત્મહત્યા કરી લીધી હતી. આ સમગ્ર મામલામાં છ અપરાધીઓ પૈકી એક કિશોર હોવાથી તેને જુએનાઇલ આવાસમાં મોકલી દેવામાં આવ્યો હતો. ત્યારબાદ આ આરોપીને જુએનાઇલ કોર્ટ તરફથી ત્રણ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. દિલ્હી ગેંગ રેપ કેસના અપરાધીઓને પુરતી સજા મળી છે. જો કે હવે આવા નિર્ભયા જેવા કેસો ન બને તે માટે નરાધમોમાં દહેશત વધે તે ખુબ જરૂરી છે. કોઇ પણ પ્રકારના અપરાધ કરનાર લોકોમાં જ્યાં સુધી દહેશત ફેલાશે નહીં ત્યાં સુધી તે અપરાધો કરતા રહેશે. જેથી તેમનામાં વહેલી તકે કેસોના ચુકાદા આપીને દહેશત વધારી દેવાની જરૂર છે.

કોરોનાના આતંક વચ્ચે વર્ક ફ્રોમ હોમ દરમિયાન ઘરમાં અભ્યાસ

પ્રાણાયામથી ઇમ્યુન સિસ્ટમ મજબુત

ઇમ્યુન સિસ્ટમ કોઇ પણ વ્યક્તિને એક એવી સુરક્ષા આપે છે જેના કારણે તે કોઇ બિમારી સામે લડી શકે છે અને તેને પરાજિત કરી શકે છે. ઇમ્યુન સિસ્ટમ અથવા તો રોગ પ્રતિકારક ક્ષમતા વધારી દેવા સાથે સંબંધિત વ્યવસ્થા છે. કોરોના વાયરસના આતંક બાદ જરૂરી દિશાનિર્દેશ મુજબ તમામ લોકો વર્ક ફ્રોમ હોમ કરી રહ્યા છે. આવી સ્થિતીમાં આપની પાસે પુરતા પ્રમાણમાં સમય રહે છે. આ ગાળા દરમિયાન તમે કેટલાક પ્રકારના પ્રાણાયામ કરીને પોતાની રોગ પ્રતિકારક ક્ષમતાને વધારી શકો છો. શરદી, ઉધરસ અને અન્ય કેટલીક પ્રકારની ઇન્ફેક્શન બિમારી પણ જો રોગપ્રતિકારક ક્ષમતા વધારે છે તો તે નજીક આવવાની હિંમત કરતી નથી. ઇમ્યુન સિસ્ટમ અથવા તો રોગ પ્રતિકારક ક્ષમતાને વધારી દેવા માટે તમે પ્રાણાયામનો ટેકો લઇ શકો છો. બીજી બાજુ નેશનલ સેન્ટર ફોર બાયોટેકનોલોજી ઇન્ફોર્મેશન દ્વારા કહેવામાં આવ્યુ છે કે યોગ મારફતે સિસ્ટમને મજબુત બનાવી શકાય છે. હાલના દિવસોમાં લોકો મોટા ભાગે ઘેર બેસીને કામ કરી રહ્યા છે. તમે પણ જો એવા લોકોમાં સામેલ છો તો યોગ ગુરૂ બાબા રામદેવ દ્વારા દર્શાવવામાં આવેલા પાંચ પ્રકારના પ્રાણાયામ કરી શકો છો. આના કારણે રોગ પ્રતિકારક ક્ષમતા વધી જાય છે. જે પાંચ પ્રાણાયામ છે તેમાં અનુલોમ વિલોમ પણ એક છે. જે આ સિસ્ટમને મજબુત કરે છે. આ પ્રાણાયામને કરીને આપની શરદી ગરમીની તકલીફ પણ દુર થઇ શકે છે. શ્વસનતંત્ર પણ મજબુત બને છે અનેયોગ્ય રીતે કામ કરે છે. કપાલભાતિ મારફતે પણ રોગ પ્રતિકારક ક્ષમતાને વધારી શકાય છે. કપાલભાતિ કરવાથી શ્વસનતંત્ર મજબુત રીતે અને સક્રિય રીતે કામ કરે છે. આના કારણે રોગ પ્રતિકારક ક્ષમતામાં વધારો થાય છે. કપાલભાતિ થોડાક સમય માટે કરવામાં આવે તો ફાયદો થાય છે. આશરે ૨-૩ મિનિટ આવુ કરી શકાય છે. ભ્રામરી નામથી પણ એક પ્રાણાયામ છે. આ અંગે તમામે સાંભળ્યુ હશે.



રોગ પ્રતિકારક ક્ષમતા અથવા તો ઇમ્યુન મજબુત રહેશે તો કોરોના સહિત કોઇ રોગ માનવીને અડી શકે તેમ નથી : રામદેવની પ્રાણાયામની સલાહ

રોગ પ્રતિકારક ક્ષમતાને મજબુત કરવાની વાત કરવામાં આવે તો ભ્રામરી પ્રાણાયામ ઇમ્યુનિટીને અનેક ગણી મજબુત કરે છે. આ પ્રાણયામને તમે વર્ક ફ્રોમ હોમના કોઇ પણ સમય કરી શકો છો. ભ્રામરી પ્રાણાયામ કરવા માટે સૌથી પહેલા એકાંત અને શાંત જગ્યાની જરૂર હોય છે. પહેલા પોતાના હાથને માથાની પાસે લઇ જવાની જરૂર હોય છે. પોતાના બંને અગુઠાથી બંને કાનને બંધ કરી લેવામાં આવે છે. આ પ્રાણાયામને ઓછામાં ઓછા પાંચથી સાત મિનિટ સુધી કરી શકાય છે. ઉદ્ગીથ નામના પ્રાણાયામને તમે સવારના સમયમાં પણ કરી શકો છો. આ પ્રાણાયામ પણ રોગ પ્રતિકારક ક્ષમતાને વધારી દેવામાં ભૂમિકા અદા કરે છે. આ પ્રાણાયામ પાંચ મિનિટ સુધી કરી શકાય છે. આમાં ઓમ ઉચ્ચારણ કરતી વેળા પોતાની નાકના સહારે શ્વાસ છોડવામાં આવે છે. આમાં યોગ મુદ્રામાં બેસી જવામાં આવે છે. ત્યારબાદ ઘેરી શ્વાસ લેવામાં આવે છે. હાલમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ધ્યાન કેન્દ્રીત કરવાથી શરદી અને તાવ જેવી તકલીફને દૂર કરી શકાય છે. બ્રિટનમાં કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ધ્યાન કેન્દ્રીત કરવાથી શરદી અને તાવ દૂર રહે છે. વિસ્કંસિન મેડીસીન યુનિવર્સિટીના એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે જે પુખ્તવયના લોકો ધ્યાન કેન્દ્રીત કરે છે અથવા તો ચાલવા જેવી હળવી કસરત કરે છે તે વ્યક્તિ આઠ સપ્તાહ સુધી એવા લોકોની સરખામણીમાં શરદી, ઉધરસથી ઓછા અસરગ્રસ્ત રહે છે જે આવી કોઇપણ પ્રકારની પ્રવૃત્તિ હાથ ધરતા નથી. છેલ્લા અભ્યાસમાં જણાવવામાં આવ્યું હતું કે ધ્યાન કેન્દ્રીત કરવાથી મૂડમાં સુધારો થાય છે. સાથે સાથે ટેન્શનને દૂર કરવામાં મદદ મળે છે. આનાથી રોગપ્રતિકારક ક્ષમતામાં પણ વધારો થઇ જાય છે. ધ્યાન કેન્દ્રીત કરવા અંગેનો ઉલ્લેખ હિંદુ શાસ્ત્રોમાં પણ કરવામાં આવ્યો છે. પાંચમી અને છઠ્ઠી સદી દરમિયાન ધ્યાન કેન્દ્રીત કરવાના અન્ય તરીકાનો ઉલ્લેખ ચીન અને ભારતમાં કરવામાં આવ્યો છે. એમ પ્રાણાયામ અને યોગ રોગ પ્રતિકારક ક્ષમતાને વધારી દેવામાં ભૂમિકા અદા કરે છે. સાથે સાથે કેટલીક બિમારીને પણ દુર રાખે છે. દેશ અને દુનિયામાં કોરોના વાયરસનો આતંક જારી રહ્યો છે ત્યારે બાબા રામદેવ દ્વારા સુચવવામાં આવેલા પ્રાણાયામ રોગ પ્રતિકારક ક્ષમતાને વધારી દે છે. યોગ ગુરૂ રામદેવના અનેક યોગ અસરકારક સાબિત થાય છે.

ભાજપે ત્રીજા ઉમેદવાર નરહરિ અમિન, જો હાર્યા તો ના ઘરના ના ઘાટના....

ભાજપે રાજ્યસભા ત્રીજા ઉમેદવાર તરીકે નરહરિ અમિનની પસંદગી કરતા રાજ્યસભાની એક બેઠક માટે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે વિવાદ વકર્યો છે. દર ચૂંટણીની જેમ રાજ્યસભાના સાંસદની આ ચૂંટણી પણ રસાકસીભરી બની ગઈ છે. અભય ભારદ્વાજ અને રમીલાબેન બારા અને શક્તિસિંહ ગોહિલનું રાજ્યસભાના સાંસદ બનવું ફાયનલ છે પણ ભરતસિંહ સોલંકી અને નરહરી અમિન વચ્ચે ભારે ખેંચતાણ થાય તેવી પૂરી સંભાવના છે. નરહરી અમિન પણ કોંગ્રેસનું ગોત્ર ધરાવે છે અને પાટીદાર નેતા છે.

ભાજપે માસ્ટર સ્ટ્રોક મારીને કોંગ્રેસી અને પાટીદાર એમ બંને પાસાઓ ધ્યાને રાખીને નરહરી અમીનને ટીકિટ આપી છે. ભરતસિંહ માટે પણ આ ચૂંટણી આકરી પરીક્ષા સાબિત થશે. ભરતસિંહે હાઈકમાન્ડ પર દબાણ કરીને આ સાંસદની સીટ મેળવી છે. જો તેઓ વિજેતા ન થયા તો તેમની કારકીર્દીને ગ્રહણ લાગી જશે.

નરહરી અમીન માટે પણ આ ચૂંટણી એ કરો યા મરો જેવી છે. જેઓ હાલમાં આયોજન પંચના ઉપાધ્યક્ષ હતા. જેઓએ આ પદ પરથી રાજીનામું આપીને ચૂંટણી માટે ફોર્મ ભર્યું છે. આમ જીત પહેલાં એક મહત્વનો હોદ્દાનો તો તેઓએ ત્યાગ કરવો પડ્યો છે. જેઓ આ ચૂંટણી હાર્યા તો ન ઘરના ના ઘાટના થઈ જશે.

રાજ્યસભાની ચૂંટણીના કોંગ્રેસના ઉમેદવાર શક્તિસિંહ ગોહિલે પણ જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ સાથે ભાજપે ત્રીજા ઉમેદવાર તરીકે કોંગ્રેસના પૂર્વ નેતા અને પાટીદાર નેતા નરહરિ અમીને ઉમેદવાર બનાવ્યા છે. જેના પર જવાબ આપતાં કહ્યું કે, તેમને પાર્ટીના પાટીદાર ધારાસભ્યો પર વિશ્વાસ છે અને ક્રોસવોટિંગ નહી થાય. કોંગ્રેસના હાઈકમાન્ડે બે ટીકિટો આપી છે અને અમે બંને સીટો પર જીતીશું. નરહરી અમિનને જીતવા માટે માત્ર ૩ ધારાસભ્યોની જરૂર છે. જેઓ ક્રોસ વોટિંગ કરશે તુરંત જ ભરતસિંહ ઘરભેગા થઈ જશે.

ભૂતકાળ સાબિત કરે છે કે ભાજપ આ કરી શકે છે અને કોંગ્રેસ તૂટી શકે છે. કોંગ્રેસ હાલમાં મક્કમ હોવાનું ભલે કહેતી હોય પણ આખરી તબક્કે કોંગ્રેસના ધારાસભ્યો ફરી જશે તેનો ડર ખુદ કોંગ્રેસને પણ છે. જોકે, ભાજપે તમામ તૈયારીઓ કરી લીધી છે. નીતિનભાઈ પટેલ અને જીતુભાઈ વાઘાણી સ્પષ્ટ કહી રહ્યાં છે કે બધુ જ મેનેજ થઈ જશે એનો સ્પષ્ટ અર્થ એ છે કે ભાજપ તડજોડની રાજનીતિ અપનાવી ચૂકી છે અને સમર્થન બાદ જ નરહરી અમીનને ત્રીજા ઉમેદવાર તરીકે ઉભા રાખ્યા છે. વાઘાણીએ ખુલ્લેઆમ ચેલેન્જ કરી છે કે અમારા ૩ ઉમેદવારો જીતશે.


ટામેટા હાર્ટ બિમારી ટાળે છે

તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ટામેટા ખાવાથી હાર્ટના રોગના ખતરાને દૂર રાખી શકાય છે. વધુ લાલ રંગના ટામેટા ત્રીજા ભાગ સુધી હાર્ટના રોગના ખતરાને ઘટાડી દે છે. બોસ્ટનમાં કરવામાં આવેલા અભ્યાસમાં વૈજ્ઞાનિકોએ જણાવ્યું છે કે આંકડામાં સંપૂર્ણ ધ્યાન આપવામાં આવ્યું છે. કાર્ડિયોવેક્યુલર સિસ્ટમ ઉપર લેકોપીન ઘટક તત્ત્વોની અસર જોવા માટે અભ્યાસની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. સૈંકડો દર્દીઓને આના ભાગરૂપે આવરી લેવામાં આવ્યા હતા. અમેરિકામાં અભ્યાસવેળા તમામ લોકોને જુદા જુદા વર્ગમાં મૂકી દેવામાં આવ્યા હતા. અભ્યાસમાં ભાગ લેનાર લોકોની ડાઈટની પદ્ધતિને ધ્યાનમાં લેવામાં આવી હતી. આ લોકો ટામેટા કેટલા પ્રમાણમાં અને કઈ રીતે ખાય છે તેના ઉપર ધ્યાન આપ્યું હતું. નિયમિત રીતે ડાઈટમાં ટામેટાનો ઉપયોગ કરનાર લોકોની આરોગ્યની સ્થિતિ વધુ સારી રહી છે. ટામેટા ખાવાથી હાર્ટના રોગને ૨૬ ટકા સુધી ઘટાડી શકાય છે. ટામેટાના શોખીન લોકોની સંખ્યા ઓછી નથી. પરિણામ દર્શાવે છે કે નિયમિત આધાર ઉપર લેકોપીન સંબંધિત ચીજવસ્તુઓ ખાવાથી ૨૬ ટકા સુધી કોરોનરી હાર્ટના જોખમને ઘટાડી શકાય છે. જો કે સ્ટ્રોકની તકો ઉપર તેની કોઈ અસર થતી નથી. સંશોધકોએ તેમના તારણના આધાર ઉપર કહ્યું છે કે ટામેટા અતિ મહત્વપૂર્ણ ઘટક તત્ત્વો ધરાવે છે. અભ્યાસના તારણો નવેસરના બ્રિટિશ જર્નલ ઓફ ન્યૂટ્રીશનમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે.

આપણા બધા માટે આ ખૂબ જ મુશ્કેલ સમય છેઃ પ્રિયંકા ચોપરા

મુંબઇ

પ્રિયંકા ચોપરા હાલ કોરોના વાયરસના કારણે પતિ નિક જોનાસ સાથે સેલ્ફ આઇસોલેશનમાં છે. પણ તેમ છતાં નિક અને પ્રિયંકા સોશિયલ મીડિયા દ્વારા ફેન્સ સાથે પોતાનો સંપર્ક બનાવી રાખે છે. અને વાયરસને લઇને જાગૃતતા પણ ફેલાવી રહ્યા છે. હાલમાં જ નિક જોનાસ અને પ્રિયંકાને એક વીડિયો સામે આવ્યા છે. જે તેમણે ઇન્સ્ટાગ્રામ પર પોસ્ટ કર્યો છે. આ વીડિયોમાં બંને ફેન્સને કોરોના વાયરસને લઇને તેમના સારા



સ્વાસ્થયની કામના કરી હતી. જે પછી આ વીડિયો સોશ્યલ મીડિયામાં ખૂબ વાયરલ થઇ રહ્યો છે.

આ વીડિયો નિક જોનાસે પોતાના ઓફિશિયલ ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શેર કર્યો છે. જેમાં તે કહે છે કે તમને બધાને હાય, મને ખબર છે કે આપણા બધા માટે આ ખૂબ જ મુશ્કેલ સમય છે. પણ આશા રાખું છું કે તમે બધા ઠીક હશો. તો પ્રિયંકા કહે છે કે આપણે બધાએ એકબીજાને ખ્યાલ રાખવાનો છે. આશા રાખું છું કે તમે બધા ઠીક હશો. ખૂબ ખૂબ પ્રેમ. જો કે આવું પહેલીવાર નથી જ્યારે બંનેએ તેમના ફેન્સને લઇને ચિંતા વ્યક્ત કરી હોય. આ પહેલા પણ પ્રિયંકા ચોપરા અને નિક જોનાસ સતત પોતાના ફેન્સને લઇને તથા વાયરસ અંગે જાગૃતતા ફેલાવવાને લઇને જાણકારી આપતા રહેતા હોય છે.



અભિનેતા શાહરૂખ ખાને લોકોને હાથ જોડી અપીલ કરી

મુંબઇ

અભિનેતા શાહરૂખ ખાને એક વીડિયો દ્વારા સંદેશ જારી કર્યો છે. આ ઉપરાંત પીએમ મોદીની ૨૨ માર્ચે 'જનતા કર્ફ્યૂ'ની અપીલનો જવાબ આપ્યો છે. શાહરૂખ ખાનનું ટ્વિટ પણ ખૂબ વાયરલ થઇ રહ્યું છે.

શાહરૂખ ખાને પોતાના ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટથી એક વીડિયો જારી કરીને લોકોને ઘરથી બહાર ન નિકળવાની અપીલ કરી છે. શાહરૂખે કહ્યું, 'નમસ્કાર, હું તમામ અપીલ કરું છું પબ્લિક પ્લેસ પર જતા બચો. જો જરૂરી ના હોય તો ટ્રેન અને બસોની સફર કરતા બચો. આવનારા ૧૦ થી ૧૫ દિવસ ખૂબ ખરાબ છે.'

શાહરૂખે આગળ કહ્યું, 'આ વાયરલથી લડવા માટે જનતા અને સરકારની સાથે મળીને કામ કરવાની જરૂર છે. તો હું અપીલ કરું છું કે પેનિક ના કરો અને કોઇ પણ પ્રકારના દુષ્પ્રચારથી સતર્ક રહે અને રાજ્ય સરકાર દ્વારા જારી નિર્દેશોનું પાલન કરો.

શાહરૂખ ખાને લખ્યું છે કે આ ખૂબ જરૂરી છે કે સામાજિક સંપર્ક ઓછા કરે. સેલ્ફ ક્વોરન્ટાઇન. રવિવારે જનતા કર્ફ્યૂનો વિચાર આ અંતનું એક સાધન છે અને આપણે એને એક વ્યક્તિગત સ્તર પર જારી રાખવું જોઇએ. વાયરસ ફેલાતા રોકથામ માટે આપણે 'સ્લો ડાઉન ટાઇમ' કરવાની જરૂર છે, જેટલું આપડે કરી શકીએ. તમામ સુરક્ષિત અને સ્વસ્થ રહો.

અક્ષય કુમારે વીડિયો શેર કરીને કહ્યું - કોરોના રજા પર નથી ગયો!

મુંબઇ

કોરોના વાયરસના કારણે જ્યાં દુનિયામાં મૃત્યુઆંક વધી રહ્યો છે ત્યાં જ બોલીવૂડ જાણીતા સેલેબ્રિટી પણ લોકોને આ અંગે જાગૃતતા ફેલાવવા માટે સોશિયલ મીડિયાના માધ્યમથી આગળ આવી રહ્યા છે. અને હવે આ મામલે બોલીવૂડ જાણીતા અભિનેતા અક્ષય કુમારનું પણ નામ જોડાયું છે. બોલિવૂડના અનેક સેલેબ્રિટી હાલ પોતાને સેલ્ફ આઇસોલેશન રાખી રહ્યા છે. અને લોકોને પણ શક્ય હોય તેટલું ઘર રહી સ્વસ્થ રહેવાની સલાહ આપી રહ્યા છે.

તેમ છતાં એ વાત પણ નકારી નથી શકાતી કે લોકો



હજી પણ આ બિમારીને ગંભીરતાથી નથી લઇ રહ્યા. અને આજ કારણે બોલિવૂડ એક્શન સ્ટાર અક્ષય કુમારે લોકો એક વીડિયો શેર કરીને લોકોની ક્લાસ લગાવી છે.

બોલિવૂડના ખેલાડી અક્ષય કુમારે ટ્વિટર પર એક વીડિયો પોસ્ટ કરીને લોકોને ઘરમાં રહેવાની અને સ્વસ્થ રહેવાની અપીલ કરી છે. સાથે જ કોરોનાને બ્રેક કરવાની વાત પણ કહી છે. અક્ષય કુમારે કહ્યું કે "મુંબઇ એરપોર્ટ પર જે લોકો બહારથી આવી રહ્યા છે તેમને કોરોનાની રિસ્ક કેટેગરીમાં રાખવામાં આવ્યા છે.

તેમની પર એક સ્ટેમ્પ લગાવી તેમને હોમ કવારંટાઇન માટે હોટલમાં મોકલવામાં આવી રહ્યા છે. અને તેમને ૨ સપ્તાહ માટે લોકોથી દૂર રહેવાનું કહેવામાં આવી રહ્યું છે. પણ તેમ છતાં આ લોકો પાર્ટી, લગ્ન અને ફરવા જઇ રહ્યા છે આ તમારી કેવી માનસિકતા છે. કોરોના કંઇ રજા પર નથી ગયું તે ઓવર વર્ક કરી રહ્યું છે અને આપણે કોરોનાને જીતતા રોકવાનું છે."

અભિનેતા અય્યૂબે ટ્વીટ કરી મુસલમાનોને મસ્જિદમાં નહીં જવા માટે અપીલ કરી

મુંબઇ

દેશમાં કોરોના વાયરસનો ખતરો સતત વધી રહ્યો છે. વડાપ્રધાન મોદીએ રવિવારના રોજ દેશવાસીઓને સ્વૈચ્છિક કર્ફ્યૂ રાખવાની અપીલ કરી છે. દેશના મોટા ભાગના રાજ્યોમાં શાળા-કોલેજ સહિત ટ્યૂશન ક્લાસીસ, થિયેટર્સ, મોલ્સ અને જાહેર જગ્યાઓને બંધ કરી દેવામાં આવી છે. હવે કોરોના વાયરસના કારણે તાજેતરમાં જ બોલિવૂડ અભિનેતા જીશાન અય્યૂબે ટ્વીટ કરીને મુસલમાનોને એક એપીલ કરી છે. લગભગ તમામ સમાજિક



મામલે બિંદાસ રીતે પોતાના મનની વાત રજૂ કરનાર અય્યૂબે સોશિયલ મીડિયા પર ટ્વીટ કરીને કહ્યું કે, હું તમામ મુસ્લિમો પાસેથી આશા રાખું છું અને તેમને અપીલ કરું છું કે, કોરોના વાયરસનો ખતરો જ્યાં સુધી ટળી ન જાય ત્યાં સુધી નમાઝ પણ ઘરેથી પઢો. કોરોના વાયરસની સામે સમગ્ર દેશે એક સાથે મળીને લડવાનું છે. તમામ ધાર્મિક સ્થળો પર જનારા લોકોને પણ મારી આ જ અપીલ છે કે હમણા થોડા દિવસ ધાર્મિક સ્થળો પર જવાનું ટાળો.

જીશાન અય્યૂબે વધુ એક ટ્વીટ કરીને લખ્યું કે, જે લોકો મસ્જિદમાં જઈને જ નમાઝ પઢવાની જીદ લઈને બેઠા છે તેવા લોકોને હું બસ એટલું કહેવા માગું છું કે જો તમારા કારણે કોઈ એક પણ વ્યક્તિનો જીવ જશે તો તમારા માથે હત્યાનો આરોપ લાગશે. જે કદાચ શિર્ક પછી સૌથી મોટો ગુનો છે.

સોનુ નિગમ દુબઈમાં અટવાયોઃ કોરોના જશે પછી જ ભારત પાછો આવશે

મુંબઇ

ગાયક સોનુ નિગમ એના પરિવાર સાથે હાલ દુબઈ ગયો છે. ત્યાંથી એ હાલતુરંત પાછો નહીં આવે. કોરોના વાઈરસના રોગચાળાને કારણે એણે હાલ દુબઈમાં જ રહેવાનું નક્કી કર્યું છે. સોનુ અને એના પરિવારજનોએ કોરોનાથી બચવા માટે હાલ પોતાને આઈસોલેટ કરી દીધા છે.

સોનુએ કહ્યું છે કે જ્યાં સુધી કોરોનાની પરિસ્થિતિ સામાન્યવત્ નહીં થાય ત્યાં સુધી પોતે ભારત પાછો નહીં ફરે. પોતે ભારતમાં સત્તાવાળાઓને વધારે તકલીફમાં મૂકવા માગતો



નથી, એવું તેણે કહ્યું છે.

સોનુનો પુત્ર નિવાન દુબઈની શાળામાં ભણે છે. દુબઈમાં હાલ બધી શાળાઓ બંધ છે. સોનુએ જાહેરાત કરી છે કે પોતે દુબઈથી ભારતમાંના પોતાના ચાહકો માટે ઓનલાઈન પરફોર્મ કરશે. આ પરફોર્મન્સ પોતે ૨૨ માર્ચના રવિવારે જનતા કર્ફ્યૂના દિવસે કરશે.

અભિનેત્રી પૂજા બેદીએ વડાપ્રધાન મોદીની જનતા કર્ફ્યુની મજાક ઉડાવી

મુંબઇ

ભારતમાં આ રોગ વધારે વકરતો અટકે તે માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુરુવારે રાત્રે ૮ કલાકે જનતાને સંબોધન કરીને રવિવાર, ૨૨ માર્ચના રોજ જનતા કર્ફ્યુ રાખવાની અપીલ કરી હતી. તેમના આ સંબોધન સંજય દત્ત, શાહરૂખ ખાન જેવા સ્ટાર્સે ટ્વિટ કરીને રિએકશન આપ્યું હતું. એક્ટ્રેસ પૂજા બેદીએ પણ પીએમ મોદીના સંબોધનને કરેલું ટ્વિટ હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યું છે.

પૂજા બેદીએ ટ્વિટ કરીને લખ્યું, કોરોના વાયરસ દરમિયાન થનારા આર્થિક ઘટાડાનો કેવી રીતે સામનો કરી શકાય તે ભારતે (થાળી વગાડવા દરમિયાન) એ પણ જાણવાની જરૂર છે. નિર્મલા સીતારમણ સમાધાન સાથે આગળ આવો. લોકોને એક યોજના આપો? ઉપાય? જો અન્ય દેશ કરી રહ્યા છે તો ભારત કેમ નહીં.

આ પહેલા પૂજા બેદીએ પીએમ મોદીના



સંબોધિત કરીને ટ્વિટ કર્યુ હતું. પૂજા બેદીએ લખ્યું, પ્રિય પીએમ નરેન્દ્ર મોદી, રાષ્ટ્રજોગ શાનદાર સંદેશ માટે આભાર. જેમાં તમે ભારતને કોરોના વાયરસના કહેરથી બચાવવા ભરવામાં આવેલા પગલા અંગે જાણકારી આપી. પરંતુ શું તમને નથી લાગતું કે થોડો દિવસો પહેલા આંધ્રપ્રદેશનો કાર્યક્રમ અને લાખો શ્રદ્ધાળુઓ વાળો રામ ઉત્સવ તમે જે કહી રહ્યા છો તેનાથી વિપરીત છે ?

પાકિસ્તાની ક્રિકેટર ઉમર અકમલ પર આજીવન પ્રતિબંધનો ખતરો

લાહોર

પાકિસ્તાન ક્રિકેટ ટીમમાંથી નજરઅંદાજ કરવામાં આવેલા વિકેટકિપર બેટ્સમેન ઉમર અકમલ પર આજીવન પ્રતિબંધનો ખતરો મંડરાઇ રહ્યો છે. ઉમર અત્યારે પોતાની રમતથી વધુ વિવાદોના લીધે ચર્ચામાં રહે છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબે)ની ભ્રષ્ટાચાર વિરોધી સંહિતાએ ઉમર અકમલને બે અલગ ઉલ્લંઘન માટે આરોપિત કર્યો છે.

ઉમરને ૨૦ ફેબ્રુઆરીના રોજ અસ્થાયી રૂપથી સસ્પેંડ કરવામાં આવ્યો હતો અને પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ)માં તેમની ફ્રેંચાઇઝી ક્વેટા ગ્લેડિએટર્સ દ્વારા રમવા પર પ્રતિબંધ લગાવ્યો હતો.

તેમને પીએસીબીના સતર્કતા અને સુરક્ષા વિભાગને ભ્રષ્ટ રજૂઆતનો ખુલાસો કરવામાં અસફળ રહેવા માટે આરોપીત કર્યા છે. ચાર્જશીટ ૧૭ માર્ચના રોજ જાહેર કરવામાં આવ્યું અને તેમને જવાબ આપવા માટે ૩૧ માર્ચ સુધીનો સમય આપ્યો છે. આ પીસીબીની ભ્રષ્ટાચાર વિરોધી સંહિતા ૨.૪.૪ના અંતર્ગત ઉલ્લંઘન કર્યું હતું. ભ્રષ્ટાચાર વિરોધી સંહિતાના કરાર ૬.૨ અનુસાર ૨.૪.૪ના અંતર્ગત દોષી જાહેર થતાં ઓછામાં ઓછા છ મહિના અને અને વધુમાં વધુ આજીવન સજાની જોગવાઇ છે. ૨૯ વર્ષીય ઉમરે પાકિસ્તાન દ્વારા ૧૬ ટેસ્ટ, ૧૨૧ વનડે અને ટી૨૦ ઇન્ટરનેશનલ મેચ રમાઇ છે. ઉમર અકમલે પોતાના અંતિમ ટી૨૦ ઇન્ટરનેશનલ મેચ શ્રીલંકા વિરૂધ લાહોરમાં ઓક્ટોબર ૨૦૧૯માં રમ્યો હતો. આ તેમની અંતિમ ઇન્ટરનેશનલ મેચ હતી.

ટી-૨૦ વર્લ્ડકપમાં સેમીફાઇનલ-ફાઇન માટે રિઝર્વ-ડે રાખવાનો પ્રસ્તાવ

મેલબર્ન

આ વર્ષે ઓસ્ટ્રેલિયામાં આઇસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપ રમાવાનો છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયા આઇસીસી ક્રિકેટ કમિટીની બેઠકમાં વર્લ્ડ કપની સેમીફાઇનલ અને ફાઇનલ મેચ માટે રિઝર્વ ડે રાખવાનો પ્રસ્તાવ લાવી શકે છે. આ મહને રમાયેલ આઇસીસી મહિલા ટી૨૦ વર્લ્ડ કપમાં સેમીફાઇનલ મેચમાં રિઝર્વ ડે ન હોવાને કારણે ઘણો વિવાદ થયો હતો.

વરસાદને કારણે ઇન્ડિયા અને ઇંગ્લેન્ડની વચ્ચે મહિલા વર્લ્ડ કપની પ્રથમ સેમીફાઇનલ મેચ રદ્દ કરવામાં આવી હતી. રિઝર્વ ડે ન હોવાને કારણે ટીમ ઇન્ડિયાને લીગ રાઉન્ડમાં વધારે પોઇન્ટ્સને આધારે ફાઇનલમાં સ્થાન મળી ગયું હતું. જ્યારે ઇંગ્લેન્ડની ટીમ વર્લ્ડકપમાંથી બહાર થઈ ગઈ હતી.

અત્યાર સુધીના કાર્યક્રમ અનુસાર આ વર્ષે ઓસ્ટ્રેલિયામાં ૧૮ ઓક્ટોબરથી ટી૨૦ વર્લ્ડકપનું આયોજન થવાનું છે. ટૂર્નામેન્ટની ફાઇનલ મેચ ૧૫ નવેમ્બરે મેલબોર્ન ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે. જોકે હજુ સુધી સેમીફાઇનલ અને ફાઇનલ મેચ માટે રિઝર્વ ડે રાખવામાં નથી આવ્યો. મહિલા વર્લ્ડ કપની જેમ જ આ વર્લ્ડકપમાં પણ સેમીફાઇનલ મેચ રદ્દ થવા પર ગ્રુપ સ્ટેજમાં વધારે પોઇન્ટ્સ મેળવનારી ટીમ ફાઇનલમાં એન્ટ્રી કરશે.

અભિનેત્રી સોનમ કપૂર માતા બનવાની છે..!?



મુંબઇ

અનૂલ કપૂરની દીકરી અને બોલિવૂડની જાણીતી અભિનેત્રી સોનમ કપૂર હાલમાં જ લંડનથી સ્વદેશ પાછી ફરી છે. કોરોના વાયરસથી સુરક્ષિત રહેવા માટે તે પતિ સાથે હોમ ક્વારંટાઇન સમય વ્યતિત કરી રહી છે. ત્યારે આ વચ્ચે સોનમ કપૂરને લઇને એક જબરદસ્ત ખબર વાયરલ થઇ રહી છે. કેટલાક મીડિયા રિપોર્ટમાં સોનમ કપૂર ગર્ભવતી વાનો દાવો કરી રહી છે. અને આ દાવા સાથે તેમણે કેટલાક ફોટો પણ મૂકી બેબી બંપ દેખાયો હોવાનો દાવો કર્યો છે. જો કે સોનમ કપૂરે તેની પ્રેગ્નેસીને લઇને કોઇ જાહેરાત નથી કરી. અને અમે પણ આ ખબરની કોઇ પુષ્ટી નથી કરતા.

પણ સોનમ કપૂરને લઇને સોશિયલ મીડિયામાં અનેક રીતની વાતો થઇ રહી છે. સ્પોર્ટબોયની એક રિપોર્ટમાં કેટલીક તસવીરોમાં સોનમ કપૂરનો બેબી બંપ દેખાયો હોવાની વાત છે. આ રિપોર્ટમાં સોનમ કપૂર એક સફેદ નાઇટ વેરમાં નજરે પડી રહી છે. અને ઢીલા આઉટફીટમાં સોનમ કપૂર પ્રેગ્નેટ હોવાનો વાત કહેવાઇ રહી છે. આ તસવીર તે વીડિયોની છે જ્યારે સોનમ કપૂર પોતાના દિલ્હી વાળા ઘરમાં હોમ ક્વારટાઇન ટાઇમ હેઠળ આઇશોલેશનમાં હતી. અને તે રૂમની બારીમાંથી તેની સાસુ જે નીચે ઊભી છે તેની જોડે વાત કરી રહી હતી. સ્પોર્ટબોયના રિપોર્ટમાં સોનમ કપૂર આ વીડિયો અને તસવીરના આધારા તેના પ્રેગ્નેટ હોવાની આશંકા સેવી રહ્યું છે. બીજી તરફ સોનમ હાલ ખાસા ટાઇમથી સોશિયલ મીડિયા અને ઇવેન્ટમાં પર લો પ્રોફાઇલ રહે છે. અને લાઇમ લાઇટથી પણ દૂર રહે છે. વળી તેણે હમણાં કેટલાક એવોર્ડ ફંકશન પણ મિસ કર્યા છે.

કોરોનાને લઇને બેદરકારી દાખવવાનો આરોપ

કોરોના વાયરસઃ કનિકા કપૂર વિરુદ્ધ એફઆઇઆર દાખલ

મુંબઇ

બોલિવૂડ ગાયિકા કનિકા કપૂરની વિરુદ્ધ સરોજની નગરના પોલીસ સ્ટેશનમાં એફઆઇઆર કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે કનિકા કપૂર લંડનથી પરત ફરી તે પછી તેમનો કોરોના વાયરસનો રિપોર્ટ પોઝિટીવ આવ્યા છે. પણ સોશિયલ મીડિયામાં તે ખબરે જોર પકડ્યું હતું કે લંડનની પરત ફર્યા પછી કનિકાને સેલ્ફ આઇસોલેશનમાં રહેવું જોઇતું હતું તે તેણે ના કરતા પાર્ટીઓમાં હાજરી આપી. જેના કારણે શુક્રવારે તેની વિરુદ્ધ યોગી સરકારે એફઆઇઆર દાખલ કરી છે. પણ હવે આ એફઆઇઆરમાં પર ગરબડ કરવામાં આવી હોવાની વાત બહાર આવી છે.

એક ખબર મુજબ સીએમઓ દ્વારા એફઆઇઆરમાં તેવું લખવામાં આવ્યું હતું કે કનિકાને એરપોર્ટ પર જ સંક્રમિત હોવાનું કહેવામાં આવ્યું હતું. અને તેમને હોમ



ક્વારંટીનમાં રહેવાનું સૂચન કરાયું હતું. જ્યારે એરપોર્ટ પર કોરોના વાયરસની તપાસની કોઇ વ્યવસ્થા જ નહતી.

સીએમઓ આમ પોતે જ એફઆઇઆર કરીને ફસાઇ ગયા છે. નિયમ મુજબ કનિકાના સંક્રમણની જાણકારી મળતા જ તેમણે તેના ઉપચાર માટે સ્વાસ્થય વિભાગને જરૂરી નિર્દેશ આપવા જોઇતા હતા. સીએમઓએ પોતાની એફઆઇઆરમાં સ્પષ્ટ લખ્યું છે કે કનિકા કપૂર લખનઉ એરપોર્ટ પર જ સંક્રમિત હોવાનું માલૂમ પડ્યું હતું. ત્યારે સવાલ તે છે કે જ્યારે તંત્રને તેના સંક્રમણની જાણકારી હતી તો કે તે વિષયને ગંભીરતાથી ના લીધો? વધુમાં ગાયિકા કનિકા કપૂર જે પાર્ટીમાં સામેલ થઇ હતી તે મામલે વધુ તપાસ કરવા હવે આઇબીની ટીમ શુક્રવારે સીએમઓ કાર્યલય પહોંચી હતી.

સાઇના-સિંધુ આ ટૂર્નામેન્ટ રમ્યા હતા

તાઈવાન બેડમિંટન ટીમના સભ્યને કોરોના વાયરસનો ચેપ



મુંબઇ

સાઇના નેહવાલ સહિત ભારતીય બેડમિંટન ખેલાડીઓએ તાઈવાનની ટીમ સાથે પ્રેક્ટિસ કરી રહેલા જુનિયર ખેલાડીને કોરોનાવાયરસથી ચેપ લાગ્યો હોવાના અહેવાલ પર ચિંતા વ્યક્ત કરી છે. ગત સપ્તાહે બર્મિંગહામમાં આયોજિત ઓલ ઇંગ્લેન્ડ ચેમ્પિયનશિપમાં આ ખેલાડી હાજર હતો. આ ટૂર્નામેન્ટમાં સાઇના, પી.વી.સિંધુ, કિદામ્બી શ્રીકાંત સિવાય ભારતના ઘણા ટોચના ક્રમે આવેલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. ડેનિશ ખેલાડી એચ.કે.વિટ્ટીંગે શુક્રવારે તાઇવાન મીડિયાના એક અહેવાલને શેર કર્યો, જેમાં ૧૦ વર્ષીય ખેલાડીને કોવિડ -૧૯ ચેપ લાગ્યો. અહેવાલ મુજબ, ખેલાડીએ હોટલથી ઓલ ઇંગ્લેંડ ચેમ્પિયનશિપની એરેના સુધીની તાઇવાની ટીમની બસમાં પણ પ્રવાસ કર્યો હતો. આ ટૂર્નામેન્ટ ૧૧ થી ૧૫ માર્ચ દરમિયાન યોજાઈ હતી.

માહિતી બહાર આવ્યા બાદ સાઇના સહિત ઘણા ભારતીય ખેલાડીઓ ડરી ગયા છે. સાઇનાએ ટ્વીટ કર્યું, આ સાંભળીને આશ્ચર્ય થયું. આ સાથે જ ભારતીય ડબલ્સ ટીમની સભ્ય અશ્વિની પોનપ્પાએ પણ ચિંતા વ્યક્ત કરી હતી. આ સિવાય પી.કશ્યપ, અજય જયારામે પણ રિપોર્ટને લઈને ચિંતા વ્યક્ત કરી હતી. ૨ દિવસ પહેલા સાઇનાએ કોવિડ -૧૯ના ખતરા વચ્ચે ઓલ ઇંગ્લેન્ડ બેડમિંટન ચેમ્પિયનશિપ યોજવા માટે સંચાલકોની ટીકા કરી હતી. તેણે કહ્યું હતું કે તેઓ પૈસાના કારણે ખેલાડીઓની સલામતી સાથે સમાધાન કરી રહ્યા છે.

ઇંગ્લેન્ડ ક્રિકેટર કેવિન પીટરસને મોદીના ભરપેટ વખાણ કર્યા



લંડન

ઇંગ્લેન્ડના પૂર્વ બેટ્સમેન કેવિન પીટરસને હિન્દીમાં ટ્વિટ કરીને પીએમ નરેન્દ્ર મોદીના કોરોનાવાઇરસના પ્રસારને રોકવાના પ્રયત્નોની પ્રશંસા કરી હતી. તેમણે લખ્યું- નમસ્તે ભારત, આપણે બધા કોરોનાવાઇરસને હરાવવામાં એક સાથે છીએ. આપણે બધાં પોતપોતાની સરકારની સૂચનાનું પાલન કરીશું અને થોડા દિવસ ઘરે જ રહીશું. બુદ્ધિપૂર્વક જીવવાનો આ સમય છે. આપ સૌને ખુબ ખુબ પ્રેમ.

મોદીએ પણ પીટરસનના પ્રયત્નોની પ્રશંસા કરી હતી. તેમણે ટ્વિટ કર્યું - વિસ્ફોટક બેટ્સમેન જેણે ટીમોને સંકટમાં જોયા છે તે આપણને કંઈક કહે છે. અમે કોવિડ -૧૯ સામે મળીને લડીશું. આ ટ્વિટમાં પીએમે વિરાટ કોહલી, સુરેશ રૈના, શિખર ધવન અને અજિંક્ય રહાણેના ટ્વીટને પણ શામેલ કર્યા છે. આ પછી, પીટરસને પણ તેમની પ્રશંસા કરવામાં મોડું ન કર્યું અને રીટવીટ કર્યું - આભાર મોદીજી, તમારું નેતૃત્વ પણ ખૂબ વિસ્ફોટક છે.

૨૪ માર્ચે આઈપીએલને લઈને મોટો નિર્ણય, વીડિયો કોન્ફરન્સથી થશે મહત્વની બેઠક

મુંબઈ

કોરોના વાયરસના કારણે બીસીસીઆઈએ આઈપીએલ ને ૧૫ એપ્રિલ સુધી સ્થગિત કરી દીધી છે. જોકે આ પછી હજુ સુધી નવી તારીખો અને ફોર્મેટની પર કોઈ નિર્ણય કર્યો નથી. ૧૪ માર્ચે બીસીસીઆઈની બેઠક મળી હતી. જેમાં ઘણા વિકલ્પો પર વાત કરવામાં આવી હતી. જોકે કોઈ નિર્ણય લીધો નથી. હવે આશા કરવામાં આવી રહી છે કે મંગળવારે એટલે કે ૨૪ માર્ચે થનારી બેઠકમાં આના પર નિર્ણય કરવામાં આવશે, આ બેઠક વીડિયો કોન્ફરન્સ દ્વારા થશે.

બીસીસીઆઈના સૂત્રોએ બતાવ્યું છે કે બીસીસીઆઈ અને આઈપીએલ ફ્રેન્ચાઈઝી મંગળવારે આગળની રણનીતિ પર રામ કરશે.



બીસીસીઆઈનું કાર્યાલય બંધ થઈ ગયું છે અને બધાની સુરક્ષા જોતા બેઠક હોટલમાં કરાવી શકાય નહીં. જેથી બેઠકને વીડિયો કોન્ફરન્સ દ્વારા કરવાનો નિર્ણય કર્યો છે.

ફ્રેન્ચાઈઝી માલિકો અને બીસીસીઆઈના ટોચના અધિકારીઓ વચ્ચે થયેલી પાછલી બેઠકમાં આઈપીએલની સિઝન ટૂંકી કરવા સહિત છ થી સાત વિકલ્પો પર વાત કરવામાં આવી હતી. બેઠક પછી બીસીસીઆઈ અધ્યક્ષ સૌરવ ગાંગુલીએ કહ્યું હતું કે અમે ફ્રેન્ચાઈઝી માલિકો સાથે મૂલાકાત કરી છે અને તેમને બતાવ્યું છે કે કેવી રીતે થઈ શકે અને હાલના સમયે શું સ્થિતિ છે. અમે પરિસ્થિતિની સમીક્ષા કરીશું.

ભારતમાં અત્યાર સુધી કોરોના વાયરસના કારણે ૨૫૦થી વધારે લોકો પ્રભાવિત થયા છે. કોરોનાના કારણે સ્પોર્ટ્સની બધી ટૂર્નામેન્ટ રદ થઈ છે અથવા સ્થગિત કરવામાં આવી છે.

શ્રીલંકાન ક્રિકેટર કુસલ મેંડિસ ટ્વિટર પર ટ્રોલ થયો

કોલંબો

ચીનથી ફેલાયેલા ઘાતક કોરોના વાયરસના વધતા પ્રકોપના કારણે ઘણા દેશોની સરકારો અને ત્યાંના લોકો પરેશાન છે. ભારતના પાડોશી દેશ શ્રીલંકાના ક્રિકેટરે પણ એક વીડિયો શેર કરી લોકોને આગ્રહ કર્યો છે કે તે હાથ પણ ધુઓ પરંતુ પાણીની બરબાદીના કારણે ઘણા યુઝરોને તે પસંદ આવ્યું નહીં.

શ્રીલંકાના ૨૫ વર્ષીય ક્રિકેટર કુસલ મેંડિસે ટ્વિટર પર એક વીડિયો શેર કર્યો છે જેમા તે તેના હાથ હેન્ડવોશથી ધોતો નજરે પડી રહ્યો છે. તેની સાથે જ વિશ્વસ સ્વાસ્થ્ય સંગઠન અને શ્રીલંકા ક્રિકેટને ફણ ટેહગ કર્યું છે. પરંતુ આ વીડિયોમાં આશરે ૨૦ સેકન્ડ સુધી તે પાણીનો નળ ખોલીને ઉભો રહ્યો છે.

સોશિયલ મીડિયા પર ઘણા યુઝર્સને તે પસંદ ન આવ્યું તેમણે શ્રીલંકાના બેટ્સમેનને જવાબ પણ આપ્યો મેંડિસે અત્યાર સુધી તેના કરિયરમાં ૪૪ ટેસ્ટ, ૭૬ વનડે અને ૨૬ટી-૨૦ ઈન્ટરનેશનલ મેચ રમી છે.

ઘણા લોકોએ તેના વખાણ કર્યા છે. કોરોના વાયરસને ડબલ્યુએચઓએ મહામારી જાહેર કર્યું છે જેના કારણે ઘણા દેશ પરેશાન છે. ભારતમાં તેના સંક્રમિતોની સંખ્યા ૨૦ને પાર પહોંચી ગઇ છે.

હોમ સીઝન ૭ અઠવાડિયા મોડી શરૂ થશે

કોરોના વાયરસઃ ક્રિકેટ બોર્ડે ૨૮મે સુધી તમામ ટૂર્નામેન્ટ સ્થગિત

લંડન

ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડએ કોરોનાવાયરસના ખતરા વચ્ચે ૨૮મે સુધી તમામ પ્રકારના પ્રોફેશનલ ક્રિકેટને સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે. ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડએ આ નિર્ણય કાઉન્ટી ટીમ, મેરિલબોન ક્રિકેટ ક્લબ અને પ્રોફેશનલ ક્રિકેટર્સ એસોસિયેશનની બેઠકમાં લીધો હતો. ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડએ કહ્યું કે, અત્યારની પરિસ્થિતિ જોતા હોમ સીઝનને ૭ અઠવાડિયા માટે ટાળવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ વચ્ચે સ્કોટલેન્ડના પૂર્વ સ્પિનર માજિદ હકનો કોરોનાવાઇરસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

૩૭ વર્ષીય માજિદે ટ્વીટ કરીને જાણકારી આપી હતી. સ્કોટલેન્ડમાં અત્યારસુધીમાં ૨૬૬ લોકોનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જ્યારે યુનાઇટેડ કિંગડમમાં અત્યાર સુધીમાં ૩૨૬૯ લોકોનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ત્યાંથી ૩૦ વધુ લોકોના મોત થયા છે.

ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડએ કહ્યું કે અમે સરકાર સાથે સંપર્કમાં છીએ અને નવી સીઝન ક્યારે શરૂ થશે તે અંગે ચર્ચા થઈ છે. અપેક્ષા છે કે સીઝન ખાલી સ્ટેડિયમમાં જ શરૂ થશે અને દર્શકોને ટેલિવિઝન પર લાઇવ મેચ જોવા મળશે. ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર ટોમ હેરિસનના જણાવ્યા મુજબ, વર્તમાન પરિસ્થિતિમાં બોર્ડની પહેલી પ્રાથમિકતા ખેલાડીઓ અને તેમના પરિવારોની સલામતી અને આરોગ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવાની છે.

સ્કોટલેન્ડ ક્રિકેટ ટીમના ખેલાડી માજિદ હકનો કોરોના રિપોર્ટ પોઝિટિવ

સ્કોટલેન્ડ

આ સમયે આખી દુનિયામાં કોરોના વાયરસનો કોહરામ મચી ગયો છે, રમત જગતમાં પણ તેનાથી બચી શક્યું નથી. ઘણા ખેલાડીઓ અત્યાર સુધી તેની ચપેટમાં આવી ચૂક્યા છે. જેમાથી ખાસ કરીને ફુટબોલર છે. જોકે, ક્રિકેટ જગતમાં પણ ઘણા ખેલાડીઓના ટેસ્ટ થયા હતા. પરંતુ તેમના રિપોર્ટ નેગેટિવ આવ્યા, હાલ સાઉથ આફ્રિકા અને ન્યુઝીલેન્ડના ખેલાડી સેલ્ફ આઈસોલેશન પર છે. આ વચ્ચે પાકિસ્તાન મૂળના સ્પિનર માજિદ હકનો રિપોર્ટ પોઝિટિવ આવવાથી ક્રિકેટ જગતમાં કોહરામ મચી ગયો છે. ક્રિકેટ જગતમાં આ પહેલો મામલો છે. સ્કોટલેન્ડના પાકિસ્તાની મૂળના ક્રિકેટર માજિદ હકને કોરોના વાયરસનો પોઝિટિવ છે. પરંતુ તે તેમાથી બહાર આવી રહ્યા છે.

સ્કોટલેન્ડ માટે ૨૦૦૬થી ૨૦૧૫સુધી ૫૪ વનડે અને ૨૧ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમનારા ઓફ સ્પિનર હકથી સોશિયલ મીડિયા પર તેની જાહેરાત કરી છે. ૩૭ વર્ષના આ ખેલાડીએ ગ્લાસ્ગોમાં રોયલ એલેક્સાંદ્રા હોસ્પિટલમાં ઉપચાર કરવામાં આવી રહ્યો છે.

તેમણે ટ્વિટ કર્યું છે કે કોરોના વાયરસ પોઝિટિવ મળ્યા બાદ આજે સંભવત ઘરે પરત ફરી શકુ છું. હોસ્પિટલમાં સ્ટાફ અને સારા થવાના મેસેજ મોકલનારાઓનો આભારપ જલદી સ્વસ્થ થઈને પરત ફરીશ. સ્કોટલેન્ડમાં ગુરુવારે ૨૬૬ મામલાની પુષ્ટિ થઈ હતી.

ભારતીય સેના ઉપર કોરોના વાયરસની અસર

પ્રથમવાર ૩૫ ટકા અધિકારીઓ અને ૫૦ ટકા જેસીઓ ૧ સપ્તાહ સુધી ઘરેથી કામ કરશે

ન્યુ દિલ્હી

બુધવારે ભારતીય સેનાના એક જવાનને કોરોના વાઈરસનો પ્રથમ પોઝિટિવ કેસ સામે આવ્યો છે. ત્યારપછી સેના પ્રમુખ જનરલ મનોજ મુકુંદ નવરણેએ ઈન્ફેક્શનને ટક્કર આપવા માટે આર્મીની તૈયારી જોઈ લીધી છે. સેનામાં ઈન્ફેક્શન રોકવા માટે અડ્વાઈઝરી જાહેર કરવામાં આવી છે. નવી એડ્વાઈઝરી પ્રમાણે ૨૩ માર્ચથી સેનાના ૩૫ ટકા અધિકારીઓ અને ૫૦ ટકા જૂનિયર કમીશન્ડ અધિકારીઓ (જેસીઓ) એક સપ્તાહ સુધી હોમ આઈસોલેશનમાં રહીને ઘરેથી કામ કરશે. જનરલ નરવણેએ જણાવ્યું કે, સેનાનું પહેલું ગ્રૂપ ૨૩ માર્ચથી આઈસોલેશનમાં જશે. જ્યારે બીજા ગ્રૂપનું હોમ આઈસોલેશન ૩૦ માર્ચથી શરૂ થશે. સેના મુખ્યાલયમાં કર્મચારીઓ અને અધિકારીઓની સંખ્યા ઓછી કરવાનો નિર્ણય કર્યો છે. ૨૩ માર્ચથી માત્ર તે લોકો જ આર્મી હેડક્વાર્ટર આવશે જે ઈમરજન્સી સાથે જોડાયેલા છે. તે સાથે જ સેના હેડક્વાર્ટર પર ભીડ ન થાય તે માટે ઓફિસ સમયને બે ટાઈમમાં વહેંચી દેવામાં આવ્યો છે. તે પ્રમાણે ઓફિસનું પહેલુ ગ્રૂપ સવારે ૯થી સાંજે સાડા પાંચ અને બીજુ ગ્રૂપ સવારે પોણા દસથી સવા છ વાગ્યા સુધી ઓફિસમાં રહેશે. સેના તરફથી જાહેર કરવામાં આવેલી એડ્વાઈઝરીમાં કાસ એ વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, આઈસોલેશનમાં જનાર ગ્રૂપ એકબીજાને મળશે નહીં અને ઈલેક્ટ્રોનિક માધ્યમોથી એકબીજાના સંપર્કમાં રહેશે.

તાળીઓ વગાડવાની નહીં, આર્થિક પેકેજની જરૂર છેઃ રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી

ભારતમાં કોરોના વાઈરસના વધતા જતા કેસો અને વાઈરસની માર દેશની ઈકોનોમી પર પણ પડી છે. આ વાઈરસનો સામનો કરવા માટે ભારત સરકાર તરફથી તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. જ્યારે હવે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ સરકાર પાસે એક મોટા આર્થિક પેકેજની માંગ કરી છે.

કોરોના વાઈરસ આપણી અર્થવ્યવસ્થા પર અસર પાડી રહી છે. નાના, મધ્યમ વ્યવસાયકારો અને મજુરો તેનાથી સૌથી વધારે પ્રભાવિત છે. તાળી વગાડવાથી તેમને મદદ નહી મળશે. આજે રોકડ મદદ, ટેક્સ બ્રેક અને દેવાની ચૂકવણી રોક જેવા મોટા આર્થિક પેકેજની જરૂર છે, તરત પગલા ભરો.

રાહુલ ગાંધીનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે નાણાંમંત્રી નિર્મલા સિતારમણે કોરોના વાઈરસ પ્રભાવિત વિસ્તારો માટે આર્થિક પેકેજ આપવાના સંકેત આપ્યા છે. તેમણે કહ્યું કે, આર્થિક પેકેજની જાહેરાત જેટલું જલ્દી શક્ય થઈ શકે તેટલું જલ્દી કરવામાં આવશે. નોંધનીય છે કે, વડાપ્રધાન મોદીએ ૨૨ માર્ચે એટલે કે રવિવારે જનતા કર્ફ્યૂની જાહેરાત કરી છે. તે સાથે જ તેમણે જનતા કર્ફ્યૂ દરમિયાન ખાસ અપીલ પણ કરી કે રવિવારે સાંજે ૫ વાગ્યે લોકો પોતાના ઘરના દરવાજા પર કે બારીએ સેવા કરનારાઓનો આભાર માટે તાળી વગાડી, થાળી વગાડીનેસ, ઘંટડી વગાડીને.

આજે જનતા કર્ફ્યું પહેલા પાનાથી ચાલુ

સવારે ૭થી રાતના ૯ વાગ્યા સુધી ઘરે જ રહેવાની અપીલ કરી છે. જો કે જનતા કર્ફ્યુના એક દિવસ પહેલા જ આજે શનિવારે લોકો પર અસર થઈ રહી હોય તેમ સામાન્ય જનજીવનને બજદદલે રસ્તાઓ સૂમસામ જણાતા હતા. ગૃહિણીઓએ પણ શાકભાજી સહિતની આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો વધુ માત્રામાં જમા કરવાનો પ્રયાસ કર્યો હતો. તો દુકાનદારોએ લોકોની ગરજનો ગેરલાભ ઉઠાવીને ઉંચા ભાવે સામાન વેચ્યો હોવાની અનેક ફરિયાદો પણ ઉઠવા પામી હતી.

ભારતને કોરોનાથી બચાવવા ખાસ કરીને ચીન અને ઇટાલીમાં જે ભાયનક પરિસ્થિતિ જોવા મળી તેમાંથી ભારતને બાકાત રાખવાના પ્રયાસ રૂપે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૨મી માર્ચે જનતા કર્ફ્યુનો અમલ કરવા કરેલી અપીલના પગલે કાલે ૨૨મીએ દેશ આખામાં કાશ્મિરથી કન્યાકુમારી અને કચ્છથી કોલકાતા સુધી સ્વૈચ્છિક બંધ પળાશે. વિમાન-ટ્રેન-બસો-ટ્રકો-મોલ-દુકાનો-હોટેલથી લઈને પાનના ગલ્લા સુધી બંધ રહેતા લોકો પણ ઘરેથી નિકળવાનું ટાળશે. અને કમ સે કમ એક દિવસ તો લોકો જાહેર સ્થળોએ એકબીજાના સંપર્કથી દૂર રહેતાં, કોરોનાનો ચેપ ફેલાવવાની શક્યતા ઓછી થવાની આશા દેશવ્યાપી સરકારી તંત્ર રાખી રહ્યું છે.

ગુજરાતની વાત કરીએ તો મહારાષ્ટ્ર અને અન્ય રાજ્યોમાં કોરોનાના કેસો નોંધાતા હતા ત્યારે ગુજરાત તેનાથી દૂર હતું. પરંતુ હવે ગુજરાત પણ તેની ચપેટમાં આવી ગયું છે અને ૧૩ પોઝીટીવ કેસો નોંધાતા સરકાર હરકતમાં આવી છે. સરકાર તરફથી આજે આરોગ્ય મંત્રી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જાહેર કર્યુ હતું કે, ગુજરાતમાં કોરોનાના એકપછી એક કેસ બહાર આવી રહ્યાં છે. આજે અમદાવાદમાં ત્રણ અને વડોદરામાં એક નવો કેસ નોંધાતા રાજયમાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૭થી વધીને ૧૩ થઈ ગઈ છે. આમ અમદાવાદમાં ૬, વડોદરામાં ત્રણ, સુરતમાં ત્રણ, ગાંધીનગરમાં એક અને રાજકોટમાં એક કેસ અત્યારસુધી પોઝિટિવ નોંધાયા છે. નીતિન પટેલે પત્રકારોને માહિતી આપતા જણાવ્યું હતું કે કોરોના વાઇરસના ૧૩ જેટલા પોઝિટિવ કેસ નોંધાયા છે. તેમાં ૧૨ જેટલા વિદેશથી આવેલા ભારતીયો છે. જ્યારે, મુખ્યમંત્રી વિજય રૂપાણીએ લોકોને જાણ કરી કે આપણે અત્યારે ફેઝ ૨ અને ૩ની વચ્ચે છીએ. તેથી આ મહામારીને રોકવા માટે વધુમાં વધુ સાવચેતી રાખવાની છે. અને તેનો એક જ ઉપાય છે કે આપણે આપણી જાતે બીજાથી દૂર રાખીએ. નોંધનીય છે કે અત્યાર સુધી જેટલા પણ પોઝિટિવ કેસ નોંધાયા છે એ તમામ વિદેશથી આવેલા નાગરિકોમાં નોંધાયા છે.

તો સીએમ રૂપાણીએ જાહેર કર્યું હતું કે, અમદાવાદ, સુરત, રાજકોટ-વડોદરામાં કોરોના માટે આઈસોલેટ હોસ્પિટલ ઉભી કરાશે. તેમણે આજે સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે આરોગ્ય વિભાગના અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. તો નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ વડોદરા પહોંચ્યા હતા અને એસએસજી હોસ્પિટલની મુલાકાત લીધી હતી.,

ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ લોકોને અને ખાસ કરીને સ્માર્ટ ફોનનો ઉપયોગ કરનારાઓને ચેતવણી આપતાં કહ્યું હતું કે, સોશિયલ મીડિયામાં કોરોના અંગે કે કોઈ અન્ય વાંધાજનક મેસેજ કે લખાણ ફેલાવનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

દરમ્યાન, સરકારના જણાવ્યાં પ્રમાણે, અત્યારસુધીમાં એરપોર્ટ પર ૩૬૬૧૭ પ્રવાસીઓનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું છે. છેલ્લા ત્રણ દિવસમાં હોમ કોરોન્ટાઈન હેઠળ ૧૫૦૬ લોકોને રાખવામાં આવ્યાં છે.

દેશમાં કોરોનાના ૧૧ પોઝિટિવ કેસની સંખ્યા વધીને ૨૦૦ ઉપર પહોંચી ગઈ છે. વડાપ્રધાન મોદીએ ૨૨ માર્ચે જનત કરફ્યું રાખવા અપીલ કરી છે. પરંતુ ગુજરાતમાં ૧૯ માર્ચે ૨ અને ૨૦ માર્ચે ૫ પોઝિટિવ કેસ સાથે પોઝિટિવ કેસનો આંકડો સાતથી વટાવી ગયો હતો. જેને પગલે આજથી જ ગુજરાતમાં લોકડાઉનની સ્થિતિ જોવા મળી રહી છે. રાજયની બજારો સહિત ૮૦ ટકા જેટલી કામગીરી ઠપ થઈ ગઈ છે. તેની સાથે સાથે રસ્તાઓ પણ સુમસામ થઈ ગયા છે અને ભાગ્યે જ કોઈ વાહન જોવા મળી રહ્યાં છે.

દુનિયાભરમાં પહેલા પાનાથી ચાલુ

અમેરિકામાં કોરોના મોટી આફત બન્યો છે. અમેરિકામાં વધુ ૧૯ લોકોના મોત થતા કુલ મૃત્યુઆંક ૨૭૫ થયો છે અને સંક્રમિતોની સંખ્યા ૧૯૭૭૪ થઈ છે. પાકિસ્તાનમાં કોરોના વાઈરસથી સંક્રમિતોની સંખ્યા ૫૦૦નો આંક વટાવી ગઈ છે ત્યારે પ્રધાનમંત્રી ઈમરાન ખાને રાષ્ટ્રવ્યાપી લોકડાઉન કરવાનો ઈકાર કર્યો છે. પાકિસ્તાનમાં અત્યાર સુધીમાં કુલ ૩ લોકોના મોત થયા છે અને ૫૦૧ જેટલા કેસ નોંધાયા છે. સિંધ પ્રાંતમાં સૌથી વધારે ૨૫૨ કેસ સામે આવ્યા છે.

ફ્રાન્સમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૬૦૦ કેસ નોંધાયા છે. કુલ કેસની સંખ્યા અહીં ૧૨૬૧૨ પહોંચી ગઈ છે. મૃત્યુઆંક ૪૫૦ પહોંચી ગયો છે. ઈટાલી ૪૦૩૨, ચીન ૩૨૪૮, ઈરાન ૧૨૮૪, સ્પેન ૧૦૪૩, ફ્રાન્સ ૩૭૨, અમેરિકા ૨૭૭, બ્રિટેન ૧૪૪, નેધરલેન્ડ ૭૬, જર્મની ૪૪, સ્વિત્ઝર્લેન્ડ ૪૩, ભારતમાં ૫ લોકોના મોત થયા છે. જણાવી દઈએ કે, વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને કોરોનાવાયરસને મહામારી જાહેર કરી છે. આ બિમારીના કારણે વિશ્વની અર્થવ્યવસ્થા પર પણ ભારે અસર થઈ છે.

ઇટાલીમાં પહેલા પાનાથી ચાલુ

મૃત્યુઆંક ૧,૦૦૦ પાર ૧,૦૪૩ થઈ ગયો છે. પાકિસ્તાનમાં સંક્રમિતોની સંખ્યા ૫૦૦થી ઉપર થઈ ગઈ છે.

સમગ્ર વિશ્વમાં કોરોનાના કારણે ચેરગ્રસ્ત થયેલા વ્યક્તિની સંખ્યા ૨,૫૮,૦૦૦ થઈ છે જ્યારે ૧૧,૦૦૦ લોકોએ આ મહામારીમાં જીવ ગુમાવ્યો છે. અગાઉ ઈટાલીમાં એક દિવસમાં ૪૬૫ અને તેના પહેલાં ૪૨૭ લોકોના એક જ દિવસમાં મોત થયા હતા.ય ૮.૬ ટકાના મૃત્યુદર સાથે ઈટાલીમાં કોરોનાએ મૃત્યઘંટ વગાડ્યો છે.

શુક્રવારે યૂરોપના ફ્રાન્સમાં પણ ચિંતાજનક સ્થિતિ સર્જાઈ છે. ફ્રાન્સમાં શુક્રવારે ૨૪ કલાકમાં ૭૮ લોકોનાં મોત થયા છે. ફ્રાન્સમાં કોરોનાએ અત્યારસુધીમાં ૪૫૦ લોકોના જીવ લીધા છે ત્યારે હવે સમગ્ર વિશ્વની નજર ભારતના ત્રીજા સ્ટેજ પર છે.

કોરોનાના કારણે પહેલા પાનાથી ચાલુ

કરવાનો હોવો જોઈએ, જેનાથી અર્થવ્યવસ્થાને લાગનાર આર્થિક ઝટકો અસ્થાયી થાય.

તેમણે કહ્યુ કે બેંકો અને સરકારોએ બજારોને તરલતા આપવા અને તેમને કાર્યશીલ રાખવા માટે પહેલેથી જ અભૂતપૂર્વ ઉપાય કર્યા છે પરંતુ આની કદાચ વધુ જરૂર રહેશે. તેમના પ્રભાવને વધારવા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે આવા પગલાને સમન્વય કરવા જોઈએ. આ સંકટ માટે સારા સંગઠન અને વધુ સમન્વિત આરોગ્ય પ્રતિક્રિયા જરૂર છે જેનાથી જેટલુ જલ્દી થઈ શકે આત્મવિશ્વાસ પાછો આવે.

કોરોનાની અસરે લોકડાઉનનો ડર, ચીજવસ્તુ ખરીદવા બજારો ઉભરાયા

ગાંધીનગર

આવનારા દિવસોમાં બંધની સ્થિતિ ઊભી થવાની દેહશતના પગલે લોકો પોતાની જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ લેવા દોડી ગયા હતા. જોકે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જીવન જરૂરિયાતની વસ્તુઓ માટે દોડાદોડી ન કરવાનું અને બિનજરૂરી વસ્તુનો સંગ્રહ ન કરવા અપીલ કરી હતી. છતાં લોકોએ જરૂરી વસ્તુઓનો સ્ટોક કરી લેવા માટે માર્કેટમાં ભીડ ઊભી કરી હતી. શુક્રવારે મોલથી લઈને સ્થાનિક માર્કેટમાં, શાકભાજી માર્કેટમાં તથા કરિયાણાની દુકાનમાં સામાન્ય દિવસો કરતા વધારે ભીડ જોવા મળી હતી. જ્યારે મોલમાં ખરીદી કરવા માટે લોકોએ લાઈન લગાવી હતી.

લોકોએ થોડું અનાજ, કરિયાણું, સુકા તૈયાર નાસ્તા, શાકભાજીમાં ડુંગળી, બટેટાની મોટા પ્રમાણમાં ખરીદી કરી હતી. બીજી તરફ કેટલાક લોકોએ થોડા દિવસો ચાલે એટલું દૂધ, દહીં અને છાશ જેવી ડેરી પ્રોડક્ટ ભેગી કરી લીધી છે. કોરોના વાયરને કારણે આવનારા દિવસોમાં શું થશે એવી અંધારા રૂપી અનિશ્ચિતતાને લીધે વસ્તુઓ લેવા માટે માર્કેટમાં ગયા હતા. રવિવારે મોટા ભાગના લોકો જનતા કર્ફ્યુંને સમર્થન આપવાના છે. જ્યારે કેટલાક લોકો વર્ક ફ્રોમ હોમ કરવાના છે. વેપારીઓએ જણાવ્યું હતું કે, બે દિવસ સુધી ચાલે એટલું લોકોએ ભેગું કરી લીધું છે. શનિવારથી માર્કેટ આંશિક રીતે બંધ પાડશે એવો માહોલ છે. દરરોજ એક કે બે દૂધની થેલી લેનારાઓ પાંચથી છ થેલી લઈને જાય છે. સૌથી વધારે ખરીદી શાકભાજીની થઈ રહી છે.

ડુંગળી અને બટેટાનો સ્ટોક લાંબા સમય સુધી ચાલે એમ હોવાથી લોકો એક કે બે કિલો નહીં પણ ત્રણથી ચાર કિલો ડુંગળીની ખરીદી કરી રહ્યા છે. આ સાથે આદું, લીંબું, કોથમરી અને મરચાની વિપુલ ખરીદી થઈ છે. બે-ત્રણ દિવસના શાકભાજી ખરીદનારાઓ હવે આઠ દિવસ ચાલે એટલું શાકભાજી લઈ રહ્યા છે. લોકો ઘરમાં રહે એટલે નાસ્તાનો વપરાશ વધે છે. તેથી સુકા નાસ્તા અને ફરસાણની ખરીદી વધી હતી. લોકો ૨૦ દિવસ ચાલે એટલો નાસ્તો ખરીદી રહ્યા છે. મોલમાંથી પણ સુકો નાસ્તો સૌથી વધું વેચાયો હતો.

કપરાડામાં એમ્બ્યુલન્સને અકસ્માતઃ પાયલોટ-મેડિકલ ઓફિસરને ગંભીર ઈજા

વલસાડ

કપરાડા તાલુકાના શાહુડા ગામની ૧૦૮ એમ્બયુલન્સને દાબખલ ગામે શનિવાર સવારે ગંભીર અકસ્માત નડ્યો હતો. એક્સિડન્ટના પગેલ પાયલોટ અને મેડીકલ ઓફીસરને ગંભીર ઈજા થતાં વધુ સારવાર માટે ઘરમપુર સ્ટેટ હોસ્પીટલ ખસેડવામાં આવ્યા છે.

કપરાડા સરકારી હોસ્પિટલમાં સારવાર આપી પરત ફરતી વખતે એમ્બ્યુલન્સનો અકસ્માત થયો હતો.કપરાડાના દાબખલમાં ૧૦૮ એમ્બ્યુલન્સને થયેલા અકસ્માત પાયલોટ મેડિકલ ઓફિસર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતાં. બાદમાં પોલીસ સ્થળ પર પહોંચી હતી. અકસ્માતના પગલે મોટી સંખ્યામાં લોકો એકત્ર થઈ ગયા હતા.

લોકો ઘરમાં રહે,ભયમાં ન રહે, સાવચેત રહેઃ ચુડાસ્મા

રાજકોટ

કોરોના વાઈરસનો એક કેસ પોઝિટિવ નોંધાયા બાદ રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા આજે રાજકોટ પહોંચ્યા છે. ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, કોરોના વાઈરસનો હાલ એક ઉપાય છે, લોકો ઘરમાં રહે, ભયમાં ન રહે, સાવચેત રહે. બજારોમાં કોઈ વધુ ભાવ લે છે, તેવી કોઈ ફરિયાદ મળી નથી ફરિયાદ મળશે એટલે કાર્યવાહી કરીશું.

ઉત્તરવહી મુદ્દે ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, આ મામલાની પોલીસને તપાસ સોંપી છે, કડક કાર્યવાહી કરીશું. અમુક ઉત્તરવહી મળી નથી, તેને સરેરાશ માર્ક મૂકી શકાય.

ભરૂચમાં ૪ મોલ-૯ જીમ કરાયા સીલ, ૩ બગીચા, ૪૨ ક્લાસીસને તાળાબંધી

ભરૂચ

રાજ્યમાં કોરોનાના સાત પોઝિટિવ કેસ આવતા ભરૂચ જિલ્લા તંત્ર વધુ સતર્ક થઈ ગયું છે. જિલ્લા કલેક્ટરે ભરૂચ શહેરમાં ૪ મોલ અને ૯ જીમને સીલ કરાવ્યા છે જ્યારે પાલિકાએ ૪૨ ટ્યુશન ક્લાસીસ અને ૩ બગીચાઓ બંધ કર્યા છે.શહેરમાં કોઈએ પણ સમાજ કે ખાનગી સંસ્થાઓ દ્વારા યોજાતા કાર્યક્રમો અને સામાજીક પ્રસંગો કે જેમાં મોટી સંખ્યામાં લોકો ભેગા થતાં હોય તેને મોકૂફ રાખવા અધિકારીઓને સુચના અપાઇ છે.જો કોરોનાને લઈને કોઈને પણ તકલીફ હોય તેમને કંટ્રોલ ફોન નં.૦૨૬૪૨-૨૫૨૪૭૨ પર સંપર્ક કરવા કલેક્ટરે અપીલ કરી છે.

કોરોનાની દહેશત વચ્ચે ભરૂચ શહેર-જિલ્લામાં શુક્રવારે ધંધા-રોજગાર અને રોજિંદી કામગીરી રાબેતા મુજબ રહી હતી. લોકોને વાઇરસના ભય સામે સાવચેતી અને લોક જાગૃત્તિ કેળવવા સાથે આગોતરા પગલાં લેવા માટ જિલ્લા વહીવટી તેમજ આરોગ્યતંત્રને સજ્જ કરી દેવાયું છે.ભરૂચ જિલ્લા કલેક્ટર એમ.ડી.મોડિયાએ કોરોના વાઇરસનાં સંક્રમણને અટકાવવા તેમજ સાવચેતીના ભાગરૂપે કલેકટર કચેરી સભાખંડ ખાતે મેડીકલ સ્ટોર ધારકો, ઔદ્યોગિક એકમોના પ્રતિનિધિઓ તેમજ આરોગ્ય વિભાગના અધિકારીઓ બેઠક યોજી સૂચનાઓ આપી હતી.

કોરોના વાઇરસ સંક્રમણને જિલ્લામાં ફેલાતો અટકાવવા માટે તંત્રે શહેરના ૪૨ ટ્યૂશન ક્લાસીસો અને દાદાભાઈ બાગ,મોતીલાલ વિણ બાગ અને પુષ્પા બાગને પાલિકાએ બંધ કરાવ્યા હતા જયારે ૯ જીમ અને બીગ બઝાર, ડી માર્ટ, રિલાયન્સ અને ધીરજ સન્સ સુપર માર્કેટને મામલતદારની ટીમે જઈ તાતકાલિક અસરથી સીલ કરી દીધા હતાં જિલ્લાના તમામ થીયેટર, નાટ્યગૃહો, સ્નાનાઘર, પહેલાથી જ સંપૂર્ણપણે બંધ કરાયા છે. જિલ્લા કલેક્ટરે શહેરીજનોને કોરોના વાયરસથી ગભરાયા વગર તકેદારી, સાવચેતી રાખવાની અપીલ કરી છે.

ધોળા દિવસે ચાકુની અણીએ યુવકનું અપહરણ કરી ૪૦ લાખની લૂંટ

આણંદ

ચિખોદરા ચોકડી સ્થિત ધરતી બંગ્લોઝ ખાતે મયુરકુમાર પટેલ રહે છે. તેઓ વડોદરાની ગ્રીફીન ફોરેક્સ અને એટલાસ ફોરેક્સનું કમીશનથી કામ કરે છે. ગત ૨૨મી નવેમ્બરના રોજ તેઓને વડોદરાની ઓફિસમાંથી આણંદ સચ ટ્રાવેલ્સ મેફેર રોડ અને ગ્વાલિયર ફોરેક્સમાંથી તેમના વિદેશી ચલણના પાર્સલ લઈને વડોદરા આપવા આવજો તેમ કહેતાં તેઓ બપોરે ચાર કલાકે પોતાની પાસેની બેગમાં વિદેશી ચલણ મૂકી બાઈક લઈને વડોદરા જવા માટે નીકળ્યા હતા. તેઓ બાઈક લઈને વડોદરા તરફ જઈ રહ્યા હતા. મોગર સ્થિત રૂપારેલ પાસે પાછળથી પુરપાટ ઝડપે આવી રહેલી એક કારે તેમને અટકાવી હતી.

કારની આગળના ભાગે પોલીસ લખેલું પાટીયુ માર્યું હતું. કારમાંથી બે શખ્સો ઉતર્યા હતા અને તેમણે પોતાની ઓળખ પોલીસ તરીકે આપી હતી. યુવકને માર મારી કારમાં પાછળની સીટ પર બેસાડી દીધો હતો. તેના ગળા પર છરી મૂકી દઈ તેને કારમાં બાલ અમૂલથી બેડવા તરફ જવાના રસ્તે લઈ ગયા હતા. તેને સાંજે છ કલાકે બાધરપુરા દૂધ મંડળી પાસે જીવતા રહેવું હોય તો કોઈને કહીશ નહીં તેવી ધમકી આપી તેનો મોબાઈલ અને ખાલી બેગ આપી ફરાર થઈ ગયા હતા.

બીજી તરફ યુવકે તેના મોબાઈલથી સમગ્ર બનાવની જાણ જીતુભાઈ અને સાબીરભાઈને કરી હતી. તેઓ તાબડતોડ મોગર ખાતે દોડી આવ્યા હતા. આ બનાવ સંદર્ભે વિચારીને ફરિયાદ કરીશું તેમ કહ્યા બાદ બનાવના દોઢ મહિના બાદ યુવકને જીતુભાઈ, સાબીરભાઈ તેમજ તેમના દીકરા અરબાઝે ચિખોદરા ચોકડી પાસે બોલાવ્યા હતા. તેઓએ તેમની સાથે ઊભા રહેલા બે શખ્સની ઓળખ દેવાંગ અને તેની સાથેના રીયાઝ વ્હોરાની કરાવી હતી. બંને શખ્સ એ જ હતા કે જેઓએ તેનું દોઢ મહિના પહેલાં અપહરણ કર્યું હતું.

મોદીએ કોરોના વાઈરસ ફંડમાં મદદ માટે નેપાળ અને ભૂટાનના વખાણ કર્યા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના વાઈરસ માટે બનાવવામાં આવેલા સાર્ક દેશોના ફંડમાં ૧૦ કરોડ નેપાળી રૂપિયાની મદદ આપવા માટે ત્યાંના વડાપ્રધાન કેપી શર્મા ઓલીના વખાણ કર્યા હતા. ભૂટાનના વડાપ્રધાન ડૉ. લોતે શેરિંગે પણ આ ફંડમાં એક લાખ ડોલરની મદદ કરી છે. મોદીએ તેમના આ પ્રયાસના વખાણ કર્યા છે.

સોશિયલ મીડિયામાં અફવાઓ ફેલાવનાર સામે થશે કાર્યવાહીઃ ગૃહમંત્રી જાડેજા

કોરોના વાયરસના રાજ્યમાં ૧૩કેસ પોઝિટિવ નોંધાયા છે. જેમ જેમ દર્દીઓ વધી રહ્યા છે તેમ તેમ સોશિયલ મીડિયામાં અફવાઓ ફેલાવાનું પ્રમાણ વધ્યું છે. આ અંગે આજે ગૃહરાજ્યપ્રધાન પ્રદિપસિંહ જાડેજાએ કહ્યું હતું કે અફવા ફેલાવી અને લોકોમાં ભય ફેલાવનાર વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે. આ ઉપરાંત જે લોકોને કોરોનાટાઈન કરવામાં આવ્યા છે તે પણ જો આદેશનું પાલન નહીં કરે અને બહાર અન્ય લોકો વચ્ચે જશે તો તેમના વિરુદ્ધ પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

થાઈલેન્ડથી ભરૂચ આવેલો વ્યક્તિ હોમ ઓબ્ઝર્વેશનમાં ન રહેતા પોલીસ પકડી ગઈ

ભરૂચ

ભરૂચના ઝાડેશ્વર વિસ્તારમાં થાઈલેન્ડથી આવેલા એક વ્યક્તિને પોલીસની મદદથી અવિધા આરોગ્ય કેન્દ્ર ખાતે ઓબ્ઝર્વેશનમાં ખસેડવામાં આવ્યો છે. આ વ્યક્તિને હોમ ઓબ્ઝર્વેશનમાં રહેવા જણાવવામાં આવ્યું હોવા છતાં ન રહેતા સોસાયટીના સભ્યોએ ફરિયાદ કરી હતી. જેથી પોલીસ અને આરોગ્ય વિભાગની કાર્યવાહી કરી હતી. તેના પરિવારની ૨ મહિલાને પણ ઓબ્ઝર્વેશનમાં રાખવામાં આવી છે.

ભરૂચ કલેકટર ડો.એમ.ડી. મોડિયાએ કલમ-૧૪૪નો કડક પાલન કરવા સૂચના આપી છે. ભરૂચ જિલ્લામાં ૧૯૧ મુસાફરો વિદેશ પ્રવાસેથી આવ્યા છે. જેમાં ૧૩૨ લોકોનું ઓબ્ઝર્વેશન કરાયું છે. અને ૪ લોકોને આઈશોલેશન વોર્ડમાં રાખવામાં આવ્યા છે. જોકે એકપણ દર્દીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો નથી. કોસ્ટલ એરિયામાં જે.ટી. ઉપર આવતા લોકોની તપાસ કરવામાં આવી રહી છે.

આજે રાજકોટમાં તમામ પેટ્રોલ પંપ રહેશે બંધ

રાજકોટ

વડા પ્રધાન મોદીએ કોરોના વાયરસનાં પગલે રવિવારે સવારે ૭થી રાત્રે ૯ વાગ્યા સુધી લોકોને જનતા કર્ફ્યુ માટે અપીલ કરી છે. આ અપીલમાં લોકોને સ્વૈચ્છિક ઘરે રહેવા માટે જણાવવામાં આવ્યું છે. જનતા કર્ફ્યુને સમર્થન જાહેર કરતાં રાજકોટ પેટ્રોલ એસોસિયેશને રવિવારે તમામ પેટ્રોલપંપ બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. પેટ્રોલ પંપ બંધ રાખવાના નિર્ણયને કારણે રાજકોટવાસીઓને અફરાતફરી ન મચાવવા નમ્ર અપીલ કરવામાં આવે છે.

વડા પ્રધાન મોદીના જનતા કર્ફ્યુમાં રાજકોટ પેટ્રોલ પંપ એસોસિયેશન પણ જોડાયું છે. જેમાં રાજકોટમાં રવિવારે તમામ પેટ્રોલ પંપ બંધ રહેશે. રાજકોટમાં રવિવારે સવારે ૭ વાગ્યાથી લઈ સાંજના ૭ વાગ્યા સુધી પેટ્રોલ પંપ બંધ રહેશે. અને ૭ વાગ્યા બાદ તમામ પેટ્રોલ પંપ ચાલુ થઈ જશે. ઉલ્લેખનીય છે કે, રવિવારે જનતા કર્ફ્યુનું એલાન કરવામાં આવ્યું છે, પણ રાજકોટમાં અત્યારથી જ જનતા કર્ફ્યુ જેવો માહોલ છે.

જનતા કર્ફ્યુના સમર્થનમાં બસ સેવા સહિત ટ્રાન્સપોર્ટેશનની તમામ સેવાઓ બંધ છે. ત્યારે રવિવારે જ નહીં પણ શનિવારે પણ રાજકોટમાં કર્ફ્યુ જેવો માહોલ હતો. રસ્તાઓ સુમસામ જોવા મળ્યા હતા. તો કોરોના વાયરસને પગલે રાજકોટમાં કલમ ૧૪૪ લાગુ કરાઈ છે. જેને કારણે પણ લોકોની ભીડ જોવા મળી રહી નથી. તો સાથે જ ચાની લારીઓ અને ગલ્લાઓ પણ કોર્પોરેશન દ્વારા બંધ રાખવાનો આદેશ કરવામાં આવ્યો છે.

બોગસ પાસપોર્ટના રેકેટ નો પર્દાફાશ, દંપતી સહિત પાંચ જણની ધરપકડ

ગાંધીનગર

બનાવટી નામે તૈયાર કરાયેલા બોગસ પાસપોર્ટને આધારે ગુજરાતના રહેવાસીઓને યુકે મોકલવાના રેકેટનો પર્દાફાશ કરી કાઈમ બ્રાન્ચે અમદાવાદના દંપતી સહિત પાંચ જણની ધરપકડ કરી હતી. અત્યાર સુધીમાં ૧૨થી ૧૫ પટેલને યુકેમાં મોકલી વ્યકિતદીઠ ૧૫ લાખ પિયા વસૂલનારી આ ટોળકી પાસેથી ૧૪ બોગસ પાસપોર્ટ જ કરવામાં આવ્યા હતા.

ક્રાઈમ બ્રાન્ચ યુનિટ–૮ના ઈન્ચાર્જ ઈન્સ્પેકટર અજય જોશીની ટીમે પકડી પાડેલા આરોપીઓની ઓળખ હિતેશ ચંદુભાઈ પટેલ (૩૬), મીતાબેન હિતેશ પટેલ (૩૩), મનીષ નાથાલાલ ઘોગરી (૩૬), અમિત ઓમપ્રકાશ અગ્રવાલ (૪૧) અને ભાવેશ શાંતિલાલ શાહ (૪૪) તરીકે થઈ હતી. પાંચેય આરોપીને કોર્ટે ૨૩ માર્ચ સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. દુબઈ જવા નીકળેલું અમદાવાદના ગતરાડ ગામમાં રહેતું દંપતી હિતેશ અને મીતા પટેલ ૨૬ ફેબ્રુઆરીના રોજ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ અરપોર્ટ પર બોગસ પાસપોર્ટ સાથે ઝડપાઈ ગયું હતું. આ પ્રકરણે સહાર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપાઈ હતી. પટેલ અટક ધરાવતી વ્યકિતને ઈંગ્લેન્ડના વિઝા મેળવવામાં ખાસ્સી મુશ્કેલી નડતી હતી. પરિણામે તેમણે દહિસરમાં રહેતા મુખ્ય આરોપી મનીષ ઘોગરીની મદદ લીધી હતી. બાદમાં દંપતીના કુણાલ જીવરાજકા અને મીતા જીવરાજકા નામના પાસપોર્ટ બનાવવામાં આવ્યા હતા. આ માટે તે મુંબઈના રહેવાસી હોવાનું સાબિત કરતા બનાવટી દસ્તાવેજો તૈયાર કરવામાં આવ્યા હતા, જેમાં મુંબઈના રહેઠાણ, જન્મદાખલા, બેંકને લગતા દસ્તાવેજોનો સમાવેશ થાય છે.

ટેપ ધીમે વગાડવા કહેતા ત્રણય શખ્સોએ યુવકની છરી મારી હત્યા

જામનગર

જામનગરના કિસાનચોક નજીક ગત સાંજે એક યુવકની છરીના ઉપરાછાપરી ઘા ઝીંકીને હત્યા નીપજાવવાના મામલે શહેરભરમાં ચકચાર મચી ગઈ છે, જે બાદ રાત્રે સીટી એ ડીવીઝન પોલીસ મથકમાં મૃતકના ભાણેજ દ્વારા ત્રણ શખ્સો સામે હત્યાની કલમ હેઠળ ગુન્હો નોંધાવવામાં આવ્યો છે, આરોપીઓ અશ્વિન ઉર્ફે બાડો, જિતેન્દ્ર ઉર્ફે ટકો અને વિપુલ ચૌહાણ રીક્ષામાં બેસી ફુલ અવાજથી ટેપ વગાડતા હોય જેને મૃતક યુસુફભાઈ આમદભાઈ ખફી ટેપ ધીમે વગાડવા કહેતા ત્રણેય આરોપીઓ એકદમ ઉશ્કેરાઈ જઈ અને યુસુફભાઈ સાથે બોલાચાલી કરી ગાળો કાઢી રીક્ષામાં બેસી ચાલ્યા જઈ રીક્ષા આગળથી પાછી વાળી આરોપીઓ પૈકીના અશ્વિન ઉર્ફે બાડોએ રીક્ષામાંથી નીચે ઉતરી પોતાની પાસે રહેલ છરી વડે યુસુફભાઈને છાતીના ભાગે છરીનો એક ધા મારી ગંભીર ઈજા કરી મોત નિપજાવી દીધું હતું. ત્યારબાદ તમામ આરોપીઓ રીક્ષામાં બેસી નાસી છૂટ્યા હોય પોલીસે આ મામલે તપાસ હાથ ધરી ત્રણેય આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

બીએસએફના જવાનમાં કોરોનાના લક્ષણો દેખાતા સારવારમાં, સેમ્પલ મોકલાયા

કચ્છ

કચ્છમાં ગાંધીધામ આવેલી બીએસએફ (બોર્ડર સિક્યોરિટી ફોર્સ)ની એક બટાલિયનના એક જવાનમાં કોરોનાના લક્ષણો દેખાતાં તેને તત્કાલ ભૂજની જી.કે. જનરલ હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યો છે. આ સાથે આ યુવકના સેમ્પલ લઈને તેને તપાસ માટે મોકલવામાં આવ્યા છે. આ રિપોર્ટની રાહ જોવાઈ રહી છે.

મળતી માહિતી મુજબ, બીએસએફની એક બટાલિયન ગાંધીધામ આવેલી છે. આ બટાલિયનમાં એક જવાન ગાઝિયાબાદ ખાતે પોતાના ઘરેથી આવ્યો હતો. દરમિયાન તેનામાં શરદી, ખાંસી સહિત કોરોનાના શંકાસ્પદલક્ષણો જોવાયા હતા. આથી તેને ભુજની જી.કે. જનરલ હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યો હતો. આ યુવકને સારવારમાં લઈને, તેના લાળ, લોહી સહિતના નમુના લઈને ટેસ્ટિંગ માટે મોકલી આપવામાં આવ્યા છે. જેના રિપોર્ટની રાહ જોવાઈ રહી છે.

ઉલ્લેખનીય છે કે, કચ્છમાં અત્યાર સુધીમાં કોરોનાના શંકાસ્પદ લક્ષણો ધરાવતાં પાંચ કેસો સામે આવ્યા હતા. જો કે તપાસ બાદ આ તમામ લોકોના રિપોર્ટ નેગેટિવ આવતાં તંત્રએ હાશકારો અનુભવ્યો છે.

થરાદ -વાવ હાઈવે ઉપર ટ્રેલરની ટક્કરથી બાઈક ચાલકનું મોત, ચાલક ફરાર

થરાદ

થરાદ-વાવ હાઈવે ઉપર આવેલ ગોકલ ગામના પાટિયા નજીક પુર ઝડપે દોડતા ટ્રેલરના ચાલકે ગફળતભર્યું ડ્રાઈવિંગ કરી બાઈકને ધડાકાભેર ટક્કર મારી હતી જેથી બાઈક ચાલક ચારડા ગામના પ્રજાપતિ કાળાભાઈ ગંગારામભાઈ (ઉ. વર્ષ ૨૫) નું ઘટના સ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જો કે અકસ્માત સર્જી ટ્રેલર ચાલક ફરાર થઈ ગયો હતો. અકસ્માતની જાણ થતાં અજુબાજુમાંથી લોકો દોડી આવ્યા હતા બાદમાં જાણ થતાં પોલીસ પણ દોડી આવી હતી અને લાશ પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે બનાવના પગલે પંથકમાં અરેરાટી છવાઈ છે.

ગોંડલ યાર્ડમાં ૨ એપ્રિલ સુધી નવી જણસની આવક બંધ રહેશે

રાજકોટ

રાજકોટ સહિત સમગ્ર વિશ્વ આજે કોરોના વાયરસના કારણે ચિંતિત છે. ત્યારે રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં કોરોના વાયરસના ૧૦થી વધારે કેસ પણ નોંધાઈ ચુક્યા છે. કોરોના વાયરસ વધુ ન ફેલાય તે માટે રાજ્ય સરકાર પણ ચિંતિત છે. તો બીજી તરફ લોકો પણ સ્વયંભૂ બંધ પાળી રહ્યા છે. ત્યારે ગોંડલ માર્કેટિંગ યાર્ડના સત્તાધીશોએ કોરોના વાયરસના કારણે, માર્કેટિંગ યાર્ડમાં નવી જણસીની આવક બંધ કરવાનો નિર્ણય કર્યો છે. જણસીની નવી આવક ૨૨મી માર્ચ ૨૦૨૦થી લઈ ૦૨ એપ્રિલ ૨૦૨૦ સુધી બંધ કરવામાં આવી છે. આગામી ૩ એપ્રિલના રોજ યાર્ડમાં નવી જણસીની આવક શરૂ કરવામાં આવશે. હાલ એવી જ જણસીની હરાજી કરવામાં આવશે જે હાલ માર્કેટયાર્ડમાં પડતર છે. બીજા બાજું આવતીકાલ (૨૨મી માર્ચ) એક દિવસ માટે ગોંડલ શાકભાજી માર્કેટયાર્ડ પણ બંધ રહેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તારીખ ૨૨મી માર્ચના રોજ દેશ વ્યાપી જનતા કર્ફ્યૂની જે વાત કહી હતી તેના સમર્થનમાં ગોંડલ માર્કેટયાર્ડ તેમજ ગોંડલ શાકભાજી માર્કેટિંગ યાર્ડ બંધ રહેશે. હરાજી સહિતની તમામ પ્રક્રિયાઓ આ બંને યાર્ડમાં બંધ રહેશે. યાર્ડ તરફથી ખેડૂતો અને લોકોને અપીલ કરી છે કે રવિવારે શાકભાજી યાર્ડ ખાતે આવવું નહીં.

પીડીતનું મકાન કોર્પોરેશને પોતાના હસ્તક લઈ લીધું

ગાંધીનગરમાં કોરોના વાઈરસનો એક પોઝિટિવ કેસ નોંધાયો

ગાંધીનગર

ગાંધીનગરમાં કોરોના વાઈરસનો પોઝિટિવ કેસ નોંધાયો. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દર્દીને દાખલ કરવામાં આવ્યો છે. પોઝિટિવ દર્દીના પરિવારને જર્મન પેલેસમાં ૧૪ દિવસ રાખવામાં આવશે. સેકટર ૨૯માં આવેલા મકાનને ૧૪ દિવસ માટે કોર્પોરેશને પોતાના હસ્તક લીધું. આખા મકાનને સેનેટાઈઝ કરવામાં આવશે.

દુબઈથી આવેલા ગાંધીનગરના યુવકનો કોરોના પોઝિટિવ આવ્યો છે. એરપોર્ટ પર સ્ક્રીનિંગ સમયે નોર્મલ ટેમ્પરેચર સામે આવ્યું હતું. અમદાવાદ એરપોર્ટથી ગાંધીનગર આવ્યા તે ઉબેર કેબના ડ્રાઇવરને પણ ૧૪ દિવસ કોરોન્ટાઈલ કરવામાં આવ્યો છે. આ વાતની ગાંધીનગરના મેયર પુષ્ટિ કરી છે.

રાજ્યની તમામ આરટીઓ કચેરી ૨૯ માર્ચ સુધી બંધ રહેશે

અમદાવાદ

કોરોના વાયરસના ગુજરાતમાં પગપેસારા વચ્ચે રાજ્યભરમાં આગમચેતીના પગલા લેવાઈ રહ્યાં છે. શોપિંગ મોલ, મલ્ટીપ્લેક્સ, જાહેર સ્થળો, પબ્લિક ગેધરિંગ, ખાણીપીણીના બજારો બધુ જ બંધ કરાવવામાં આવી રહ્યું છે. સરકાર દ્વારા વિવિધ સૂચનો રોજેરોજ બહાર પાડવામાં આવી રહી છે. ત્યારે કોરોના વાયરસ સંક્રમણ સંદર્ભે ગુજરાતની આરટીઓ (RTO) કચેરીઓ પણ બંધ કરવાની સૂચના આપી દેવાઈ છે. ત્યારે ડ્રાઈવિંગ લાઈસન્સ ટેસ્ટ, વાહનની નોંધણી બાદની અરજીઓ, ડ્રાઈવિંગ લાઈસન્સ ઈસ્યુ થયા બાદની વિવિધ અરજીઓ અંગેની કાર્યવાહી તારીખ ૨૯ માર્ચ, ૨૦૨૦ સુધી સ્થગિત કરી દેવાઈ છે. એટલે કે, રાજ્યની તમામ ૩૬ આરટીઓ ઓફિસ ૨૯ માર્ચ સુધી બંધ રાખવાની સૂચના અપાઈ છે.

તાજેતરમાં રાજ્યમાં કોરોનાને કારણે ઉપસ્થિત થયેલ પરીસ્થિતિમાં આરટીઓ કચેરી ખાતે જાહેર જનતાની મુલાકાતને નિયંત્રિત કરવું બહુ જ જરૂરી બન્યું છે. તેથી ડ્રાઈવિંગ લાઈસન્સ ટેસ્ટ, વાહનની નોંધણી બાદની અરજીઓ, ડ્રાઈવીંગ લાઈસન્સ ઈસ્યુ થયા બાદની વિવિધ અરજીઓ અંગેની કાર્યવાહી સ્થગિત કરી દેવાઈ છે. આ કામગીરી ૨૯ માર્ચ, ૨૦૨૦ સુધી સ્થગિત કરાઈ છે. જેને પગલે તમામ ૩૬ ઓફિસ બંધ રહેશે. જેથી અરજદારો માટે આરટીઓ કચેરી ખાતે કામ કાજ બંધ રહેશે. નાગરિકોને નોંધ લેવા વાહન વ્યવહાર કમિશ્નર દ્વારા જણાવાયું છે.

આજે જનતા કર્ફ્યૂ: તમામ એસટી બસના પૈડા થંભી જશે

ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલ 'જનતા કર્ફ્યુ'ની અપીલને રાજ્યોની સરકારો અને કેન્દ્રએ સિરિયલ લીધુ છે. રેલ્વે દ્વારા ૨૧ માર્ચની મધરાત્રેથી ૨૨ માર્ચ ૧૦ વાગ્યા સુધી ટ્રેનો રદ કરી છે. આ વચ્ચે ગુજરાત એસ.ટી. ડેપો દ્વારા જનતા કર્ફ્યુને ધ્યાનમાં રાખતા મોટો નિર્ણય લીધો છે. એસ.ટી નિગમે આગામી ૨૨ માર્ચે રવિવારે સવારે ૭ કલાકથી રાતના ૯ કલાક સુધી તેની તમામ બસ સેવા બંધ રાખવાનો નિર્ણય લીધો છે.

રવિવારે સવારે પાંચ વાગ્યા પહેલા ગંતવ્ય સ્થળે પહોંચી જતી બસોને જ શનિવારે રાત્રે જે તે ડેપોમાંથી રવાના કરાશે. જ્યારે પાંચ વાગ્યા પછી ગંતવ્ય સ્થળે પહોંચતી હોય તેવી તમામ બસોને શનિવારે રાતથી જ બંધ કરી દેવામા આવનાર છે. આ ઉપરાંત રાજ્યના કેટલાક વેપારી સંગઠનોએ સ્વંયભૂ બંધ પાળશે. જેને પગલે બજારોમાં સન્નાટો જોવા મળી રહ્યો છે.



કોરોના વાયરસ ફેલાવાના ભયને પગલે પુણા રોડ પર ભરાતી શાકભાજી માર્કેટમાં આજે મોટી સંખ્યામાં લોકો ખરીદી કરવા ઉમટી પડયા હોવાનું આ તસ્વીરમાં નજરે પડે છે.

કોરાનાની ગાઈડલાઈનનો ભંગ

રાજકોટમાં બે રેસ્ટોરાં સંચાલક, બે પાનના દુકાનદાર સામે ગુનો

રાજકોટ

રાજકોટમાં કેન્દ્ર તેમજ રાજ્ય સરકારની કોરોનાની ગાઈડલાઈનનો ભંગ કરવા બદલ બે રેસ્ટોરાં સંચાલક તેમજ બે પાનની દુકાનના માલિક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે. પોલીસે બે રેસ્ટોરાં સંચાલક અને બે પાનના દુકાનદારની અટકાયત કરીને નિયમ મુજબ કાર્યવાહી કરી છે.

રાજકોટ શહેરમાં કોરોનાનો પ્રસાર અટકાવવા માટે શહેર પોલીસ કમિશનરે જાહેરનામુ બહાર પાડ્યું છે, જેમાં WHO તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકારની કોરોનાની ગાઈડલાઈનનો પાલન કરવા નિર્દેશ કર્યો છે. તેમજ તેનું ઉલ્લંઘન કરનારા સામે કડક કાયદાકીય પગલાંની ચીમકી પણ ઉચ્ચારી છે. ગાઈડલાઈન મુજબ જ્યાં લોકોની વધુ અવરજવર હોય એવા જાહેર તથા ખાનીગ સ્થળો તેમજ તમામ હોટેલ, રેસ્ટરાં, ખાણીપીણીના સ્થળો, મીઠાઈ-ફરસાણની દુકાનો, ભોજનાલય વગેરે સ્થળોએ કોરોનાનું સંક્રમણ અટકાવવા સ્વચ્છતા જાળવવી, હેન્ડ વોશ (સેનિટાઈઝર) રાખવા, તેમજ બે ટેબલ વચ્ચેનું અંતર એક મીટરથી વધુ રાખવું.

આ ગાઈડલાઈનનું ઉલ્લંઘન કરવા બદલ આકરી કાયદાકીય કાર્યવાહી કરવાના આદેશ પણ અપાયા છે. રાજકોટ એ ડિવિઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ આ બાબતે પેટ્રોલિંગમાં હતો, એ સમયે બંસીધર રેસ્ટોરાં તેમજ મમતા ડાઇનિંગ હોલમાં આ ગાઈડલાઈનનો સ્પષ્ટ ભંગ જોવા મળ્યો હતો.

આથી આ બંને રેસ્ટારાં સંચાલક ભાવેશ સુરેશભાઈ મહેતા (ઉ.૪૨) તેમજ વિજય મોહનભાઈ માંગણી (ઉ.૩૯)ની સામે ગાઈડલાઈન ભંગનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

આ ઉપરાંત ભક્તિનગરમાં આવળ ડિલક્સ પાનના માલિક રવિ જયમલ ચૌહાણ (ઉ.૨૨) તેમજ તેમજ સોરઠિયાવાડી સર્કલ પાસે આવેલા સુરેશ પાનની દુકાનના માલિક નરેન્દ્ર ડાયાભાઈ ગાંભવા (ઉ.૪૭) સામે ગુનો નોંધી અટક કરી, પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શારજાહ ફ્લાઈટ પણ રદ

કોરોના વાઈરસને પગલે સુરતથી પાંચ શહેરોને જોડતી ફ્લાઈટ રદ કરાઈ

સુરત

સુરતથી દિલ્હી સહિતની ચાર ફ્લાઈટ ગઈકાલે રદ કરવામાં આવ્યા પછી આજે બીજા પાંચ શહેરોને સાંકળતી ફ્લાઈટ રદ કરવામાં આવી છે. જ્યારે ગઈકાલે રાતની શારજાહની આંતરરાષ્ટ્રીય પણ રદ કરવામાં આવી છે.

કોરોના વાઈરસને પગલે તકેદારીરૂપે ટ્રેન અને હવાઈ મુસાફરીના વિકલ્પો પ્રવાસીઓ માટે અત્યારે બંધ થઈ રહ્યાં છે. શનિવારની આજની સુરતથી ગોવા, જેસલમેર, ઉદયપુર, કલકત્તા અને દિલ્હીની ફ્લાઈટ રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

દેશના નાગરિકો બિનજરૂરી પ્રવાસ ટાળે અને પોતાના ઘરો મકાનોમાંથી બહાર નહિ નીકળે તે માટે મુસાફરીના વિકલ્પો અત્યારે બંધ થઈ રહ્યા છે. સુરતથી ગઈકાલે ગોવા, દિલ્હી, જેસલમેર અને ઉદેપુરની ફ્લાઈટ પણ રદ કરવામાં આવી હતી.

કોરોના વાઈરસને પગલે પટેલ પરિવારે ટેલિફોનિક બેસણું યોજ્યું

અમદાવાદ

શહેરના ઈસનપુર વિસ્તારમાં રહેલા એક આધેડના મૃત્યુ બાદ તેમના પરિવારે તેમના ટેલિફોનિક બેસણું કર્યું છે. હાલમાં વિશ્વભરમાં વસી રહેલા કોરોના વાઈરસને પગલે પરિવારે આ નિર્ણય લીધો છે. પરિવારે ન્યુઝ પેપરમાં બેસણાની એડ આપીને લોકોને જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રવિવારના રોજ જનતા કર્ફ્યુને માન આપતા અમે કોરોના વાઈરસને પગલે સવારે ૯થી ૧૧ ટેલિફોનિક બેસણું રાખેલ છે.

કોરોના વાઈરસને પગલે સરકારે એક સાથે ૪ લોકોને ઉભા રહેવાની ના પાડી છે. તેમજ જરૂરિયાત વગર પોતાના ઘરેથી પણ ન નીકળે તેવી સૂચના જાહેર કરી છે. જેને ધ્યાનમાં લેતા અમદાવાદમાં રહેતા આ પરિવાર પોતાના ઘરના સભ્યના મૃત્યુ બાદ તેમનું ટેલિફોનિક બેસણું યોજ્યું હતું. જેના કારણે સગાસંબંધી ઘરે બેસીને જ તેઓને શ્રદ્ધાજંલી અર્પિત કરી શકે અને વાઈરસ જેવા ખતરાથી પોતાને અને પોતાના પરિવારને બચાવી શકે.

જામનગરની જી.જી. હોસ્પિટલમાં તમામ સારવાર બંધ, ફક્ત ઈમરજન્સી સેવા જ ચાલુ

જામનગર

હાલ ગુજરાતમાં કોરોના વાયરસનાં એક બાદ એક પોઝિટિવ કિસ્સાઓ સામે આવી રહ્યા છે. છેલ્લા ૩૬ કલાકમાં ગુજરાતમાં કોરોનાનાં ૧૩ પોઝિટિવ કેસ સામે આવતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. કોરોના વાયરસને પગલે જામનગરની જી.જી. હોસ્પિટલ દ્વારા મોટો નિર્ણય કરવામાં આવ્યો છે. જામનગરની જી.જી. હોસ્પિટલમાં હવે ઈમરજન્સી સિવાયની તમામ સારવાર બંધ કરવામાં આવી છે.

જામનગરવાસીઓ હવે કોઈપણ સારવાર લેવા માટે તમે જી.જી. હોસ્પિટલ પહોંચશો તો તમારે ધક્કો ખાવાનો વારો આવી શકે છે. કેમ કે, કોરોના વાયરસના પગલે હોસ્પિટલ તંત્ર દ્વારા તમામ સારવાર બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જી.જી. હોસ્પિટલમાં ફક્ત હવે ઈમરજન્સી સારવાર જ ચાલુ રહેશે. અને ઈમરજન્સીમાં માત્ર ઓપરેશન જ કરવામાં આવશે. ઉચ્ચ કક્ષાએથી આવેલાં આદેશ બાદ હોસ્પિટલ તંત્રે આ નિર્ણય કર્યો છે.

તો બીજી બાજુ તા.૨૨ને રવિવારના રોજ વડા પ્રધાન મોદી દ્વારા જનતા કર્ફ્યુની અપીલ કરવામાં આવી છે ત્યારે જામનગરની જુદી-જુદી ૧૫ જેટલી વ્યાપારી-ઔદ્યોગિકસંસ્થાઓએ આ જનતા કર્ફ્યુ ને ટેકો આપવા નિર્ણય કર્યો છે. જામનગર શહેર તથા આસપાસના તમામ ઉદ્યોગકારો-વ્યાપારીઓને રવિવારે તેઓના ઉદ્યોગ-ધંધાઓ બંધ રાખી આ અભિયાનમાં ટેકો આપ્યો છે.

વિદેશથી પરત સુરત આવેલા

શહેરના ૪૫૯ અને ગ્રામ્ય વિસ્તારના ૬૮ લોકો હોમ કોરોન્ટાઈન કરાયા

સુરત

કોરોના વાઈરસના સંક્રમણ સંદર્ભે સુરત જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સને સંબોધતા જિલ્લા કલેક્ટરશ્રી ડો.ધવલ પટેલે જણાવ્યું હતું કે, કોરોના વાઈરસના ફેલાવાને રોકવા માટે લોકો સ્વયંશિસ્ત, સંયમ અને સ્વજાગૃત્તતાથી નાગરિકો રાજ્ય અને કેન્દ્ર સરકારના દિશાનિર્દેશોનું પાલન કરવામાં સહયોગ આપે તે જરૂરી છે.

નોવેલ કોરોના વાઈરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતા તકેદારીના ભાગરૂપે શહેર અને જિલ્લાના નાગરિકો શક્ય હોય ત્યાં સુધી બહાર હરવા ફરવાનું ટાળી પોતાના ઘરે જ રહે તે આવશ્યક છે. વિશ્વભરમાં સંક્રમિત કોરોના વાઈરસથી ઉભી થયેલી પરિસ્થિતીના કારણે માસ ગેધરીગ નહી કરવા અંગે સરકારની સુચનાને ગંભીરતાથી લઈ નાના મોટા તમામ મેળાવડાને ટાળવાનો તેમજ હીરા ઉદ્યોગ, ટેક્ષ્ટાઈલ, ડાઈંગ, એમ્બ્રોઈડરી યુનિટ્સના ઉદ્યોગકારો-વ્યાપારીઓએ તા.૨૯મી સુધી કામકાજ બંધ રાખવા કલેકટરશ્રીએ અનુરોધ કર્યો હતો.

કલેકટરશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વિદેશથી પરત ફરેલા શહેરના ૪૫૯ અને ગ્રામ્ય વિસ્તારના ૬૮ મળી કૂલ ૫૨૭ લોકોને હોમ કોરાન્ટાઈન કરાયા છે. જે પૈકી સરકારના ફરજિયાતપણે હોમ કોરન્ટાઈનના આદેશનું ઉલ્લંઘન કરનારા ચાર વ્યક્તિઓને સરકારી કોરન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે. કોરાના વાયરસનો વધુ ફેલાવો ન થાય તેની સાવચેતીના પગલાં રૂપે કલેકટર કચેરી ખાતે આવેલા જનસેવા કેન્દ્ર, જિલ્લાના તમામ મામલતદાર કચેરી ખાતે આવેલા જનસેવા કેન્દ્ર તથા રેશનકાર્ડની તમામ ઝોનલ કચેરીઓ, દસ્તાવેજ નોંધણીની સબરજીસ્ટ્રાર કચેરીઓ, આર.ટી.ઓ. કચેરી, એસ.સી., એસ.ટી, ઓ.બી.સી., બિનઅનામત વર્ગની કચેરી, ઈ-ધરા કેન્દ્રો જેવી સરકારી કચેરીઓ કોઈપણ પ્રકારની દસ્તાવેજી કામગીરી માટે તા.૨૯/૦૩/૨૦૨૦ સુધી બંધ રહેશે. જેથી જાહેર જનતાએ રેશનકાર્ડ, આધારકાર્ડ, જનસેવા કેન્દ્ર ઝોન ઓફિસને લગતી તમામ કામગીરી માટે સરકારી ઓફિસની મુલાકાત ટાળવાની અપીલ કરી હતી. ખાસ કિસ્સામાં સરકારી અધિકારીઓની પૂર્વ અપોઈન્ટમેન્ટ લઈ મળી શકાશે. અરજદારોએ સરકારશ્રીની વેબસાઈટ https://www.digitalgujarat.gov.in ઉપર ઓનલાઈન અરજી કરવી. રેવન્યુ કેસોમાં તા.૩૧ માર્ચ સુધીની મુદત રહેશે. નિરાધાર-વૃદ્ધ-દિવ્યાંગો સહિત રાજ્ય સરકારની માસિક સહાય-પેન્શન મેળવતા લાભાર્થીઓને એક માસનું પેન્શન એડવાન્સ અપાશે એમ તેમણે કહ્યું હતું.

તેમણે કહ્યું કે, પુરવઠા ખાતા હસ્તકની સસ્તા અનાજની દુકાનો પરથી અનાજ મેળવતા રેશનકાર્ડ ધારકોને એપ્રિલ મહિનાનું રાશન એડવાન્સમાં આપવામાં આવશે. શહેર-જિલ્લાની હોટેલો, રેસ્ટોરન્ટસ, ખાણી-પીણીની દુકાનો પણ ફરજીયાત બંધ રાખવાની રહેશે. પરંતુ હોમ ડિલીવરીની સેવા ચાલુ રાખી શકશે. આ ઉપરાંત આવશ્યક સેવાઓ જેવી કે, ડેરી, મેડિકલ તેમજ અન્ય જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓની દુકાનો ચાલુ રહેશે. શહેરીજનોને સોશ્યલ મીડિયામાં ફેલાવાતી જાણકારીની સત્યતા ચકાસવા અને અફવા ફેલાવતી પોસ્ટ ફોરવર્ડ ન કરવા જણાવી સંયમ તેમજ શિસ્તભર્યા વાતાવરણનું નિર્માણ કરી સરકારી તંત્રને સહયોગ આપવા પણ કલેકટરશ્રીએ અનુરોધ કર્યો હતો. પરસ્પર સાથ સહકાર અને જાગૃત્તિ દ્વારા કોરોનાનો મુકાબલો કરવા સક્ષમ બનીશું એમ જણાવી સમયાંતરે જિલ્લા વહીવટીતંત્ર અને મહાનગરપાલિકા દ્વારા કોરોના વાયરસની અધિકૃત જાણકારી ઓડિયો-વિડીયો સ્વરૂપે આપવામાં આવશે એમ તેમણે ઉમેર્યું હતું.

કલેકટરશ્રીએ વડાપ્રધાનશ્રીના રાષ્ટ્રજોગ સંબોધનનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, આગમી રવિવાર, તા.૨૨મી માર્ચના રોજ જનતા કર્ફ્યુમાં સ્વયંભૂ જોડાઈને સહકાર આપીએ. દેશમાં હાલ જીવનજરૂરી ચીજવસ્તુઓની કોઈ કમી નથી, તેમજ એવા સંજોગોનું નિર્માણ ન થાય તે માટે તંત્ર ખડેપગે છે. શહેરીજનોએ ભયગ્રસ્ત બનીને ઘર માટે વધારે પડતો ઘરગથ્થુ સમાન ખરીદવો નહિ. ઉદ્યોગગૃહો માનવીય અભિગમ અપનાવી ૨૨મી માર્ચના રોજ બંધ દરમિયાન પોતાના કર્મચારીઓ, કારીગરવર્ગ, રોજમદારોનું વેતન ન કાપે તેવી અપીલ તેમણે કરી હતી.

કોરોના વાયરસ: ગાંધીનગરમાં કલમ-૧૪૪ લાગૂ

ગાંધીનગર

કોરોના વાઈરસના કારણે સમગ્ર ગુજરાતમાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓ ભેગી ન થઈ શકે તે માટે રાજ્ય પોલીસ દ્વારા સમગ્ર રાજ્યમાં ૧૪૪ની કલમ લાગુ કરવામાં આવી છે, ત્યારે ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં પણ ૧૪૪ની કલમ લાગુ થઈ છે. આ ૧૪૪ની કલમ બાબતે ગાંધીનગર પોલીસ દ્વારા કઈ રીતના પગલાં લેવામાં આવી રહ્યાં છે, તે બાબતે ગાંધીનગરના ડીવાયએસપી એમ કે રાણા સાથે ખાસ ઈટીવી ભારતની વાતચીત પેશ છે.

ઉલ્લેખનીય છે કે, કોર્પોરેશન દ્વારા શુક્રવારે પત્રકાર પરિષદ કરીને ગાંધીનગરના તમામ લારીગલ્લા બંધ કરાવવાની સૂચના આપવામાં આવી હતી. જેને ધ્યાનમાં લઈને ગાંધીનગર પોલીસ દ્વારા પણ ગાંધીનગરના તમામ વિસ્તારોમાં ફરીને સાવચેતીના ભાગરૂપે બંધ કરાવવામાં આવશે, જ્યારે આજે વહેલી સવારથી જ ગાંધીનગર પોલીસને ક્યાંક ને ક્યાંક લારી-ગલ્લા બંધ કરાવવાની સફળતા મળી હોય તેવા પણ દ્રશ્યો ગાંધીનગરમાં સામે આવ્યા હતાં. આ ઉપરાંત ગાંધીનગરની રેસ્ટોરન્ટમાં પણ વધુ વ્યક્તિઓ એકઠી ન થઈ શકે તે માટે પણ ગાંધીનગર પોલીસને સ્ટેન્ડ બાય કરી દેવામાં આવી છે.

માસ્ક થકી ઝાયડસ કેડીલાના ડે.મેનેજર સાથે ૧૯ લાખની છેતરપિંડી

અમદાવાદ

સોશિયલ મીડિયા પર માસ્કની જાહેરાતો જોઈને ઓર્ડર આપતા પહેલા ચેતજો, કારણ કે બજારમાં એવા ગઠીયા પણ સક્રિય છે જેઓ નાણાં લઈને ફરાર થઈ જાય છે. ઝાયડસ કેડિલાના ડેપ્યુટી મેનેજર પણ આવી જ રીતે છેતરાયા છે. તેમને કોઈ ગઠીયો ૧૯ લાખ રૂપિયાનો ચૂનો ચોપડી ગયો છે.

ઝાયડસના ડેપ્યુટી મેનેજરે ફેસબૂક પર માસ્કની જાહેરાત જોઈ હતી. ત્યારબાદ તેમણે ૧.૩૫ લાખ માસ્કનો ઓર્ડર આપી દીધો હતો અને ૧૯ લાખ રૂપિયાનું ચૂકવણું પણ કરી દીધું હતું. છતાં માસ્ક ન મળતાં આખરે તેમણે સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

મહત્વનું છે કે કોરોનાની દહેશતને પગલે હાલમાં લોકો મોટી સંખ્યામાં માસ્કની ખરીદી કરી રહ્યા છે. ખાસ કરીને મોટી મોટી હોસ્પિટલો અને મેડિકલની દુકાનોના માલિકો જથ્થાબંધ માસ્ક બનાવવાના ઓર્ડર આપી રહ્યા છે. ત્યારે આવા ગઠિયાઓથી સાવધાન રહેવું જરૂરી છે.

કોરોના: અમદાવાદમાં હેલ્પલાઈન નંબર ૧૦૪ ઉપર ૧૫૦ ફરિયાદ મળી

અમદાવાદ

અમદાવાદમાં ૧૦૪ નંબરની હેલ્પ લાઈન નંબર પર ૧૫૦થી વધુ ફરિયાદો મળી છે. વિદેશમાંથી આવતા લોકો તપાસ નથી કરાવી રહ્યા અને તેઓ બજારોમાં અને બહાર ફરી રહ્યા હોવાની ફરિયાદ કરી છે. શંકાસ્પદ લક્ષણો હોવા છતાં વિદેશથી આવેલા લોકો બજારમાં ફરી રહ્યા હોવાની પાડોશીઓ દ્વારા ફરિયાદો મળી.

શહેરની કેટલીક સોસાયટીના રહીશોએ કોરોના માટેની ૧૦૪ નંબરની હેલ્પ લાઈન પર તેમની આજુબાજુ વિદેશથી આવેલા લોકો જાહેરમાં ફરતા હોવાની અને તેમના લક્ષણો શંકાસ્પદ હોવાની ૧૫૦થી વધુ ફરિયાદ મ્યુનિ.ને ૨૪ કલાકમાં મળી હતી.

ગાંધીઆશ્રમ પાસે વિદેશથી આવેલા કેટલાક લોકો હોવાની સ્થાનિકોએ ફરિયાદ કરી માગણી કરી હતી કે, આ લોકો ક્યાંથી આવ્યા છે અને તેમને ચેપ છે કે નહીં તેની તપાસ થવી જોઈએ. ફરિયાદ થયા પછી આવા લોકો ક્યાંક જતા રહ્યા હોવાનો સ્થાનિકોનો આક્ષેપ છે.

સુભાષબ્રિજ પાસે એક ફ્લેટમાં ઓસ્ટ્રેલિયાથી આવેલા પિતા-પુત્રીની તપાસ કરાવવા રહીશોએ માગણી કરતા વિવાદ થયો હતો. ઘાટલોડિયામાં પણ એક ફ્લેટમાં એક મહિલા કેનેડાથી આવ્યા બાદ કોઈ કાળજી નહી લેતા હોવાની ફરિયાદો મ્યુનિ.ને મળી હતી.

શહેરમાં વિદેશથી આવેલા લોકોને ચેપ ન હોય તો પણ ૧૪ દિવસ સુધી હોમ ક્વોરન્ટાઈનમાં રહેવાની સૂચના છે. જોકે આવા લોકો તેનું પાલન ન કરતાં હોય અથવા તો કોરોનાના લક્ષણો દેખાય તો કોઈ પણ વ્યક્તિ મ્યુનિ.ના હેલ્પ લાઈન નંબર ૧૫૫૩૦૩ પર તેમજ ૧૦૪ નંબર પર પણ ફરિયાદ કરી શકે છે. શુક્રવારે ૧૦ ફરિયાદ મળી હતી.



માંગરોળના ઝંખવાવ ખાતે કોરોનાને લઈ સેવાભાવી સંસ્થા દ્વારા જન જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત લોકોને નિઃશુલ્ક માસ્કનું વિતરણ કરી સાથે કોરોનાથી કઈ રીતે બચી શકાય એ માટે પત્રિકાની વહેંચણી કરવામાં આવી હતી.

સુરતમાં કોરોના વાયરસનો વધુ એક પોઝિટિવ નોંધાયો

સુરતમાં નવા નોંધાયેલા દરદીએ વિદેશ પ્રવાસ કર્યો નથી છતાં કોરોના વાયરસ પોઝિટિવ આવતા સરકારી તંત્રમાં હડકંપ

સુરત

સુરત સહિત ગુજરાતમાં ચિંતાજનક રીતે કોરોના વાયરસના વધતા કેસોથી સરકારમાં હડકંપ વધી ગઈ છે. સુરતમાં એક સુરતીમાં કોરોના વાયરસનો રિપોર્ટ પોઝિટિવ આવતા આરોગ્ય તંત્ર દોડતું થઈ ગયું છે અને આ દર્દી સાથે સંપર્કમાં આવનારા તમામ લોકોને સુરત આરોગ્ય તંત્ર કોરોન્ટાઈન કરી લીધા હોવાનું જાણવા મળ્યું છે.

સુરતમાં કોરોના વાયરસનો બીજો કેસ થયો હોવાનું નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જાહેર કર્યું હતું. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પણ જણાવ્યું હતું કે, સુરતમાં નોંધાયેલા આ પોઝિટિવ કેસમાં દર્દીએ વિદેશની યાત્રા કરી નથી. પરંતુ દિલ્હી અને જયપુરનો પ્રવાસ કરીને આ આવ્યો હોવાથી આ પ્રવાસ દરમ્યાન કોરોના વાયરસનું સંક્રમિત થયો હોવાનું માનવામાં આવી રહ્યું છે.

સુરત શહેરમાં કોરોના વાયરસને કારણે લોકોને ઘરબંધી માટેની સૂચના આપવામાં આવી રહી છે. કોરોના વાયરસની સામે સુરત શહેર અને જિલ્લાનું આરોગ્ય તંત્ર યુદ્ધના ધોરણે કામ કરી રહ્યું છે. સુરત શહેરમાં એક યુવતીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ હજુ પાંચ વ્યક્તિનો રિપોર્ટ આજે સાંજ સુધીમાં આવી જશે. શહેરમાં શંકાસ્પદ દર્દીનો આંક વધતો જાય છે. તંત્ર પણ આવા શંકાસ્પદ દર્દીઓના સંપર્કમાં આવેલીઓને તાકેદારી રાખવા માટે ઘરે જ હોમ કોરોન્ટાઈન રહેવાની સલાહ આપવામાં આવી રહી છે.

સુરત મહાનગર પાલિકાના આરોગ્ય વડા ડૉ. આશિષ નાયકના જણાવ્યા મુજબ કોરોના વાયરસને ધ્યાનમાં રાખીને અત્યાર સુધી કોરોન્ટાઈનમાં રખાયેલાને ૧૪ દિવસ બાદ રિલિઝ કરવામાં આવી રહ્યા છે. હાલ સુરતમાં કોરોના વાયરસની એક જ દર્દી છે. બીજા પાંચ શંકાસ્પદ દર્દીના સાંજ સુધીમાં રિપોર્ટ આવી જશે.

સુરત જિલ્લા પંચાયતના આરોગ્ય અધિકારી ડૉ. પિયુષ શાહના જણાવ્યા મુજબ સુરત જિલ્લો સુરક્ષિત છે હજુ સુધી એક પણ કોરોના વાયરસનો કેસ ડિટેક થયો નથી. તકેદારીના તમામ પગલાં ભરવામાં આવી રહ્યા છે.

મોડેથી મળતી માહિતી મુજબ સુરતમાં પણ એક દર્દીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. બાકીના રિપોર્ટ પણ ટૂંક સમયમાં આવી જશે.



સુરત કલેકટર કચેરી ખાતે નોવેલ કોરોના વાઇરસ (COVID-19)ના સંક્રમનને નિયંત્રણમાં લેવામાં થતા નિવારાત્મક પગલાંઓ બાબતે સુરત અને જિલ્લામાં તાત્કાલિક જરૂરિયાત આયોજન માટે સંકલન બેઠકમાં ગાંધીનગરથી નિમણુંક થયેલ શ્રી એમ.એસ.પટેલ (IAS), કેબિનેટ મંત્રીશ્રી ગણપતભાઈ વસાવા, સુરત કલેકટર શ્રી ધવલ પટેલ સાથે મ્યુન્સિપલ કમિશનર, પોલીસ કમિશનર, મેયર શ્રી સુરત મનપા, સાંસદશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓની ઉપસ્થિતિમાં સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી.

સુરતમાં કોરોના વધુ ત્રણ શંકાસ્પદ દર્દીઓ, બેનો રિપોર્ટ નેગેટિવ આવતા હાશકારો

સુરત

શહેરમાં કોરોનાના વધુ ૩ શંકાસ્પદ દર્દીઓ સામે આવ્યા છે. સ્લોવેસ્કીયાથી આવેલા અઠવાના યુવક, ઈન્ડોનેશિયાથી આવેલી મહિલા અને કોઈમ્બતુરમાં પોઝિટિવ દર્દીના સીધા સંપર્કમાં રહ્યા બાદ સુરત આવેલા યુવકને શંકાસ્પદ લક્ષણો જણાતા ત્રણેને આઈસોલેશન વોર્ડમાં દાખલ કરી તેમના સેમ્પલ તપાસ માટે મોકલવામાં આવ્યા છે. જ્યારે બે યુવકોના રિપોર્ટ નેગેટિવ આવતા તેમને ડિસ્ચાર્જ કરાયા છે.

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહેલા કોરોનાના વધુ ૩ શંકાસ્પદ દર્દીઓ સામે આવ્યા છે. અઠવા ઝોન વિસ્તારમાં રહેતો ૨૩ વર્ષીય યુવક સ્લોવેસ્કીયા ખાતે ગયો હતો અને ગઈ તા.૧૮ માર્ચના રોજ તે ભારત પરત આવ્યો હતો. હાલમાં તેને શરદી, ખાસી, તાવ જેવા શંકાસ્પદ લક્ષણો જણાતા તેને સિવિલ હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં દાખલ કરાયો છે અને તેના સેમ્પલ તપાસ માટે મોકલવામાં આવ્યા છે. તેવી જ રીતે વરાછા વિસ્તારમાં રહેતી ૨૭ વર્ષીય મહિલા ગઈ તા.૧૭ માર્ચના રોજ ઈન્ડોનેશિયા થી પરત આવી હતી. આ સાથે રાહતની વાત એ પણ છે કે અગાઉના બે યુવકના રિપોર્ટ નેગેટિવ આવતા તેમને રજા આપી દેવાઈ છે. અત્યાર સુધીમાં કુલ ૧૬ દર્દીઓ શંકાસ્પદ સામે આવ્યા હતા. જેમાંથી એક યુવતીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જ્યારે ૧૧ વ્યક્તિના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે અને હાલ ૪ દર્દીના રિપોર્ટ પેન્ડિંગ છે.

કોરોના વાઈરસ સંદર્ભે વલસાડના મુસ્લિમ અગ્રણીની અપીલ

મસ્જિદમાં રાખવામાં આવતા ટુવાલ પણ હટાવી લેવાયા

વલસાડ

વલસાડના મુસ્લિમ અગ્રણી ઝાહીદ દરિયાઇ કોરોના વાઈરસ સંદર્ભે જનતાને અપીલ કરતાં જણાવે છે કે, ચીનથી શરૂ થઈ ઈરાન અને ઇટાલી થઈ એશિયામાં આવ્યોર છે. એનાથી ગભરાઇ ન જતાં સતર્ક રહેવા અને કાળજી રાખવાની ખાસ જરૂરિયાત છે. છીંક આવે, માથું દુઃખે કે તાવ આવે તો તરત જ ડૉક્ટ રનો સંપર્ક કરવો. છીંક આવે ત્યાજરે મોઢું ઢાંકેલું રાખવું જોઇએ. સ્વ ચ્છ?તા ઉપર ધ્યાઈન આપીશું. તેમણે સરકાર તરફથી બહાર પાડવામાં આવેલી માર્ગદર્શિકાઓનો અમલ કરવાનું જણાવીને ઉમેર્યું હતું કે, ગમે ત્યાંટ થૂંકવું નહી, ગંદકી ફેલાવશું નહી, ઘણા ભેગા મળે ત્યાંક જશું નહી તો આ રોગ સામે આપણે ચોક્કસ રક્ષણ મેળવી શકીશું.

હાથના સંપર્કથી તે વધુ ફેલાય છે જેથી તેમણે નમસ્તેલ કરવા તેમજ વારંવાર સાબુથી હાથ ધોવા જોઈએ. તેઓ વધુમાં જણાવે છે કે, મસ્જિ દમાં રાખવામાં આવતા ટુવાલ પણ હટાવી લેવાયા છે અને મસ્જિહદમાં પણ સંપૂર્ણ સ્વધચ્છ થઈને જ આવે તેવી અપીલ કરવામાં આવી છે. કાળજી રાખી સામનો કરવા તેમજ અલ્લાહને પણ દુઆ કરીએ કે આ રોગને અટકાવી સૌને અમન અને શાંતિથી રાખે તેવી પ્રાર્થના કરવાની છે.

પાંડેસરાના ટુંડી ગામમાંથી હત્યા કરાયેલી લાશ મળી

સુરત

પાંડેસરાના ટુંડી ગામના અવાવરૂ જગ્યામાંથી અજાણ્યા વ્યક્તિની લાશ મળી આવી હતી. આ અજાણ્યા વ્યક્તિને અજાણ્યા વ્યક્તિએ માથાના ભાગે બોથડ પદાર્થ મારી મોઢુ તથા નાક દબાવી મોત નીપજાવ્યું હતું. આ ઘટના અંગે અલપરાજ ભુવનેશ્વર કુશ્વાહએ જાણ કરતા પાંડેસરા પોલીસે શરૂઆત અકસ્માત મોતની નોંધ કરી હતી. ત્યારબાદ મૃતકનો પીએમ રિપોર્ટ આવતા પાંડેસરા પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો હતો. પાંડેસરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ મૃતકની હજુ સુધી ઓળખ થઈ નથી. પોલીસ ટીમ બનાવી તપાસ કરવામાં આવી રહી છે.

સુરતમાં ત્રણ દિવસમાં હોસ્પિટલ તૈયાર થશે

સુરત

રાજ્યના આરોગ્ય મંત્રી કુમાર કાનાણી અને ધારાસભ્ય હર્ષ સંઘવીએ કોરોનાની અસરના પગલે નવી સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. આ દરમિયાન મેડિકલ કોલેજના ડિન અને સિવિલના ઓફિસરને વ્યવસ્થાઓમાં ઉણપ જણાતા ખખડ઼ાવ્યાં હતાં.સાથે જ ૭૨ કલાકમાં અલગથી ૧૦૦ બેડની હોસ્પિટલ શરૂ કરવાના કામને શ્રીફળ વધેરીને શરૂઆત કરાવી હતી.

૭૨ કલાકમાં સો બેડની હોસ્પિટલ તાત્કાલિક ધોરણે શરૂ કરવા માટે થઈને આરોગ્યમંત્રી કાનાણી અને હર્ષ સંઘવીની સુચના મુજબ શ્રીફળ વધેરીને કામ શરૂ કરાયું છે.મહાનગરપાલિકા અને કલેકટરના સંકલન હેઠળ ત્રણ દિવસમાં હોસ્પિટલ ઉભી કરો પ્રજાને અપીલ કરતા કહ્યું કે,કર્ફ્યુનો અમલ કરવો જરૂરી છે.હેલ્પ લાઈન માટે અને વિદેશથી આવતા એન.આર.આઈ જો આઈસોલેશનમાં નહીં જાય તો તેમની સામે કાયદાકીય પગલાં ભરવા હુકમ કર્યો છે. સિવિલ હોસ્પિટલમાં કરવાની સ્થિતિ છે એના માટે અન્ય દર્દીઓએ સામાન્ય દર્દીઓએ ખોટી ભીડ નહિ કરવી અને જે તે વિસ્તારનો ઉપયોગ કરવો,સીએસસી છે એ બધા અને વહીવટીતંત્રને પ્રજાને અપીલ કરી છે કર્ફ્યુમાં જોડાઈને સહકાર આપે.

૨૪-૨૫ માર્ચે ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં માવઠાની શક્યતા

ગાંધીનગર

કોરોનાના કેર વચ્ચે ખેડૂતો માટે સૌથી માઠા સમાચાર મળી રહ્યા છે. રાજયમાં એકબાજુ કોરોનાનો કહેર વધી રહ્યો છે, ત્યારે ખેડૂતો ચિંતિત બને તેવા અહેવાલ મળી રહ્યા છે. હાલ દેશ સહિત વિશ્વમાં એકપછી એક મુશ્કેલીઓ આવી રહી છે. ત્યારે રાજયના હવામાન વિભાગે મોટી આગાહી કરતા ૨૫ માર્ચે થન્ડર સ્ટોર્મ એક્ટિવિટી થવાની સંભાવના જણાવી છે. જેના કારણે ભરઉનાળે વાતાવરણમાં પલટો આવી શકે છે.

કોરોનાના કેર વચ્ચે ૨૫ માર્ચે થન્ડર સ્ટોર્મ એક્ટિવિટી થવાથી ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતના વાતાવરણમાં પલટો આવી શકે છે. એટલું જ નહીં, સૌરાષ્ટ્ર અને કચ્છના વાતાવરણમાં પણ પલટો આવવાની શક્યતા હવામાન વિભાગે કરી છે. બનાસકાંઠા, સુરત, વલસાડમાં હવામાન વિભાગે સામાન્ય વરસાદ પડવાની સંભાવના જણાવી છે. તે સાથે જૂનાગઢ, કચ્છમાં પણ ૨૫ માર્ચે સામાન્ય વરસાદ પડશે.

કોરોના વાયરસ અંગે સાવધાની

લાજપોર જેલમાં નવા આવેલા ૪૪ કેદીઓને અલગથી રખાયા

લાજપોર જેલમાં કેદીઓને આયુર્વેદિક ઉકાળાનું વિતરણ

સુરત

લાજપોર જેલમાં રહેતા તમામ કેદીઓ તથા જેલ સ્ટાફને આયુર્વેદ ઉકાળો તથા ટેબલેટ આપવાની શરૂઆત આયુર્વેદિક ડોક્ટરોની ટીમ દ્વારા કરવામાં આવી છે. જોકે, બહારથી નવા આવેલા ૪૪ કાચા કામના કેદીઓને જેલમાં ઉભા કરવામાં આવેલા બે કોરોન્ટાઈનમાં ખસેડવામાં આવ્યા હોવાનું જેલ અધિક્ષક એમ.એલ. નિનામાએ જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સમગ્ર ભારત સહિત વિશ્વના કુલ ૧૭૨થી વધુ દેશોમાં નોવેલ કોરોનાનો પગપેસારો થઈ ગયા બાદ ભારતમાં પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના લોકોને જાગૃત કરી અગમચેતીના પગલા લેવડાવ્યા છે. લાજપોર જેલમાં રહેલા તમામ કાચા પાકા તથા સ્ત્રી કેદીઓ તથા સ્ટાફ મળી કુલ ૪ હજાર લોકોને આયુર્વેદિક ઉકાળો તથા ટેબલેટ પાંચ દિવસ સુધી આપવામાં આવશે. આ ઉપરાંત ૪૪ નવા આવેલા કેદીઓને કોરોન્ટાઈન હોલમાં રાખવામાં આવ્યા છે.

જેલમાં કેદીઓની મુલાકાત પર પ્રતિબંધ

સુરત, નવસારી

પ્રવર્તમાન કોરોના વાઈરસના સંક્રમણ સંદર્ભે રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગના નિર્દેશ અનુસાર જેલમાં રહેલા બંદિવાનોને રૂબરૂ મુલાકાત આપવા અંગે લાજપોર મધ્યસ્થ જેલ દ્વારા નિયંત્રણ મુકવામાં આવ્યા છે. જેથી જેલમાં બંદિવાનોના સગાવહાલા, પરિવારજનો માટે હાલમાં જેલ પર તેમની મુલાકાત લેવા પર પ્રતિબંધ છે. જેથી સંબંધિતોએ બંદિવાનોની મુલાકાત માટે લાજપોર જેલ જવું નહીં. અનિવાર્ય સંજોગોમાં આ બાબતે જેલ અધિક્ષકશ્રીની ખાસ પરવાનગી લેવાની રહેશે. આ નિયંત્રણ દૂર થયેથી મુલાકાત નિયમિત કરવા પુનઃ જાહેર જનતાને જાણ કરવામાં આવશે એમ મનોજ નિનામાની લાજપોર મધ્યસ્થ જેલના અધિક્ષકશ્રીની યાદીમાં જણાવાયું છે.

ત્રણ વર્ષના દીકરાને ઝેરી દવા પીવડાવી માતાનો પણ આપઘાત

સુરત

શહેરમાં આપઘાતનો એક બનાવ સામે આવ્યો છે. આ બનાવમાં એક મહિલાએ પોતાના ત્રણ જ વર્ષના માસૂમ દીકરાની ઝેરી પીવડાવીને હત્યા કરી નાખી હતી. જે બાદમાં પોતે પણ આપઘાત કરી લીધો છે. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે પરંતુ આપઘાત પાછળનું કારણ બહાર આવ્યું નથી. પોલીસે મહિલા તેમજ તેના દીકરાની લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી છે. એક માતાએ ત્રણ વર્ષના ફૂલ જેવા સંતાનને મોતને ઘાટ ઉતારીને આપઘાત કરી લીધો છે ત્યારે માતાની એવી તો શું મજબૂરી રહી હશે તેણીએ આવું આત્યાંતિક પગલું ભર્યું હશે તેની ચર્ચા જાગી છે.

મળતી માહિતી પ્રમાણે સુરતના કાપોદ્રા વિસ્તારના સવજી કોરાટ બ્રિજ પાસે આવેલી રુક્ષ્મણી સોસાયટીમાં આ બનાવ બન્યો હતો. જ્યાં શિતલબેન ધડુકે પોતાના ત્રણ વર્ષના દીકરા પાર્થીવને ઝેરી દવા પીવડાવી દીધી હતી. જે બાદમાં પોતે પણ ઝેરી દવા પી ને આપઘાત કરી લીધો હતો. પ્રાથમિક તપાસમાં આપઘાત પાછળનું કારણ સામે આવ્યું નથી. આ મામલે કાપોદ્રા પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ પ્રમાણે મૃતક શિતલબેને (ઉં.વ.૩૪) પહેલા તેના ત્રણ વર્ષના દીકરા પાર્થીવને કોઈ ઝેરી દવા પીવડાવી દીધી હતી. જે બાદમાં કપડા અને ઓશિકા વડે તેનું મોઢું દબાવીને તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો. જે બાદમાં તેણે પણ ઝેરી દવા પી લીધી હતી. આ મામલે કાપોદ્રા પોલીસે વધારે તપાસ હાથ ધરી છે.

હોમ ક્વોરેન્ટાઈનના નિયમનો ભંગ કરનારને ક્વોરેન્ટાઈનમાં ખસેડાશે

આઈસોલેશન પ્રોટોકોલના ભંગ કરનારા વ્યક્તિ સામે કાયદેસરના પગલા ભરાશે

સુરત

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના જાહેરનામા ક્રમાંક NCV/102020/SF-1/G તા.૨૦-૩-૨૦૨૦થી મ્યુ. કમિશનર, સુરત મહાનગરપાલિકાને મળેલ સત્તાની રૂએ જણાવવામાં આવે છે કે હાલની કોરોના વાયરસની પરિસ્થિતિને ધ્યાને લઈ સુરત શહેરમાં વિદેશથી કે વિદેશ પ્રવાસ કરીને આવેલ નાગરિકોએ તેઓના આગમનની જાણ સુરત મહાનગરપાલિકાના ટોલ ફી નં.૧૮૦૦ ૧૨૩ ૮૦૦૦ પર અથવા સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www. surat municipal. gov.in પર મુકવામાં આવેલ સેલ્ફ ડેકલેરેશન ફોર્મ ઓનલાઈન ભરી જાણ કરવા જણાવવામાં આવે છે અને અત્રેની સૂચના અનુસાર હોમ ક્વોરેન્ટાઈન/આઈસોલેશનના પ્રોટોકોલનું પાલન કરવાનું રહેશે. જો કોઈ વ્યક્તિ કસૂરવાર જણાશે તો તેઓને ફરજીયાત અત્રેના ક્વોરેન્ટાઈન વોર્ડમાં ખસેડી એપીડેમીક ડીસીઝ એક્ટ ૧૮૯૭ની જોગવાઈ મુજબ મહતમ રૂા.૨૫૦૦૦ સુધીનો દંડ વસૂલ કરવાની કાર્યવાહી કરવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

કાગળ ઉપર ફ્લેટ બતાવી છેતરપિંડી કરનારા સામે સુરતના યુવાને નોંધાવી ફરિયાદ

બારડોલી

સુરત શહેર ખાતે રહેતા યુવાન કામરેજ તાલુકાનાં શેખપુર ગામે એસ્ટ્રોગ્રીન પ્રોજેકટમાં માસિક હપ્તેથી ફ્લેટ ખરીદ્યો હતો. જોકે આ પ્રોજેકટમાં ફ્લેટ બુકિંગ કરતાં તથા ચાર્ટડ એકાઉન્ટ તરીકે કામ કરતાં વ્યક્તિએ એકબીજાની મદદગારી કરી આ ફ્લેટનો દસ્તાવેજ કરી આપ્યો ન હતો. જેથી યુવાને ઘટના સ્થળે પહોંચી તપાસ કરતાં આ પ્રોજેકટ ઉપર સદર ફ્લેટની જગ્યા ખુલ્લી હોય કોઈપણ પ્રકારનું બાંધકામ થયું ન હતું. જેથી આ બંને શખ્સોએ યુવાન સાથે છેતરપિંડી કરતાં પોલીસ ફરિયાદ નોંધાય છે.

આ અંગે મળતી માહિતી અનુસાર સુરત શહેરના સગરામપૂરા વિસ્તારમાં શિવદર્શન રેસીડન્સીમાં રહેતા મુકેશભાઇ બલરામભાઈ આહિરે (૨૯) નાઓ રિક્ષા ચલાવી ગુજરાન ચલાવે છે. ૨૦૧૫ના વર્ષમાં એફ.એમ. રેડિયો કામરેજ તાલુકાનાં શેખપુર ગામે એસ્ટ્રોગ્રીન પ્રોજેકટમાં ૬ હજારના ૩૬ હપ્તા ભરી ઘરના માલિક બનવા માટેની જાહેરાત આવતા તેઓ એસ્ટ્રોગ્રીન ઓફિસ ખાતે પહોંચ્યા હતા. ત્યાં કમલેશભાઈ સવજીભાઈ બાલથા (રહે, શેખપુર, એસ્ટ્રોગ્રીન પ્રોજેકટ) નાઓ મળ્યા હતા. તેમણે તેમના ચાર્ટડ એકાઉન્ટ જગદીશભાઈ રતિલાલભાઈ બાબરિયા નાઓને મળવા માટે જણાવતા તેઓને મળતા તેમણે જણાવ્યુ હતું કે ૫૦૩ નંબર =નો ફ્લેટ ૭.૯૦ લાખમાં મળશે. ૬,૦૦૦ હજારના ત્રીસ હપ્તા ભર્યા બાદ લોનની પ્રોસેસ ચાલુ થશે. ત્યારબાદ ડાઉન પેમેન્ટ તરીકે ૪૦,૫૦૦ રૂ. ભર્યા હતા. ત્યારબાદ હપ્તાના ૨.૧૦ લાખ પણ ભર્યા હતા. મુકેશભાઈ સાથે છેતરપિંડી કરતાં મુકેશભાઈએ બંને વ્યક્તિઓ વિરુધ્ધ કામરેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

કોરોના વાયરસ સંદર્ભમાં

તાપી જિલ્લા કલેક્ટરે ધાર્મિક અગ્રણીઓ સાથે બેઠક યોજી

કોરોના સામે સાવચેતી રાખવા જિલ્લાના ધાર્મિક અગ્રણીઓની પણ નાગરિકોને એકસૂરે અપીલ કરાઈ

વ્યારા

તાપી કલેક્ટર આર.જે.હાલાણીએ કોરોના વાયરસ સંદર્ભે ધાર્મિક અગ્રણીઓની બેઠક બોલાવીતાપી જિલ્લામાં કોરોના વાયરસનો પગપેસારો થતો અટકાવવા માટે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી સૂચનાનો અમલ કરવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લેવાયેલા પગલાંને સંપૂર્ણ સહકાર આપવા અનુરોધ કર્યો હતો. બેઠકમાં ઉપસ્થિત હિંદુ-મુસ્લિમ, ખ્રિસ્તી અને સ્વામીનારાયણ સંપ્રદાયના સ્થાનિક ધાર્મિક અગ્રણીઓ તથા પ્રબુદ્ધ નાગરિકોએ કોરોના વાયરસ ન લાગે તે માટે નાગરિકોને વ્યક્તિગત રીતે રાખવાની થતી ચોક્કસાઈનું અનુપાલન કરવા માટે પણ એક સૂરે અપીલ કરી છે.

ખ્રિસ્તી સમાજના પ્રમુખ હરીશભાઈ ગામીતે કોરોનાની મહામારી સમગ્ર વિશ્વમાં પ્રસરી છે. કોરોના વાયરસના સંસર્ગમાં આવવાથી તે લાગું પડે છે. તેથી નાગરિકોની સલામતી માટે આગામી તા.૨૦ અને ૨૯ રવિવારના રોજ ચર્ચમાં કરાતી સામુહિક પ્રાર્થનાસભા રદ કરવાનું ઠરાવવામાં આવ્યુ હોવાનું જણાવી દરેક નાગરિકોને સ્વાસ્થ્યની વ્યક્તિગત રીતે તકેદારી રાખવા જણાવ્યું હતુ. બહારથી આવીને હાથ સારી રીતે હાથ ધોવા જોઈએ. કોઈ પણ માંદગીના લક્ષણ જણાઈ તો તુરંત જ તબીબને બતાવવું જોઈએ. તેમણે સામુહિક રીતે પણ કેટલીક બાબતોનો ચુસ્તપણે અમલ કરવો જોઈએ. મેળાવડામાં ના જવું જોઈએ. કોઈ પ્રસંગમાં જવાનું ટાળવું જોઈએ.

મુસ્લિમ સમાજના ધાર્મિક અગ્રણીશ્રી મુફતી ઈલ્યાસ ખાનપુરીએએ જણાવ્યુ કે,કોરોના બાબતે લોકઅપીલ કરતા જણાવ્યું કે, કોરોના વાયરસથી ગભરાવવાની જરૂર નથી પરંતુ સાવચેતી જરૂર રાખવી. કોઈને મળતી વખતે નમસ્કાર કે સલામ કરો, હસ્તધનુન ટાળો. ધાર્મિક કે સામાજિક પ્રસંગોનું આયોજન ન કરો અને જવાનું પણ થઈ શકે તો ટાળો. ખાંસી કે છીક આવે ત્યારે રૂમાલનો અવશ્ય ઉપયોગ કરો. સરકાર તરફથી પગલાં લેવામાં આવી રહ્યા જ છે આપણે પણ સરકારને સહયોગ આપીએ અને વખતોવખત સરકાર તરફથી કરવામાં આવતા સૂચનોનું ચુસ્તપણે પાલન કરો.

સ્થાનિક હનુમાન મંદિરના રામદાસ મહારાજશ્રીએ કોરોના બાબતે જનસંદેશ આપતા જણાવ્યું કે, કોરોનાનો પ્રભાવ વધતો જાય છે ત્યારે આપણે સૌએ સાવચેતીના પગલાઓનું ચુસ્તપણે પાલન કરવું જોઈએ. સરકાર દ્વારા આ માટે વ્યાપક પ્રચાર કરવામાં આવી રહ્યો છે તે ધ્યાને લઈ એ પ્રમાણે અમલ કરીએ. અફવાઓથી દૂર રહીએ. સામાજિક મેળાવડામાં જવાનું ટાળીએ. જાહેરમાં થુકવું નહી, નમસ્તે કે સલામની આદત પાડી એક સલામત અંતર જાળવીએ. ખોટી મુસાફરી કે અવરજવર ટાળવી જોઈએ. આપણે સૌએ સાથે મળીને આ પરિસ્થિતિનો સામનો કરવો જોઈએ અને સરકારને પણ સંપૂર્ણ સહયોગ આપવો જોઈએ.

કલેક્ટરશ્રી આર.જે. હાલાણીએ જિલ્લાના નાગરિકોને નાના મોટા ધાર્મિક મેળાવડા ન યોજવા અપીલ કરીને આપણા સૌના સામુહિક પ્રયાસો અને સંકલ્પથી સકારાત્મક ઊર્જાનો સંચાર કરી સરકારના પ્રયત્નોમાં સહકાર આપવો જોઈએ તેમ જણાવ્યું છે.

એકદમ ધ્યાનથી વાંચજો અને સાચવજો પ્લીઝ

● ઈટાલીની જનસંખ્યા માત્ર ૬.૫ (સાડા છ) કરોડ છે. ત્યાં દર એક કિલોમીટરમાં એવરેજ ૨૦૫ લોકો રહે છે.

● માત્ર ૩૫ દિવસ પહેલાં ૧૫ ફેબ્રુઆરીએ ઈટાલીમાં માત્ર ૩ કેસ હતાં, આજે ૨૦ માર્ચે ૪૭૦૦૦થી વધુ કેસ છે.

● માત્ર ૨૯ દિવસ પહેલા ૨૧ ફેબ્રુઆરીએ ઈટાલીમાં મૃત્યુઆંક ૧ હતો, આજે ૨૦ માર્ચે ૪૦૦૦થી વધુ છે.

હવે આપણી વાત કરીએ,

● ભારતમાં દર એક કિલોમીટરમાં એવરેજ ૪૫૦થી વધુ લોકો રહે છે. (ઈટાલી ૨૦૫)

● સુરત જેવા શહેરમાં દર એક કિલોમીટરમાં લગભગ ૧૩૦૦૦થી વધુ લોકો રહે છે. હા, તેર હજાર. (ઈટાલી ૨૦૫)

હવે રોગની ગંભીરતા સમજો.

ઈટાલી અને આપણી સ્વાસ્થ્ય સેવાઓ વચ્ચેનો ફરક પણ જાણો. આપણી સ્વાસ્થ્ય અને અન્ય વ્યવસ્થાઓ રોગને રોકવા માટે કદાચ સક્ષમ હશે પણ સંખ્યા ભયજનક થાય તો નિવારવા માટે કદાચ ટુંકી પડશે. ગમે તેટલી મહેનત કરશે તો પણ એક લેવલથી ઉપર સરકાર પણ કશું નહી કરી શકે.

વિચારો, ન કરે નારાયણને ઈટાલીની જેમ થયું તો કેટલા દવાખાનાઓ અને આઈસોલેશન સેન્ટરો ઉભા કરીશું ? એમાં કામ કરતો મેડિકલ સ્ટાફ પણ માણસ છે.

અત્યારે તો એક પકડાય છે એના પરિવાર સહિત તમામ લોકોને અલગ અલગ મુકી દે છે અને ૧૪ દિવસ ચેકીંગ થાય છે. જો આંકડો ભયજનક સ્થિતિએ પહોંચશે તો ?

કોણ કોને સંભાળશે ?

કોણ કોને સાચવશે ?

કોણ કોને હોસ્પિટલમાં લઈ જશે ?

કહેવું ન ગમે પણ રસ્તે રઝળતી લાશને કોઈ ઉંચકવા પણ ન આવે એવી સ્થિતિ સર્જાઈ શકે.

ઉંગ્યુ જેવા રોગમાં પણ હોસ્પિટલો ફૂલ થઈ જાય છે. ઉંગ્યુમાં તો જનરલ વૉર્ડમા એકસામટા દર્દીઓને પણ રાખી શકાય છે.

ઉપર આપેલાં તમામ આંકડાઓ અને વર્તમાન પરિસ્થિતિ વિશે એક મિનીટ આંખો બંધ રાખીને વિચારો. તમને ડરાવવા માટે નહી, ચેતાવવા માટે માહિતી આપી છે.

બહુ દુ:ખ છે કે હજુ થવું જોઈએ એટલા સાવચેત આપણે નથી થયાં, ગંભીરતા સમજો અને સ્વાસ્થ્ય વિભાગ તરફથી સમયે સમયે આવતાં આદેશોનું કડકાઈથી પાલન કરો. તમારું જીવન કિંમતી છે.

તિલકવાડાના હિંમતપુરા ગામે દેશી દારૂની ભઠ્ઠી પર જનતા રેડ બાદ સ્થાનિક પોલીસ દોડી



ગામમાં લગ્ન હોય બે પક્ષ વચ્ચે બબાલ થયા બાદ મામલો દારૂ પર જતાં હિંમતપુરા થી ૨ કીમી ના અંતરે ડુંગરાળ વિસ્તારમાં ચાલતી ભઠ્ઠી પર ગામ લોકો દોડ્યા બાદ પોલીસ આવી પહોંચી

(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

નર્મદા જિલ્લામાં ભલે દારૂ બાબતે પોલીસ સતર્ક હોય પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં ચાલતી દેશી દારૂની ભઠ્ઠીઓ બંધ થતી નથી ત્યારે ગઈકાલે તિલકવાડા ના હિંમતપુરા ગામમાં લગ્ન માં બોલાચાલી થયા બાદ મામલો દારૂ પર જતાં જનતા એ રેડ કરી ત્યાં ગામ થી દુર ડુંગરાળ વિસ્તારમા લક્ષમણ નાયક નામનો વ્યક્તિ દેશી દારૂની ભઠ્ઠી ચલાવતો હોય ગામલોકો એ ઘણી વાર ભઠ્ઠી બંધ કરવા ગ્રામ સભામાં પણ રજુઆત કરવા છતાં ગામ લોકોનું ન માનતા આખરે ગ્રામજનો એ ભઠ્ઠી પર રેડ કરી ત્યારબાદ પોલીસ બોલાવી હતી.ત્યારે આ ભઠ્ઠી કોના પીઠબળ હેઠળ ધમધમી રહી હતી એ હાલ તપાસનો વિષય બન્યો છે. ગામના લોકો એ ભેગા મળીને લક્ષમણ નાયક નામના વ્યક્તિની ચાલુ ભઠ્ઠીને તોડીને આશરે ૨૨ લીટર દેશી દારૂ પકડી વોસ નો નાસ કર્યો હતો ત્યારબાદ ઘટનાની જાણ તિલકવાડા પોલીસને થતાંજ પીએસઆઈ જે.એસ. વસાવા ટીમ સાથે ઘટના સ્થળે પહોંચી દારૂ કબજે કરી આરોપીની ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી કરી છે

કોરોના વાયરસને પગલે

તા.૩૧'મી સુધી શિબિરો યોજાશે નહીં રક્તની અછત સર્જાવાની ભીતી

રક્તદાન યોજતા મંડળો રક્તદાતાઓ અને હોસ્પિટલોને અપીલ

સુરત

સુરત રક્તદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટરનાં જનસંપર્ક અધિકારી નિતેષ મહેતા તેમની એક યાદી દ્વારા જણાવે છે કે હાલમાં, કોરોના વાયરસની મહામારીને પરિણામે સમગ્ર વિશ્વ ગંભીર પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે. ત્યારે આગામી દિવસોમાં સ્વૈચ્છીક રક્તદાન તેમજ રક્તની જરૂરીયાતવાળા દર્દીઓને રક્ત મેળવવાની પ્રવૃત્તિ ઉપર પણ તેની ગંભીર અસર જોવા મળનાર છે. તા.૩૧ માર્ચ સુધી શિબિર આયોજન શક્ય ન હોવાથી તદાનુસાર શહેરનાં સ્વૈચ્છીક રક્તદાતાઓને અત્રેથી સાવચેતીનાં પગલાં સહિત કેન્દ્ર ખાતે રક્તદાન કરી જવા તેમજ પોતાનાં મિત્રો અને અન્ય સંપર્ક ક્ષેત્રોમાં પણ તેનો પ્રચાર કરી રક્તની જરૂરીયાતવાળા દર્દીઓને સમયસર રક્ત મેળવી આપવાના ઉમદા કાર્યમાં સહયોગ આપવા અત્રેથી અપીલ કરવામાં આવી છે.

તદુપરાંત સુરત શહેરની હોસ્પિટલો અને તબીબોને અરજ કરવામાં આવે છે કે હાલ આ ગંભીર પરિસ્થિતિનાં કારણે રક્તના જથ્થાની અછત સર્જાઈ શકે છે અને આવનાર સમયમાં તો આ પરિસ્થિતિ હજુ પણ ગંભીર બની શકતી હોય, હોસ્પિટલો-તબીબોને અનુરોધ કરવામાં આવે છે કે જે ઈલેક્ટીવ સર્જરીઓ કે જેમાં રક્તની જરૂર પડતી હોય તે હાલ પુરતી મોકૂફ રાખવી કે જેથી ઈમરજન્સી અને નિયમિત રક્તની જરૂરીયાતવાળા દર્દીઓને લોહી મળી રહે. વધુમાં રક્તની જરૂરીયાતવાળા દર્દીઓને રક્તનાં વિવિધ ગ્રુપોની જરૂરીયાતની માહિતી અંગે કેન્દ્રનાં જનસંપર્ક અધિકારી નિતેષ મહેતા મો.નં.૯૮૨૫૧-૩૮૧૧૩ ઉપર સંપર્ક કરવા અત્રેથી જણાવવામાં આવે છે.

તા.૨૯'મી સુધી સુરત જિલ્લાના તમામ જનસેવા કેન્દ્ર બંધ

અરજદારો વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરી શકશે

સુરત

સુરતના કલેક્ટર ડો.ધવલ પટેલે જણાવ્યું છે કે, તાજેતરમાં વિશ્વભરમાં પ્રસારિત થયેલ કોરોના વાઇરસની હાડમારીના લીધે ઉભી થયેલી પરિસ્થિતીના કારણે માસ ગેધરીંગ નહી કરવા અંગે ભારત સરકારશ્રી તરફથી સુચના આપવામાં આવી છે તેના અંતર્ગત કોરાના વાયરસનો વધુ ફેલાવો ન થાય તેની સાવચેતીના પગલાં રૂપે જિલ્લા પુરવઠા કચેરી સુરત હસ્તકની તમામ ઝોનલ કચેરીઓ, કલેકટર કચેરી ખાતે આવેલા જનસેવા કેન્દ્ર, જિલ્લાના તમામ મામલતદાર કચેરી ખાતે આવેલા જનસેવા કેન્દ્ર તથા પુરવઠા ખાતા હસ્તકની રેશનકાર્ડ સંબંધિત કોઈપણ કામગીરી માટે તા.૨૧/૦૩/૨૦૨૦થી તા.૨૯/૦૩/૨૦૨૦ સુધી બંધ રહેવાની હોવાથી જાહેર જનતાએ રેશનકાર્ડ, આધારકાર્ડ, જનસેવા કેન્દ્ર ઝોન ઓફિસને લગતી તમામ કામગીરી માટે અરજદારોએ સરકારશ્રીની વેબસાઈટ https://www.digitalgujarat.gov.in ઉપર ઓનલાઈન અરજી કરવી.

આજે હીરા બજાર બંધ: માર્કેટો ૨૪'મી સુધી બંધ

હીરાના કારખાના માત્ર રવિવારે બંધ રહેશે

સુરત

કોરોના વાયરસને ધ્યાનમાં રાખીને આજે તા.૨૧-૩-૨૦૨૦ અને ૨૨-૩-૨૦૨૦ શનિ અને રવિવાર એમ બે દિવસ માટે હીરા બજાર બંધ રાખવા સુરત ડાયમંડ એસોસિએશન દ્વારા અપીલ કરવામાં આવે છે.

ડાયમંડ મેન્યુફેક્ચરિંગ ફક્ત એક દિવસ માટે તા.૨૨-૩-૨૦૨૦ રવિવારના રોજ રજા રાખશે ત્યાર પછી આગળના પગલાં પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સોમવારે લેવામાં આવશે. જ્યારે સુરતની ટેક્ષ્ટાઈલ્સ માર્કેટો દ્વારા આગામી તા.૨૪'મીના મંગળવાર સુધી બંધ જાહેર કરવામાં આવી હોવાનું ગઈકાલે બપોરે યોજાયેલી મીટિંગ બાદ ફોસ્ટાના અગ્રણીઓ દ્વારા જણાવાયું હતું.

મ્યુનિ. કમિશનરે પાઠવેલો સંદેશો

સુરત શહેરમાં બિન આવશ્યક વસ્તુ વેચતી દુકાનો ટૂંકમાં બંધ કરાવાશે

સુરતમાં વધુ એક કેસ પોઝિટિવ આવતા ટૂંક સમયમાં વધુ નિયંત્રણો લાગુ કરાવાશે

સુરત

કોરોના વાયરસની અસરથી હવે શહેરમાં શંકાસ્પદ દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. આજે બીજા દર્દીનો રિપોર્ટ પોઝિટિવ આવતા તંત્ર દોડતું થયું છે. ટૂંક સમયમાં જ શહેરમાં બિનજરૂરી ચીજવસ્તુઓની દુકાનો બંધ કરવાની જાહેરાત કરવામાં આવશે.

સુરત શહેરમાં અત્યાર સુધી કોરોનાના ૧૯ શંકાસ્પદ દર્દીઓ નોંધાયા છે. તે પૈકી બે દિવસ અગાઉ ૨૧ વર્ષીય યુવતી જે લંડનથી પાછી ફરી હતી તેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ગતરોજ નાનપુરા વિસ્તારનો વ્યક્તિ મહાવીર હોસ્પિટલમાં શંકાસ્પદ દર્દી તરીકે દાખલ થયો હતો. જેનો આજે રિપોર્ટ પોઝિટિવ આવતા તંત્ર વધુ સતર્ક થયું છે. આજે જે બીજો દર્દીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તે વ્યક્તિની કોઈ વિદેશ ટ્રાવેલ હિસ્ટ્રી ન હતી. પરંતુ નજીકના દિવસમાં દિલ્હી અને જયપુરનો પ્રવાસ કરી આવ્યો હતો. સુરત મહાનગરપાલિકા કમિશનર દ્વારા શહેરમાં બીન આવશ્યક હોય તેવી તમામ દુકાનો બંધ કરવાની સુચના આપવાના છે. માત્ર કરિયાણા, ફ્રુટ, શાકભાજી દૂધ અને દવાની દુકાનો જ ચાલુ રહેશે.

સાટાખતથી દુકાનનો સોદો કરી રૂા.૬૭.૬૦ લાખની ઠગાઈ

એક જ દુકાન બીજી પાર્ટીને વેચી મરાતા પોલીસ ફરિયાદ

સુરત

સરથાણા જકાતનાતા પાસે આવેલ વિકાસ શોપર્સ નામના પ્રોજેક્ટમાં દુકાન નં.જી-૩ અન્યન સાટાખતથી વેચાણથી આપી હોવા છતાં ફરિયાદી વેપારીને ટાઈટલ ક્લીયર હોવાનું જણાવી રૂપિયા ૬૭.૬૦ લાખ મેળવી દસ્તાવેજ નહીં બનાવી આપી ઠગાઈ કરાઈ હતી.

સરથાણા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ અલથાણ ચાઈના ગેટ-૧ ખાતે રહેતા વેપારી રાજ જયેશ ઈંડાએ આરોપી વિકાસ પ્રોકોન પ્રા.લિ. કંપનીના ડિરેક્ટર અરવિંદ મકા ગજેરા, હિમ્મત લાલજી સોજીત્રા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ વિકાસ શોપર્સની દુકાન નં.જી-૩ સંતોષ રામગોપાલ શરાફને સાટાખતથી લખી આપી હોવા છતાં પણ આ મિલકતનું ટાઈટલ ક્લીયર હોવાનું જણાવી ફરિયાદી પાસેથી રૂા.૬૭,૬૦,૮૩૨ મેળવી દસ્તાવેજ નહીં બનાવી આપી વિશ્વાસઘાત-છેતરપિંડી કરી હતી. સરથાણા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

ડાંગ જિલ્લામાં પણ સાવચેતી દાખવવા જનતા કરફ્યુનો અમલ

૧૪ કલાક લોકો એકબીજાના સંપર્કમાં નહીં આવેલા કોરોના વાયરસની સાંકળ તૂટી જશે

આહવા

વિશ્વ વ્યાપી મહામારી બની ગયેલ કોરોના વાઈરસ સામે બાથ ભીડવા દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૨ માર્ચ રવિવારના રોજ જનતા કર્ફ્યુ રાખીને સૌ દેશવાસીઓને અપીલ કરી છે. આ જનતા કર્ફ્યુ પાછળનો તર્ક એવો છે કે એક જગ્યાએ કોરોના વાઈરસનું આયુષ્ય માત્ર ૧૨ કલાકનું છે. તેથી કોરોના બચી ગયેલા જાહેર સ્થળોના સ્થળો અથવા બિંદુઓને ૧૪ કલાક સુધી સ્પર્શ કરવામાં આવશે નહીં અને આ સાંકળ તુટી જશે.

ડાંગ જિલ્લાના આગેવાનો, પ્રબુધ્ધ નાગરિકો, કલાકારો વિગેરે કોરોના વાયરસ પ્રત્યે જાગૃતિ આવે તે માટે સરકારશ્રીના અભિગમને સાર્થક બનાવી રહયા છે.

(૧) ઉત્પલભાઈ પુરોહિત (ડાયરેકટર,પ્રયાસ ગૃપ ઓફ મલ્ટી એકટીવીટીઝ) આહવાના રહેવાસી ઉત્પલભાઈએ જણાવ્યું હતું કે આપણે સૌ જનતા કર્ફ્યુમાં જોડાઈને આપણાં દેશને સુરક્ષીત રાખીશું. આપણાં દેશના નાગરિકોને બચાવવાનો આ એક સંનિષ્ઠ પ્રયાસ છે. જનતા કર્ફ્યુ માં જોડાઈને આપણે સૌએ કોરોના સામેની લડાઈમાં જીત મેળવી કોરોનામુક્ત ભારત બનાવીએ.

(૨) હેમંતકુમાર તુલસીરામ ભોયે (સરપંચશ્રી ગૃપ ગ્રામ પંચાયત પીપરી) એ ડાંગના લોકોને સંદેશ આપતા જણાવ્યું હતું કે સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવતા કોરોના સામે સાવધાની રાખવાની છે. આપણાં ગામને સ્વચ્છ બનાવીએ. હંમેશા સેનીટાઈઝરનો ઉપયોગ કરીએ. વધુ લોકોનો સમુહમાં કે સંપર્કમાં આવવું નહીં. જાહેરમાં થુંકવુ નહી. સ્વચ્છતા જાળવી આપણે સૌએ સરકારશ્રીના અભિયાનમાં જોડાવાનું છે.

એપીએમસી માર્કેટ દ્વારા શાકભાજી, અનાજ, કઠોળની ફ્રી હોમ ડીલવરી

પાલિકા દ્વારા ટોલ ફ્રી જાહેર કરાયા

સુરત

નોવેલ કોરોના વાયરસ (COVID19) કે જેને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. હાલમાં વિશ્વમાં ઘણા દેશોમાં નોવેલ કોરોના વાયરસ (COVID-39) નાં કેસો નોંધાવા પામેલ છે તેમજ ભારત દેશના ઘણા રાજયમાં તથા ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટમાં પણ આ અંગેના કેસો નોંધાયા છે.

કોરોના વાયરસનો ફેલાવો ન થાય તે માટે ભારત સરકાર / ગુજરાત સરકાર તરફથી સુચનાઓ અવારનવાર આપવામાં આવે છે. જેથી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં કોરોના વાયરસનો ફેલાવો ના થાય તે માટે socIAL DISTANCING થાય તે માટે સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં સહારા દરવાજા, સુરત બારડોલી રોડ પર આવેલા કૃષિબજાર - APMC માર્કેટ મારફત શાકભાજી, અનાજ, કઠોળની ફ્રિ હોમ ડીલીવરી પણ આપવામાં આવનાર છે. જે અંગે ફોન નં. ૦૨૬૧ - ૨૪૯૦૧૭૦, ૨૪૯૦૧૭૧ પર કોન્ટેક્ટ કરવાથી આવશ્યક ચીજવસ્તુઓ મળી શકશે.

કઠવાડાના ખેડૂતના ફળદ્રુપ ખેતરમાં અજાણ્યા ઈસમો કેમિકલના ઢગલા ખાલવી જતા ખેડૂતોમાં ભારે રોષ



સુરત જિલ્લા ના કઠવાડા ગામની સીમમાં કોસંબા માંગરોળ રોડ ની બાજુમાં આવેલ કઠવાડા ગામ ના ખેડૂતના ખેતરમાં કેમિકલ ખાલવી દેતા ખેડૂત સવારે ખેતરે જતા કેમિકલ ના ઢગલા જોઈને ખેડૂત તથા અન્ય ખેડૂતોમાં જાણ થતાં જ ખેડૂતોના ટોળે ટોળા ઘટના સ્થળે પહોંચી જઈ રોષ વ્યક્ત કરી આ બાબતે કોસંબા પોલીસ માં ફરિયાદ કરવાની ખેડૂતો તજવીજ હાથ ધરી રહ્યા છે

કોરોના માટે સેવાકાર્ય : વડિયા ગ્રામ પંચાયત તરફથી સેનેટાઈઝર જાતે બનાવી વિના મૂલ્યે વિતરણ : લગભગ ૫૦૦ લીટરનું વિના મૂલ્યે વિતરણ





કોરોના ના હાઉ વચ્ચે લોકો સેનેટાઈઝર માટે દોટ મુકે છે ત્યારે કેટલાક વેપારીઓ બેફામ ભાવ પણ લેતા હોય વડીયા ગ્રામ પંચાયત દ્વારા આવી કટોકટીમાં મફત સેવા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા નજીકના વડીયા ગામની ગ્રામ પંચાયત ના સદસ્યો સહિતના યુવાનો એ કોરોના જેવા વાયરસ ના હાઉ ટાણે ખુબજ લોક ઉપયોગી અને સેવાભાવી કાર્ય કરી મધ્યમ ગરીબ વર્ગના લોકો માટે ઉમદા કાર્ય કરી માનવતાનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે.

વડિયા ગ્રામ પંચાયત સદસ્ય ચંદ્રેશભાઈ પરમાર, વિજય ભાઈ વસાવા, સરપંચ મહેશભાઈ રજવાડી,તલાટી કમ મંત્રી દેવેન્દ્રભાઈ જોષી તથા પ્રજાજનો ના સહકાર થી કોરોના ના વાઈરસ ના ગભરાટ વચ્ચે અમે સેનેટાઈઝર જાતે બનાવી વડિયા ગામ તથા આસપાસની સોસાયટી ઓમાં નિઃશુલ્ક વિતરણ કરી આ સમયે અત્યંત જરૂરી અને ફાયદારૂપ સેનેટાઈઝર વડિયા ગ્રામ પંચાયત ખાતેથી વિતરણ કર્યું હતું.જેમાં લગભગ ૫૦૦ થી વધુ પરિવારોમાં ૫૦૦ લીટર આયુર્વેદિક પદ્ધતિ જેવુ સેનેટાઈઝરનું વિતરણ શનિવારે કરાયું હતું.અને હજુ આ સેવાકાર્ય ચાલુ રાખશે તેમ પણ જાણવા મળ્યું છે.ત્યારે કોરોના ના હાઉ વચ્ચે વડીયા ગ્રામ પંચાયત અને ગામના યુવાનો થકી કરવામાં આવેલી આવી સેવાકીય પ્રવૃત્તિ આ તબક્કે લોકો માટે ખાસ ઉપયોગી સાબિત થઈ છે.

કોરોના ઈફેક્ટ: રાજપીપળા શહેરમાં મુખ્ય બગીચા સહિત ખાણી-પીણી ની લારીઓ પણ બંધ



શુક્રવારે સાંજ થી નગર પાલીકા ટીમોએ મુખ્ય બગીચાની સાથે સાથે દરેક લારીઓ બંધ કરાવી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

કોરોના વાયરસના કારણે રાજપીપળા શહેરનો મુખ્ય બગીચો શુક્રવારે સાંજ થી બંધ કરવામાં આવ્યો છે સાથે સાથે બગીચા બહાર-અંદર ઉભી રહેતી તમામ ખાણી પીણીની લારીઓ પાલીકા ટિમ દ્વારા બંધ કરાવવામાં આવી હતી,નગર પાલિકા મુખ્ય અધિકારી જયેશ પટેલે કોરોની વાઈરસના સંભવિત ભયને ધ્યાને રાખી નાગરિકોના આરોગ્યની સલામતી જળવાય તે માટે આ નિર્ણય લીધો હોય માટે રાજપીપળા નગરપાલિકા હસ્તકનો બગીચો આગામી તા.૩૦/૩/૨૦૨૦સુધી જાહેર જનતાના ઉપયોગ માટે બંધ કરાયો હોય કોઈ પણ વ્યક્તિએ બગીચામાં પ્રવેશ કરવો નહી તેવા બોર્ડ પણ પાલીકા દ્વારા લગાવવામાં આવ્યા છે.

ગુજરાત પોર્ટલ હેઠળની તમામ સેવા તા.૨૯'મી સુધી બંધ

નવસારી

નવસારી જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રીમતી આદ્રા અગ્રવાલની યાદીમાં જણાવ્યાં અનુસાર તાજેતરમાં વિશ્વભરમાં પ્રસારીત થયેલા કોરોના વાયરસની હાડમારીના લીધે ઉભી થયેલી પરિસ્થિતિ તેમજ ભારત સરકારશ્રી તરફથી સૂચના અનુસાર કોરોના વાયરસનો વધુ પ્રસાર ન થાય તેની સાવચેતી માટે કલેકટ કચેરીના જનસેવા કેન્દ્ર, જિલ્લા પુરવઠા કચેરી તથા મામલતદાર કચેરીઓ ખાતે આવેલી જનસેવા કેન્દ્રો તથા જિલ્લામાં આવેલી તમામ મામલતદાર કચેરી ખાતે ચાલતી ડિઝીટલ ગુજરાત પોર્ટલ હેઠળની તમામ સેવાઓ તથા રેશનકાર્ડ વિગેરે સેવાઓની કામગીરી તા.૨૧/૦૩/૨૦૨૦ થી તા.૨૯/૦૩/૨૦૨૦ સુધી બંધ રહેવાની હોય જેની જાહેર જનતાને નોદ્ધ લેવા જણાવાયું છે.

૧૧ ગોરગામ બેઠકની પેટા ચૂંટણી મોકૂફ

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા વલસાડ તાલુકા પંચાયતમાં સમાવિષ્ટન ૧૧-ગોરગામ મતદાર મંડળની ખાલી પડેલી બેઠકની પેટા ચૂંટણી તા.૨૨/૩/૨૦ અને મતગણતરી તા.૨૪/૩/૨૦ના રોજ યોજવામાં આવનાર હતી. તાજેતરમાં નોવેલ કોરોના વાઈરસની આપત્તિની સંભવિત ગંભીરતાને ધ્યાને લઈ ભારતના સંવિધાનન અનુચ્છેદ ૨૪૩(ડ) તથા ૨૪૩ (વ,ક) તથા ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની જોગવાઈઓ હેઠળ રાજ્યવ ચૂંટણી આયોગે ઉક્તક પેટા ચૂંટણી કાર્યક્રમ હાલ પૂરતો મોકૂફ રાખવામાં આવ્યો છે. મુક્ત મતદાન માટે સામાન્યે પરિસ્થિ તિ થતાં ચૂંટણી પ્રક્રિયા હવે પછી રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા નક્કી થાય તે કાર્યક્રમ મુજબ હાથ ધરવામાં આવશે, તેમ વલસાડના નિવાસી અધિક કલેક્ટ્ર દ્વારા જણાવાયું છે.

કોરોના વાયરસને પગલે નર્મદા જિલ્લામાં ૧૪૪ની કલમ લાગુ કરાઈ

(ભરત શાહ દ્વારા) -
રાજપીપળા :

હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ COVID-19 ના કુલ-૧૨૬ થી વધારે કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકાર દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ COVID- 19 ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને નોવેલ કોરોના વાયરસ COVID-19 ના ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવરવાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂં નર્મદા જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એચ.કે.વ્યાસે તેમને મળેલી સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ- ૩૭(૪) હેઠળ નર્મદા જિલ્લાના સમગ્ર વિસ્તાર માં તા. ૨૦/૩/ ૨૦૨૦ ના કલાક ૦૦.૦૦ થી તા. ૩૧/૩/ ૨૦૨૦ ના કલાક ૨૪.૦૦ સુધી કેટલાંક નિયંત્રણો મૂકવાનો હુકમ કર્યો છે.

મોલ, પાર્ટી પ્લોટ, સ્વિમિંગ પુલ, જિમ, ડાન્સ ક્લાસ, પાન-તમાકુની દુકાનો બંધ રાખવા આદેશ

નોવેલ કોરોના વાયરસ COVID-19 ને અનુલક્ષીને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ તરફથી નર્મદા જિલ્લામાં કેટલાક નિયંત્રણો માટે પ્રસિધ્ધ કરાયેલું જાહેરનામુ

તદુપરાંત સમગ્ર નર્મદા જિલ્લામાં જાહેર સ્થળોએ સક્ષમ સત્તાધિકારીની પૂર્વ લેખિત પરવાનગી વગર કોઈ પણ પ્રકારના સભા, સરઘસ, સંમેલન કે મેળાવડા કે લોકમેળા કે જે પ્રસંગે વિશાળ સંખ્યામાં લોકો એકત્રિત થાય તેવા કોઈ આયોજન કરવા નહિ કે આવા આયોજનમાં વિશાળ સંખ્યામાં લોકોએ હાજર રહેવું નહિ. મોલ, મલ્ટીપ્લેક્સ, સિનેમા અને નાટ્યગૃહો કે જયાં મોટી સંખ્યામાં લોકોની અવર-જવર થતી હોય તેવા તમામ સ્થળો જાહેર જનતા માટે બંધ રાખવા, જીમ, સ્પોર્ટસ, કોમ્પ્લેક્ષ, સ્વીમીંગ પુલ, ડાંસ ક્લાસીસ, ગેઈમ ઝોન, ક્લબ હાઉસ કે જેમાં મોટી સંખ્યામાં લોકોની અવર-જવર થતી હોય તેવા તમામ સ્થળો જાહેર જનતા માટે બંધ રાખવા, પાન-માવાના ગલ્લાઓ, સિગારેટ-બીડીની દુકાનો તથા આ પ્રકારની ચીજ વસ્તુઓનું વેચાણ કરતી દુકાનો કે જયાં મોટી સંખ્યામાં લોકોની અવર-જવર રહેતી હોય તેવી તમામ દુકાનો બંધ રાખવાની રહેશે, શૈક્ષણિક સંસ્થાઓ, ટ્યુશન ક્લાસ વગેરે સ્થળોએ તમામ પ્રકારનું શૈક્ષણિક કાર્ય બંધ રાખવા, તમામ હોટલો, રેસ્ટોરન્ટ, ખાણીપીણીના સ્થળો, મિઠાઈ-ફરસાણની દુકાન, ભોજનાલય તથા તમામ ખાનગી સ્થળો કે જ્યાં મોટી સંખ્યામાં લોકોની ભીડ થતી હોય તો તેવા જાહેર સ્થળોના સંચાલકોએ કોરોના વાયરસ COVID-19 ને ફેલાતો અટકાવવા માટે સરકારશ્રી તરફથી જાહેર કરવામાં આવેલ માર્ગદર્શિકા મુજબ જરૂરી હાઈજીનની વ્યવસ્થા કરી પુરતી તકેદારી રાખવાની રહેશે. કોઈપણ વ્યક્તિ/સંસ્થા કોરોના વાયરસ અંગેની કોઈપણ પ્રકારની અફવા, પ્રિન્ટ કે સોશિયલ મીડીયા મારફતે ફેલાવશે તો તે ગુન્હો ગણાશે અને તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

નર્મદા જિલ્લામાં તમામ જીમ્નેશિયમ, વોટર પાર્ક, ઓડીટોરીયમ, એમ્યુઝમેન્ટ પાર્ક, પાર્ટી પ્લોટ, લગ્ન હોલ, લગ્નવાડી, ગેમ ઝોન બંધ રાખવાના રહેશે. જો કોઈ મુસાફર જાહેર થયેલ કોરોના વાઈરસ પોઝીટીવ વિસ્તાર/ દેશમાંથી છેલ્લા ૧૪ દિવસમાં મુસાફરી કરીને આવેલા હોય તો તેમને નજીકની સરકારી હોસ્પિટલ / નર્મદા જિલ્લા કક્ષાએ કંટ્રોલ રૂમ ખાતે ૨૪ કલાક કાર્યરત ફોન નંબર ૦૨૬૪૦-૨૨૧૮૦૬ અથવા હેલ્પ લાઈન નં.૧૦૪ ઉપર ફરજીયાત જાણકારી આપવાની રહેશે.આ જાહેર નામું નર્મદા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં લાગુ પડશે.આ હુકમની તા. ૨૦/૦૩/૨૦૨૦ થી તા.૩૧/૦૩/ ૨૦૨૦સુધી રહેશે. સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે અન્ય સરકારી કે અર્ધસરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તથા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહિ.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષક થી પોલીસ સબ ઈન્સ્પેક્ટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ ફરિયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવેલ છે, તેમ ઉકત જાહેરનામા માં જણાવાયું છે.

સુરતમાં મોટાભાગના રસ્તા પર સન્નાટો વ્યાપ્યોઃ શાકભાજી લેવા ભારે ભીડ ઉમટી

સુરત

કોરોનાથી બચવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે જનતા કરફ્યુની અપીલ કરી છે. તેનો પ્રતિસાદ આજે સવારે સુરતમાં જોવા મળ્યો છે. આજે વહેલી સવારે સુરતના મોટા ભાગના રસ્તાઓ સુમસામ દેખાયા હતા.

રોજ ટ્રાફિકથી ધમધમતો રીંગરોડ વિસ્તાર આજે વહેલી સવારે ખાલીખમ જોવા મળ્યો હતો. કલેક્ટરે ખાણી પીણીની દુકાનોમાં માત્ર પાર્સલની જ છુટ આપી હતી છતાં કેટલીક ફરસાણની દુકાનો પર લોકો નાસ્તો કરતા જોવા મળ્યા હતા. આવી દુકાનો સામે હવે મ્યુનિ. તંત્ર આકરા પગલાં ભરશે તેવી ચીમકી આપી છે.

સુરતમાં પાર્લે પોઈન્ટની એક યુવતીને કોરોના પોઝીટિવ આવ્યા બાદ ગઈ કાલે વધુ ત્રણ શંકાસ્પદ દર્દી મળતાં તત્રાએ કોરોનાથી બચવા માટે અનેક ઉપાય શરૂ કરી દીધા છે. દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે જનતા કરફ્યુની અપીલ લોકોને કરી છે. સોશ્યલ મિડિયા પર આ અપીલને ભારે પ્રતિસાદ મળી રહ્યો છે. તો બીજી તરફ સુરતના રસ્તાઓ પર વડા પ્રધાનની અપીલની અસર જોવા મળી રહી છે. ટ્રાફિકથી ધમધમતાં, અડાજણ રોડ, રીંગરોડ, પાર્લે પોઈન્ટ જેવા વિસ્તારમાં વહેલી સવારે વાહનોની અવર જવર મોટી સંખ્યામાં જોવા મળે છે. તે રોડ પર ભાગ્યે જ વાહનો જોવા મળીરહ્યાં છે. રસ્તા પર ઓછી ભીડ જોવા મળી રહી હતી પરંતુ વહેલી સવારે શાકભાજી અને દુધનું વેચાણ થાય છે. તે જગ્યાએ લોકોની ભીડ જોવા મળી હતી.



હજારો ગરીબોના આશ્રયદાતા, ગરીબો, આદિવાસીઓ, દલિતો, મુસલમાનો, ગરીબ સવર્ણોની શિક્ષણની ભૂખ પૂરી કરી આપનાર. આશ્રમશાળાઓ, પ્રાથમિક, માધ્યમિક શાળાઓ, કોલેજો, તાલિમી સંસ્થાઓ/ આદિવાસી સેવા સંઘન સ્થાપક, સાચા હમ દર્દ માન. પૂ. સ્વ.રત્નસિહજી મહિડા સાહેબને એમની પુણ્ય તિથિએ હજારોવાર નમન.

કરશન રોહિત(કે કે રોહિત) વર્ષ-૧૯૭૦થી ૧૯૭૪.
સૂર્ય મંદિર કોલેજ હોસ્ટેલ .રાજપીપળા. હાલ -ભરૂચ.
૯૪૨૯૩૩૭૦૯૮

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN
તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત
GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X
For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456
ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

પરમકૃપાળુ શ્રી જગદીશાનંદજી (રંગબાળ)ની પ્રેરણાથી www.connectindians.inના કંપની કોડ 99999999ની તમામ આવક શ્રી રંગ અવધૂત બાપજીના નામે ચેરીટેબલ સંસ્થા ખોલી લોક કલ્યાણની પ્રવૃત્તિઓમાં વપરાશે જેની સૌએ નોંધ લઈ આ કોડ સાથે જોડાવાની અરજ કરીએ છે : ધનંજય ઝવેરી

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઇ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને જીતો



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત
MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ
MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો 9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 650
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટરઃ** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટરઃ** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટરઃ** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટરઃ** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 99999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)